અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 03 ઓગષ્ટ 2026 સોમવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 5

વર્ષ : 18
અંક : 35


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
પેરુમાં ટૂરિસ્ટ પ્લેન ક્રેશ, ક્રૂ સહિત 13ના મોત : 2000 વર્ષ જૂની નાઝકા લાઈન્સ જોવા ગયા હતા; મૃતકોની ઓળખ થઈ શકી નથી

4 
ગેર વહિવટનો વરસાદ : તંત્ર ભ્રષ્ટાચારમાં અને શહેરો પાણીમાં ડૂબેલા છે,

6 
PM મોદીને ગાળો આપવા પર ભૂમિ પેડનેકર નારાજ થઈ : કહ્યું- આપણી સંસ્કૃતિ નથી

7 
ભારતીય શેરબજારમાં 4 મહિના પછી વિદેશી રોકાણકારો પરત ફર્યા : જુલાઈમાં ₹20,200 કરોડની ખરીદી કરી; વધુ સારા વેલ્યુએશન અને કોર્પોરેટ કમાણીથી બદલાયું વાતાવરણ

### ચાકુ લઈને ઘુસ્યો વ્યક્તિ, જુતા ફેંક્યા

## ચાલુ પ્રેસ કોન્ફરન્સમાં પપ્પુ યાદવ પર જીવલેણ હુમલો

### સમર્થકોએ ધીબેડી નાખ્યો; સાંસદે સંસદ પરિસરમાં દાન ચોરીનું નાટક કર્યું હતું

**નવી દિલ્હી, તા.02**

બિહારના પૂર્ણિયાથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પર તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાને એક વ્યક્તિએ હુમલો કર્યો. પપ્પુ યાદવ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા, તે દરમિયાન એક વ્યક્તિએ તેમના પર જૂતું ફેંક્યું. આ પછી પપ્પુના સમર્થકોએ તેની સાથે મારપીટ કરી. પપ્પુએ આરોપ લગાવ્યો કે એક યુવકે ચાકુ લઈને તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે કેટલાક બાબા રોજ કહે છે - મને મારી નાખો, બાળી નાખો, અમે 51 લાખ આપીશું. અમે એક વ્યક્તિને પકડીને પોલીસને હવાલે કર્યો. પોલીસ આરોપીને પકડીને લઈ ગઈ છે. તેની વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. આ પહેલાં વારાણસીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને બે સાંસદો પપ્પુ યાદવ અને અવધેશ પ્રસાદ વિરુદ્ધ FIR નોંધાઈ છે. આ રિપોર્ટ દિલ્હીમાં સંસદ ભવનની બહાર રામ મંદિર દાન ચોરી પ્રકરણમાં નાટક કરવા વિરુદ્ધ થઈ છે. સંતોએ જણાવ્યું કે સંસદમાં દાન ચોરીના નામે જે કંઈ પણ બતાવવામાં આવ્યું.



#### લખનઉમાં હિંદુવાદી નેતાએ કહ્યું હતું કે- પપ્પુ યાદવનું માથું લાવનારને 51 લાખ આપશે

લખનઉમાં સનાતન રક્ષા સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ અનુરોધ રાયે ચેતવણી આપતા કહ્યું કે- પપ્પુ યાદવના પાપોનો અંત આવી ગયો છે. સજાનો સમય આવી ગયો છે. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પણ સનાતન વિરોધી છે. જો આ લોકોએ માફી નહીં માંગી તો સનાતન રક્ષા સંગઠન જીભ ખેંચીને ખીલા સાથે બાંધી દેશે.

#### 'ભગવાન રામનું પણ અપમાન કર્યું'

સંગઠનના સભ્ય શૈલેન્દ્ર કુમાર દીક્ષિતે કહ્યું- પપ્પુ યાદવે જે નાટક કર્યું છે, તે સહન કરવામાં આવશે નહીં. તે જ્યાં પણ દેખાશે, તેને ટકો કરાવીને ચપ્પલ વડે મારવામાં આવશે. જે કંઈ પણ થયું, તે ભગવાન રામનું અપમાન છે. ત્યાં એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે રામ મંદિરમાં બધા લોકો ચોર છે. વિપક્ષના નેતા ગંદી રાજનીતિ કરી રહ્યા છે. અખિલ ભારતીય સંત સમિતિના સભ્ય સ્વામી જીતેન્દ્રાનંદ સરસ્વતીએ કહ્યું- વિપક્ષી નેતાઓની રાજકીય લડાઈ ભાજપ સાથે હોઈ શકે છે. પરંતુ, સાધુ-સંતોનો વેશ ધારણ કરીને ભગવા અને સનાતન પરંપરાનું અપમાન સહન કરવામાં આવશે નહીં.'

#### 'પપ્પુનો અંતિમ સમય આવી ગયો'

જે રીતે ભગવા કપડાં પહેરીને પપ્પુ યાદવે સંસદ પરિસરમાં સનાતનનું અપમાન કર્યું છે, તેનાથી અમારી ભાવનાઓને ઠેસ પહોંચી છે. અમારો આખો સમાજ નારાજ છે. તેમને ચેતવણી આપતા કહેવા માંગુ છું કે તમારા પાપોનો અંત આવી ગયો છે. સજાનો સમય આવી ગયો છે. અનુરોધ રાયે કહ્યું- વિપક્ષના નેતાઓ ખાસ કરીને રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પણ સંપૂર્ણપણે સનાતન વિરોધી છે. આ લોકોએ પણ એ જ પાપ કર્યું છે, જે પપ્પુ યાદવે કર્યું. બધા સમાન ભાગીદાર રહ્યા. એટલા માટે અમે તેમનો પણ ખુલ્લેઆમ વિરોધ કરીએ છીએ.

## 25 છગ્ગા ને 15 ચોગ્ગા, 91 બોલમાં 233 રન : પંજાબની ધરતી પર ગર્જ્યું અભિષેક શર્માનું બેટ

**પંજાબ, તા.02**

ભારતીય ટીમના ઓપનર અભિષેક શર્માએ પંજાબ ઈન્ટર-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટની એક વન-ડે મેચમાં બેવડી સદી ફટકારી છે. અમૃતસર મેન્સ સિનિયર ટીમ તરફથી રમતા અભિષેકે તરન તારન મેન્સ સિનિયર ટીમ સામે આ પરાક્રમ કર્યું. તેની આ ઈનિંગ્સને કારણે અમૃતસરની ટીમે 50 ઓવરમાં 500 રનનો આંકડો પાર કરી લીધો. અભિષેકે આ મેચમાં 91 બોલનો સામનો કરીને 233 રનની ઈનિંગ રમી. તેણે 250થી વધુના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. પોતાની ઈનિંગ દરમિયાન તેણે 15 ચોગ્ગા અને 25 છગ્ગા ફટકાર્યા. એટલે કે તેણે માત્ર બાઉન્ડરીથી જ 202 રન બનાવ્યા. આ મેચમાં અભિષેકની ડબલ સેન્ચુરી અને અભય ચૌધરીની 91 રનની ઈનિંગના દમ પર અમૃતસર મેન્સ સિનિયર ટીમે 50 ઓવરમાં 8 વિકેટે 533 રનનો વિશાળ સ્કોર બનાવ્યો.

**ખરાબ ફોર્મ પછી જોરદાર વાપસી**

તાજેતરના સમયમાં અભિષેક શર્મા ભારતીય ટીમ માટે ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહ્યો હતો. T20 ઈન્ટરનેશનલ ક્રિકેટની છેલ્લી સાત ઈનિંગ્સમાં તે એક પણ અડધી સદી ફટકારી શક્યો નથી. ઝિમ્બાબ્વે સામેની તાજેતરની ત્રણ મેચની સિરીઝમાં તેણે 1, 8 અને 2 રન



બનાવ્યા હતા.

**એશિયન ગેમ્સ સ્ક્વોડમાં અભિષેકનો સમાવેશ**

શ્રેયસ ઐયરની કપ્તાની હેઠળની ભારતીય T20 ટીમ હવે સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સમાં એક્શનમાં જોવા મળશે. આ ટુર્નામેન્ટ દરમિયાન તમામ ભારતીય ચાહકોની નજર અભિષેક શર્મા પર રહેશે, જેના પર ટીમને ઝડપી શરૂઆત અપાવવાની જવાબદારી હશે. અભિષેકે અત્યાર સુધી 56 T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં 187.24ના સ્ટ્રાઈક રેટથી 1629 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે 2 સદી અને 11 ફિફ્ટી ફટકારવાનો કારનામો કર્યો છે.

**એશિયન ગેમ્સ 2026 માટે ભારતીય ક્રિકેટ ટીમ**

શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ કુમાર રેડ્ડી, જસપ્રીત બુમરાહ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી અને વૈભવ સૂર્યવંશી.

## કર્ણાટકમાં ટૂંક સમયમાં થઈ શકે છે કેબિનેટ વિસ્તરણ : ડીકે શિવકુમાર અને કોંગ્રેસ હાઈકમાન્ડની દિલ્હીમાં બેઠક

**બેંગલુરુ, તા.02**

કર્ણાટકમાં મુખ્યમંત્રી ડીકે શિવકુમારના શપથ લીધાના લગભગ બે મહિના પછી પણ મંત્રીમંડળનું વિસ્તરણ થયું નથી. શિવકુમાર અને રાજ્યના ઘણા કોંગ્રેસ નેતાઓએ ગુરુવારે દિલ્હીમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને હાઈકમાન્ડ સાથે મુલાકાત કરી. અહીં



કેબિનેટ વિસ્તરણ પર ચર્ચા થઈ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આજે 20 નવા મંત્રીઓના નામ નક્કી થઈ શકે છે. જ્યારે, આવતા અઠવાડિયે શપથ ગ્રહણ થઈ શકે છે. હાલમાં કેબિનેટમાં સીએમ સહિત 14 મંત્રીઓ છે. કર્ણાટકના સીએમ ડીકે શિવકુમાર અને ડેપ્યુટી સીએમ જી પરમેશ્વરે ગુરુવારે દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી. કર્ણાટકના સીએમ ડીકે શિવકુમાર અને ડેપ્યુટી સીએમ જી પરમેશ્વરે ગુરુવારે દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી.

**કર્ણાટકની કેબિનેટમાં 34 મંત્રીઓ સામેલ થઈ શકે છે**

ડીકે શિવકુમારે 3 જૂને નાયબ મુખ્યમંત્રી જી. પરમેશ્વર અને અન્ય 12 મંત્રીઓ સાથે શપથ લીધા હતા. કર્ણાટકમાં બંધારણીય રીતે મુખ્યમંત્રી સહિત કુલ 34 મંત્રીઓ હોઈ શકે છે, જેના કારણે હજુ પણ લગભગ 20 પદ ખાલી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી હાઈકમાન્ડ જાતિગત, સામુદાયિક અને નવા-જૂના નેતાઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેના કારણે કેબિનેટ વિસ્તરણમાં વિલંબ થઈ રહ્યો છે.

## 'PM મોદી મારી દીકરીને દત્તક લઈ લે' : વડાપ્રધાનને ગાળો આપનાર છોકરીની મમ્મીએ ભાવુક અપીલ કરી

**કોલકાતા, તા.02**

દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કથિત રીતે અપશબ્દોનો ઉપયોગ કરવાના આરોપમાં કેસ દાખલ કરવામાં આવેલી નોઈડાની છોકરીની માતાએ પોતાની દીકરીને માફ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે અને કહ્યું છે કે તેમના આ પગલાથી છોકરીને જીવનદાન મળ્યું છે. વડાપ્રધાન મોદી દ્વારા યુવકો વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી ન કરવાની અપીલ બાદ સમાચાર એજન્સી પીટીઆઈ સાથે વાત કરતા છોકરીની માતાએ કહ્યું કે તેઓ આભારી છે કે તેમના પ્રત્યે અપમાનજનક ટિપ્પણીઓ છતાં તેમણે માફ કરવાનો વિકલ્પ પસંદ કર્યો.

**મારી પાસે શબ્દો નથી હું શું બોલું- છોકરીની મમ્મી**



છોકરીની માતાએ કહ્યું, હું ઈન્સ્ટાગ્રામ ચલાવતી નથી, જે સમયે મેં પહેલીવાર સાંભળ્યું કે લોકો કહી રહ્યા છે કે આવા માતા-પિતાએ ડૂબીને મરી જવું જોઈએ. મારી પાસે શબ્દો નથી કે હું શું બોલું. આ દીકરી નહીં દેશના ઘણા બધા બાળકો, આ સમયે આ ઉંમરના જેટલા પણ 10-20 વર્ષની ઉંમરના બાળકો છે, આ બધા જ આ સ્થિતિ પર આવી ચૂક્યા છે.

મારી પીએમ મોદીને નમ્ર વિનંતી છે કે આ ઈન્સ્ટાગ્રામ, ફેસબુક બાળકો માટે રોકી દેવામાં આવે. તેમને ફક્ત ભણવા દેવામાં આવે, પ્રદર્શન અને આ જે બધી વસ્તુઓ ચાલતી રહે છે, 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને તેમાં એન્ટ્રી ન આપવામાં આવે. આ બાળકોનો ફક્ત ફાયદો ઉઠાવવામાં આવે છે.

**PM મોદીને કરી ભાવુક અપીલ**

PM મોદીને ભાવુક અપીલ કરતા માતાએ કહ્યું, આ લોકોને નાના-મોટાનું સન્માન, કોને શું બોલવું, કેટલું બોલવું કંઈ જ ખબર નથી. અમે તો પીએમ મોદી સામે કંઈ જ નથી.

તેમણે એટલું મહાન કામ કર્યું છે કે જે બાળકે તેમને અપશબ્દો કહ્યા, તેમણે પોતાની મહાનતા બતાવતા દેશની દીકરીને માફ કરી છે, હાથ જોડીને ધન્યવાદ છે.

## કેરળ અને કર્ણાટકમાં ભારે વરસાદ-ભૂસ્ખલનથી 11ના મોત : 8 ગુમ; કિશ્તવાડમાં વાદળ ફાટવાથી અનેક ઘરોમાં પાણી ઘૂસ્યું

**કેરળ, તા.02**

દેશના ઘણા રાજ્યોમાં સતત વરસાદને કારણે જનજીવનને અસર થઈ છે. કેરળમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરથી 8 લોકોના મોત થયા છે, જ્યારે 8 લોકો ગુમ છે. સરકારે 209 રાહત શિબિરો બનાવ્યા છે, જ્યાં 5,792 લોકોને સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યા છે. કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લામાં રવિવારે સવારે ભૂસ્ખલનમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા. મૃતકોમાં મલ્લિકાર્જુન (35), તેમની પત્ની નાગવેણી (28) અને 3 વર્ષનો પુત્ર સંતોષનો સમાવેશ થાય છે. દુર્ઘટના સમયે ત્રણેય પહાડી પાસેના ઘરમાં સૂઈ રહ્યા હતા. જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના છતરુ વિસ્તારમાં શનિવારે વાદળ ફાટવાને કારણે અચાનક પૂર આવ્યું. ઘણા મકાનો અને દુકાનોને નુકસાન થયું, બે કાર તણાઈ ગઈ અને રસ્તાઓ પર કાટમાળ



ભરાઈ ગયો. સાવચેતીના ભાગરૂપે કિશ્તવાડ, ડોડા અને રામબાનની તમામ સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. જ્યારે ઉત્તરકાશીમાં યમુનોત્રી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું. ચમોલીના ગૌચર પાસે કમેડામાં બદ્રીનાથ હાઈવેનો 20 મીટરનો ભાગ ધસી પડ્યો, જેના કારણે વાહનવ્યવહાર વન-વે કરી દેવામાં આવ્યો છે. સુરત અને મોરબી સહિત ગુજરાતના ઘણા ભાગોમાં શનિવારે થયેલા ભારે વરસાદ પછી 27,000 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા.

## જંતર-મંતર પર CJPના પ્રદર્શનમાં જૈશ-એ-મોહમ્મદના કાવતરાનો પર્દાફાશ

**નવી દિલ્હી, તા.02**

પશ્ચિમ બંગાળ STF એ દાવો કર્યો છે કે બર્ધમાન જિલ્લામાંથી ધરપકડ કરાયેલા શંકાસ્પદ જૈશ-એ-મોહમ્મદ ઓપરેટિવ હમીમ મંડળે દિલ્હીના જંતર-મંતર વિરોધ પ્રદર્શનમાં તોડફોડ કરવાનું કાવતરું ઘડ્યું હતું. STF અનુસાર, પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે હમીમને CJP ના વિદ્યાર્થી પ્રદર્શનમાં પોલીસની વર્દી પહેરીને ઘૂસવા અને ત્યાં અશાંતિ ફેલાવવાનો નિર્દેશ આપ્યો હતો. STF ના IG ગૌરવ શર્મા અનુસાર, હમીમને બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની ગતિવિધિઓ પર નજર રાખવા અને તેમની સુરક્ષા સંબંધિત માહિતી એકત્રિત કરવાનું કામ પણ સોંપવામાં આવ્યું હતું. હમીમની બે દિવસ પહેલાં પૂર્વ બર્ધમાનથી ધરપકડ કરવામાં આવી હતી.



અદાલતે તેને 14 દિવસની STF કસ્ટડીમાં મોકલી આપ્યો છે. STF એ હમીમની ગર્લફ્રેન્ડ અર્પિતા સરકારની પણ ઝારખંડથી ધરપકડ કરી છે. એજન્સીનો દાવો છે કે બંને પાકિસ્તાન સાથે સંકળાયેલા શાહજાદ ભટ્ટી ગેંગના ઈશારે કામ કરી રહ્યા હતા. પોલીસ અર્પિતાને ઝારખંડથી કોલકાતા લઈ આવી. વર્ધમાન કોર્ટે તેને 13 દિવસની કસ્ટડીમાં મોકલી દીધી છે.

**રાજ્ય મંત્રીના પુત્રને હની ટ્રેપમાં ફસાવી રહી હતી અર્પિતા**

હમીમ અને તેની ગર્લફ્રેન્ડ પર બંગાળના રાજ્ય મંત્રી ઉમેશ રાયના પુત્રને હનીટ્રેપ કરીને અપહરણ કરવા અને પરિવાર પાસેથી ખંડણી વસૂલવાની ષડયંત્ર રચવાનો પણ આરોપ છે. STF મુજબ, અર્પિતા ઘણા નેતાઓ અને અન્ય જાણીતા લોકો પાસેથી હનીટ્રેપ દ્વારા માહિતી એકઠી કરીને હમીમ સુધી પહોંચાડતી હતી.



# 134 તાલુકામાં વરસાદ, સૌથી વધુ નવસારીના વાંસદામાં 5 ઇંચ: માંગરોળ-જાફરાબાદ બંદર પર 3 નંબરનું સિગ્નલ લગાવાયું, દરિયામાં કરંટ





**ગાંધીનગર, તા.02**

ચોમાસાની સિસ્ટમ રાજ્યભરમાં પૂર્ણ રીતે સક્રિય થતાં તમામ વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે, જેના કારણે સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં બપોરના ૪ વાગ્યા સુધીમાં ૧૩૪ જેટલા તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેમાં સૌથી વધુ ક્રેઝ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં જોવા મળ્યો છે. નવસારીના વાંસદા તાલુકામાં જ ૫ ઈંચ જેટલો ભયાનક વરસાદ વરસતાં ચારેય તરફ પાણી જ પાણી થઈ ગયું છે. નવસારીમાં સર્જાયેલા મેઘતાંડવને પગલે કાવેરી નદી બંને કાંઠે ઉભરાઈને વહેવા લાગી છે. આ પૂરના કારણે ચીખલીનું અત્યંત પ્રખ્યાત અને ઐતિહાસિક તડકેશ્વર મહાદેવ મંદિર સંપૂર્ણપણે જળમગ્ન બન્યું છે અને આસપાસનો લો-લાઈન બ્રિજ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. પૂર અને જળબંબાકારની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા સમગ્ર નવસારી જિલ્લામાં ૭૧ જેટલા મુખ્ય અને ગ્રામીણ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી છે, જેમાં નવસારી અને ચીખલીના ૧૯-૧૯ માર્ગો ઉપરાંત નાગધરા, મહુડી, પુણી અને મંદિર-મોગાર અંડરપાસનો સમાવેશ થાય છે. માર્ગો બંધ થવાના કારણે ગ્રામજનોને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે લાંબો ચકરાવો લેવાની ફરજ પડી રહી છે.

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર સુરતમાં પણ મોડી રાતથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સતત વરસી રહેલા વરસાદને કારણે શહેરના કતારગામ, હોળી બંગલા, ઉધના અને ડિંડોલી જેવા રહેણાંક અને વ્યાપારી વિસ્તારોના મુખ્ય રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે વહેલી સવારે નોકરી-ધંધા પર જતા નોકરિયાતો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત શહેરની પાંચ મુખ્ય ખાડીઓ પૈકીની ભેદવાડ ખાડીએ પોતાની ભયજનક સપાટી વટાવી દીધી હતી. ભેદવાડ ખાડીની ભયજનક સપાટી ૭.૨૦ મીટર છે, જે વધીને ૭.૩૦ મીટર પર પહોંચી જતાં ખાડી ઓવરફ્લો થઈ હતી અને નજીકની સોસાયટીઓ, નીચાણવાળા વિસ્તારો અને ગરનાળાં પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે, પાછળથી સપાટીમાં ઘટાડો થતાં રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ ઉપરવાસમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે સુરતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે અને ડેમની સપાટીમાં સરાહનીય વધારો નોંધાયો છે, જેના પર સ્થાનિક તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

આ ભારે વરસાદની અસર માત્ર દક્ષિણ ગુજરાત પૂરતી સીમિત નથી, પરંતુ રાજ્યના અન્ય ભાગો જેવા કે અમદાવાદ, સાબરકાંઠા, જૂનાગઢ અને બનાસકાંઠામાં પણ સવારથી જ સતત વરસાદી ઝાપટાં નોંધાઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ઘનઘોર વાદળો ઘેરાયા બાદ ધીમી ધારે મેઘરાજાનું આગમન થયું હતું. અસહ્ય બફારા અને ગરમી વચ્ચે ઝરમર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોએ ભારે રાહત અનુભવી હતી. હવામાન વિભાગે આગામી ૭ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને ૨૧ થી ૨૭ જુલાઈ દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આજે ૨૧ જુલાઈએ નવસારી અને વલસાડ જિલ્લા માટે 'અતિભારે વરસાદ'નું ઓરેન્જ/રેડ અલર્ટ જાહેર કરાયું છે, જ્યારે સુરત, ડાંગ અને તાપીમાં પણ ભારે વરસાદની શક્યતા દર્શાવાઈ છે. આગામી ૨૫ અને ૨૬ જુલાઈ દરમિયાન મધ્ય અને ઉત્તર-પૂર્વ ગુજરાતના વિસ્તારોમાં પણ મેઘમહેર જોવા મળશે.

સમુદ્રમાં સર્જાયેલી હવામાન સિસ્ટમને કારણે દરિયામાં અતિ તેજ પવન ફૂંકાવાની અને દરિયો તોફાની બનવાની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે જૂનાગઢના માંગરોળ અને અમરેલીના જાફરાબાદ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. બંદર સત્તામંડળ અને તંત્ર દ્વારા તમામ માછીમારોને દરિયો ન ખેડવા અને સલામત સ્થળે ખસી જવા માટે આકરા આદેશો આપવામાં આવ્યા છે. બીજી તરફ, વલસાડ તાલુકામાં પડેલા અંદાજે ૭ ઈંચ જેટલા ખાબકેલા વરસાદને કારણે વલસાડ સુગર ફેક્ટરી પાસે આવેલા મુંબઈ-સુરત નેશનલ હાઈવેના બ્રિજ પર મોટા મોટા ખાડા પડી ગયા છે. મુંબઈથી સુરત તરફ જતા હાઈવેની સપાટી તૂટી જતાં વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી હતી. ઘટનાની ગંભીરતા જોઈને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને ધોધમાર વરસાદ વચ્ચે પણ યુદ્ધના ધોરણે ખાડા પૂરવાની અને રસ્તાનું સમારકામ કરવાની કામગીરી હાથ ધરી છે.

### ગુજરાત યુનિવર્સિટીમાં PHD ડિગ્રી માટે લાંબી રાહ નહીં જોવી પડે

# થિસિસ મૂલ્યાંકનની સમગ્ર પ્રક્રિયા ડિજિટલ કરાઈ, પોસ્ટલ પ્રક્રિયાને કારણે 6 મહિનાથી એક વર્ષ સુધીનો સમય લાગતો

**અમદાવાદ, તા.02**

ગુજરાગુજરાત યુનિવર્સિટીએ PhD કરતા સંશોધન વિદ્વાનો (Research Scholars) માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લીધો છે. હવેથી ડોક્ટરલ થિસિસના મૂલ્યાંકનની સમગ્ર પ્રક્રિયાને ડિજિટલાઈઝ કરવામાં આવશે. આ નવી ઓનલાઈન સિસ્ટમથી થિસિસનું મૂલ્યાંકન ઝડપથી પૂર્ણ થશે અને વિદ્યાર્થીઓને પોતાની પીએચડી ડિગ્રી મેળવવા માટે મહિનાઓ સુધી રાહ જોવી નહીં પડે.



**જૂની પોસ્ટલ સિસ્ટમથી થતો હતો ભારે વિલંબ**

ગુજરાત યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં આશરે 5,700 PhD ડિગ્રી એનાયત કરવામાં આવી છે અને દર મહિને સરેરાશ 25 જેટલી થિસિસ મૂલ્યાંકન માટે મોકલવામાં આવે છે. હાલની પ્રક્રિયા મુજબ થિસિસ સબમિટ થયા બાદ વિષયના નિષ્ણાત પ્રોફેસરો (રેફરી) ને સંમતિ પત્રો પોસ્ટ મારફતે મોકલવા પડતા હતા. સંમતિ મળ્યા બાદ થિસિસની હાર્ડ કોપી ટપાલથી મોકલવામાં આવતી અને ત્યારબાદ મૂલ્યાંકન અહેવાલની રાહ જોવાતી હતી. પોસ્ટલ વિલંબ, જૂના સરનામાં અને ખોટા પિનકોડ જેવી સમસ્યાઓને કારણે આ સમગ્ર પ્રક્રિયામાં 6 મહિનાથી લઈને 1 વર્ષ જેટલો સમય વેડફાઈ જતો હતો.

**ડિજિટલ પ્રોસેસ કેવી રીતે કામ કરશે?**

વિદ્યાર્થીઓની સુવિધા સુધારવા અને આ તમામ પડકારોનો ઉકેલ લાવવા માટે યુનિવર્સિટીએ સમગ્ર પદ્ધતિને ડિજિટલ કરવાનો નિર્ણય કર્યો છે.

**નવી સિસ્ટમના મુખ્ય પાસાં**

ઈ-મેઈલ દ્વારા સંમતિ: થિસિસ ચકાસણી માટે વિષય નિષ્ણાત પ્રોફેસરોની સંમતિ ગુજરાત યુનિવર્સિટીના સત્તાવાર ઈ-મેઈલ મારફતે મેળવવામાં આવશે.

ડિજિટલ થિસિસ શેરિંગ: મંજૂરી મળ્યા બાદ PhD થિસિસને હાર્ડ કોપીને બદલે ડિજિટલ ફોર્મેટ (PDF)માં સુરક્ષિત રીતે શેર કરાશે.

ઈલેક્ટ્રોનિક રિપોર્ટ: રેફરી દ્વારા ઈ-મેઈલ કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવેલા મૂલ્યાંકન અહેવાલને જ સત્તાવાર દસ્તાવેજ તરીકે માન્ય ગણવામાં આવશે.

**વિદ્યાર્થીઓને થશે મોટો ફાયદો**

આ નવી ડિજિટલ વ્યવસ્થા લાગુ થવાથી મૂલ્યાંકનની સમયમર્યાદામાં ખૂબ જ ઘટાડો થશે. પરિણામો ઝડપથી જાહેર થઈ શકશે, જેથી લાયક સંશોધન વિદ્વાનોને સમયસર ડોક્ટરલ ડિગ્રી એનાયત કરી શકાશે અને તેમના ઉચ્ચ અભ્યાસ કે કારકિર્દીના નવા દ્વાર વહેલા ખુલશે. આ નવી ડિજિટલ વ્યવસ્થા લાગુ થવાથી મૂલ્યાંકનની સમયમર્યાદામાં ખૂબ જ ઘટાડો થશે. પરિણામો ઝડપથી જાહેર થઈ શકશે, જેથી લાયક સંશોધન વિદ્વાનોને સમયસર ડોક્ટરલ ડિગ્રી એનાયત કરી શકાશે અને તેમના ઉચ્ચ અભ્યાસ કે કારકિર્દીના નવા દ્વાર વહેલા ખુલશે.

# અમદાવાદમાં ઘરમાંથી નકલી દારૂની ફેક્ટરી ઝડપાઈ

### પાણી-ફ્લેવર મિક્સ કરી બ્રાન્ડના સ્ટિકર મારી ₹5000 સુધીના ભાવે વેચતા, ચાર લોકોને નોકરીએ રાખ્યા હતા

**અમદાવાદ, તા.02**

સસ્તો દારૂ, પાણી અને ફ્લેવરને મિક્સ કરીને બ્રાન્ડેડ દારૂની બોટલમાં ભરીને વેચવાનો અમદાવાદના શાહપુરમાં પર્દાફાશ થયો છે. મકાનમાં ચાલતી નકલી દારૂની ફેક્ટરી પર પોલીસ કમિશનરની PCB સ્ક્વૉર્ડે દરોડો પાડી ચાર આરોપીને ઝડપી લીધા હતા. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મંગો ચૌહાણ છે. જેના મકાનમાં તેણે ચારેય મિત્રને નોકરીએ રાખ્યા હતા. જેમાંથી એક સંચાલક, સસ્તો દારૂ લાવનારને અને અન્ય બેને દારૂની ડિલિવરી માટે પણ રૂપિયા આપતો હતો. આરોપીઓ ડિમાન્ડ પ્રમાણે આગળના દિવસે દારૂ બનાવતા હતા અને બ્રાન્ડેડ બોટલના જેટલા ભાવ હોય એ ભાવે જ સસ્તો દારૂ પધરાવી દેતા હતા. ASIએ જણાવ્યું હતું કે, બ્રાન્ડેડ દારૂની બોટલનો કોઈ ફિક્સ ભાવ નથી હોતો. પરંતુ 2000થી લઈ 5000 રૂપિયાના ભાવે આ બોટલનું વેચાણ કરતા હતા.



**PCBને બાતમી મળતા જ મકાન પર રેડ કરી**

PCB સ્ક્વોડના PI જે.પી. જાડેજા અને ટીમને બાતમી મળી હતી. જેના આધારે PCBની ટીમે શહેરના શાહપુર વિસ્તારમાં હલીમની ખડકી પાસે મોઢાની પોળમાં વિકી ઉર્ફે મંગો ચૌહાણ નામના શખસના ઘરે રેડ કરી હતી. પોલીસે જ્યારે રેડ કરી તો ત્યાં ચાર લોકો મળી આવ્યા હતા. જે ચારેયના નામ મનદીપ ભાવસાર, કૈલાશ બોડાણા, દેવ પટેલ અને દેવાંગ જાની હોવાનું સામે આવ્યું હતું. ચારેય આરોપીઓ સસ્તી વિદેશી દારૂની બોટલમાંથી બ્રાન્ડેડ દારૂની ખાલી બોટલમાં ભરતા હતા.

**મંગાનું મકાન હતું, તેના 4 મિત્ર નોકરી કરતા**

આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે, વિકી ઉર્ફે મંગો ચૌહાણ દારૂનો ધંધો કરે છે. ચારેય તેના મિત્રો છે અને તેમને ત્યાં નોકરી કરે છે. મનદીપ ભાવસારને આ ધંધાનું સંચાલન કરવા આપ્યું હતું. જેને પગાર તરીકે 35,000 આપે છે. જ્યારે કૈલાશ બોડાણા સસ્તો વિદેશી દારૂનો જથ્થો અને ખાલી બોટલ લઈને આપે છે, જેના તેને દસ હજાર રૂપિયા મળે છે. અન્ય બે દેવ પટેલ અને દેવાંગ જાની બ્રાન્ડેડ વિદેશી દારૂની બોટલની ડિલિવરી કરવા જાય છે જેને રોજના પગાર પેટે 200 આપે છે.

**ડિમાન્ડ પ્રમાણે આગળના દિવસે દારૂ તૈયાર કરતા**

PCB પીઆઈ જે.પી જાડેજાએ જણાવ્યું હતું કે, ભંગારમાંથી બોટલ ખરીદીને લાવવામાં આવતી હતી. સ્ટીકર પણ ખરીદી લેવામાં આવતા હતા. જ્યારે કોઈપણ વ્યક્તિ બ્રાન્ડેડ દારૂની ડિમાન્ડ કરે તો તેઓ આગલા દિવસે દારૂ બનાવી અને તૈયાર કરી દેતા હતા. કોઈપણ સસ્તો દારૂ લાવી અને પાણીમાં ફ્લેવર નાખી મિક્સ કરી અસલી લાગે તે પ્રમાણેનો દારૂ બનાવી બોટલમાં ભરતા હતા. બ્રાન્ડેડ ભાવ જેટલો હતો એટલા જ ભાવમાં વેચતા હતા. જે ફ્લેવરનો ઉપયોગ કરવામાં આવતો તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અન્ય કોઈ કેમિકલનો ઉપયોગ થતો હતો કે કેમ તેની પણ તપાસ હાલમાં ચાલુ છે.

### SMC એક્ઝિક્યુટીવ એન્જિનિયર સુજલ પ્રજાપતિની સસ્પેન્શનને હાઈકોર્ટમાં ચેલેન્જ

# કમિશનરના કહ્યા મુજબ નાસીરનગરમાં ડિમોલિશન કર્યું, હાઈકોર્ટમાં એમ.નાગરાજન જવાબ રજૂ કરશે

**અમદાવાદ, તા.02**

સુરત મહાનગરપાલિકાના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાનૂની ડિમોલિશન મામલે સસ્પેન્ડ કરાયેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ પોતાના સસ્પેન્શનને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યું છે. તેઓએ કોર્ટમાં જણાવ્યું કે, આ ડિમોલિશન તેમણે SMC કમિશનર નાગરાજનના આદેશથી જ કર્યું હતું. કમિશનરને કોઈનો મેસેજ આવ્યો હતો, જે તેમણે સુજલ પ્રજાપતિને ફોરવર્ડ કરીને ચંદ્રશેખર આઝાદ બ્રિજ પાસે 60 ફૂટનો TP રોડ બનાવવા માટે દબાણ ખુલ્લું કરવાની સૂચના આપી હતી.



અરજદારે કમિશનર સાથેની વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ અને SMCના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ 'કેમ છો સુરત?' પર મૂકાયેલી ડિમોલિશનની રીલના પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા છે. તેઓએ જણાવ્યું છે કે કોઈ પણ ખાતાકીય તપાસ વગર તેમને સસ્પેન્ડ કરાયા છે. સસ્પેન્ડ કરવાની સત્તા સ્ટેન્ડિંગ કમિટી પાસે છે છતાં કમિશનરે આ નિર્ણય લીધો છે.

શરૂઆતમાં કામની પ્રશંસા કરાયા બાદ, મામલો હાઈકોર્ટમાં પહોંચતા કમિશનરે પોતાને બચાવવા માટે બધી જવાબદારી અરજદાર પર ઢોળી દીધી છે અને તપાસ કમિટી સમક્ષ સત્ય કહેવા છતાં કોર્ટમાં એવું ખોટું જણાવ્યું કે અરજદાર તપાસમાં સહકાર નથી આપી રહ્યા.

ડિમોલિશન પહેલાં જ વીજ કંપની ટોરેન્ટ પાવરને પાવર સપ્લાય કાપવા માટે SMC વિભાગ તરફથી કહી દેવાયું હતું, જે સાબિત કરે છે કે આ આયોજિત કામગીરી હતી. હાઈકોર્ટે પ્રાથમિક દ્રષ્ટિએ સ્વીકાર્યું છે કે, કમિશનરે અરજદારને મેસેજ ફોરવર્ડ કર્યો હોય તેવું લાગે છે. હાઈકોર્ટે અરજદારની અરજી સંદર્ભે કમિશનરનો જવાબ માંગ્યો છે.

# પત્નીને બચકા ભરી શારીરિક સંબંધ બાંધવાની કોશિશ

### ફોનમાં પ્રેમભર્યા મેસેજ બાદ અન્ય સ્ત્રી સાથે રંગેહાથ ઝડપાયો, સાસુએ પુત્રનો પક્ષ લઈ ઘરમાંથી કાઢી મૂકી

**અમદાવાદ, તા.02**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી પરિણીતાએ પતિ અને સાસુ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે. પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ હતા, જેની પત્નીને જાણ થતા પતિએ બચકા ભરીને જબરજસ્તી શારીરિક સંબંધ બાંધવા પ્રયત્ન કર્યો હતો. પત્ની સાથે અવારનવાર ઝગડો કરી પતિ અને સાસુએ ઘરમાંથી કાઢી મૂકી હતી. આ મામલે ચાંદખેડા પોલીસે પરિણીતાની ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

**પતિ અન્ય સ્ત્રી સાથે મેસેજથી વાત કરતો, ઓફિસમાં સાથે કામ કરતી હોવાનું બહાનું ધર્યું**

**ફોનમાં પ્રેમભર્યા મેસેજ વાંચી લેતા પાસવર્ડ બદલી નાખ્યો**

ચાંદખેડામાં રહેતી 43 વર્ષીય પરિણીતાએ 2012માં કોર્ટ મેરેજ કર્યા હતા. મહિલાનો પતિ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ચાર વર્ષ અગાઉ મહિલા પતિના ફોનમાં અન્ય સ્ત્રી સાથેના પ્રેમભરીની વાતચીતના મેસેજ વાંચી લીધા હતા, પરંતુ તે સમયે પતિએ સાથે નોકરી કરતી હોવાનું જણાવી વાત પૂરી કરી દીધી હતી. બાદમાં પતિએ ફોનનો પાસવર્ડ બદલી નાખ્યો અને પીડિતાને ફોન આપવાનું બંધ કરી દીધું હતું. પતિ અવારનવાર ઘરે મોડો આવતો હતો, જેથી મહિલાએ મોડા આવવાનું કારણ પૂછતા ઝઘડો કરવા લાગ્યો હતો.






**તેના પિતા સાથે બહાર જતાં પતિ અને મહિલા સાથે શાસ્ત્રીનગર ગાર્ડન પાસે ઊભો હતો. અન્ય સ્ત્રી સાથે રંગેહાથ ઝડપાઈ જતાં ઝઘડો કર્યો**

થોડા દિવસ અગાઉ પતિ અન્ય સ્ત્રી સાથે શાસ્ત્રીનગર ગાર્ડન પાસે ઝાડીની પાછળ ઉભો હતો. પરિણીતા અને તેના પિતા ત્યાંથી પસાર થતા બંનેને જોયા હતા. થોડા દિવસ અગાઉ પતિ અન્ય સ્ત્રી સાથે શાસ્ત્રીનગર ગાર્ડન પાસે ઝાડીની પાછળ ઉભો હતો. પરિણીતા અને તેના પિતા ત્યાંથી પસાર થતા બંનેને જોયા હતા. જો કે મહિલા પતિને વાત કરતા પતિએ તેણીની સાથે ઝઘડો કર્યો હતો. થોડા સમય અગાઉ પતિએ કહ્યું કે, તારે મારી સાથે રહેવું હોય તો હું કહું તેમ રહેવું પડશે.

**જબરજસ્તી શારીરિક સંબંધ બાંધવાની કોશિશ કરી**

પતિએ મહિલાને લાફા મારી બેડ પર પાડી દીધી હતી. મહિલાને બચકા ભરીને જબરજસ્તી શરીર સંબંધ બાંધવાની કોશિશ કરી હતી. મહિલાના સાસુ પણ મહિલાના પતિનો પક્ષ લઈને ઝગડો કરતા હતા. જોકે થોડા સમય અગાઉ પતિ અને સાસુએ ભેગા મળી મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી. અંતે કંટાળીને પત્નીએ પતિ અને સાસુ વિરુદ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકાએ સ્વીકાર્યું- ઈરાની હુમલામાં 100 સૈનિકો ઘાયલ: કહ્યું- સુરક્ષાને ધ્યાનમાં રાખીને મોડી માહિતી આપી, અમેરિકાએ 9 ઈરાની શહેરો પર હુમલો કર્યો

**વોશિંગ્ટન, તા.02**

અમેરિકાએ સ્વીકાર્યું છે કે ઈરાનના વળતા હુમલામાં તેના લગભગ 100 સૈનિકો ઘાયલ થયા છે. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ સૈનિકો 7 જુલાઈ પછી થયેલા હુમલામાં ઘાયલ થયા હતા. તેમાંથી 96% સૈનિકો સાજા થઈને ફરજ પર પાછા ફર્યા છે. તેમણે જણાવ્યું કે મોટાભાગનાને માથામાં હળવી ઈજા (કનકશન) થઈ હતી.

પાર્નેલે આ નિવેદન ન્યૂયોર્ક ટાઈમ્સના તે અહેવાલના જવાબમાં આપ્યું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંરક્ષણ મંત્રાલય ઈરાન સાથેના યુદ્ધમાં ઘાયલ થયેલા અમેરિકી સૈનિકોની માહિતી સાર્વજનિક કરી રહ્યું નથી. પાર્નેલે કહ્યું કે તેમાં જાણી જોઈને વિલંબ થયો હતો. આવું સૈનિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા વિરુદ્ધ દરિયાઈ નાકાબંધીની જાહેરાત કરી છે. હુતીઓએ કહ્યું કે બાબ-અલ-મંદેબ સ્ટ્રેટને સાઉદી જહાજો માટે બંધ કરવામાં આવશે અને તેમના તમામ જહાજો અમારા નિશાન પર રહેશે. આ પગલાથી મધ્ય પૂર્વમાં યુદ્ધનો એક નવો મોરચો ખુલી શકે છે અને વિશ્વભરમાં તેલની કિંમતો પર દબાણ વધવાની આશંકા છે.

હુતીઓની આ જાહેરાત એવા સમયે આવી છે, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે સતત હુમલાઓ ચાલુ છે. સોમવારે પણ બંને દેશોએ એકબીજા પર હુમલા કર્યા. ઈરાને તે દેશોને નિશાન બનાવ્યા, જ્યાં અમેરિકી સૈન્ય થાણાંઓ હાજર છે. તેના જવાબમાં અમેરિકાએ સતત 10મી રાત્રે ઈરાન પર હવાઈ હુમલા કર્યા.

અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ મંગળવારે સેનેટની એક મહત્વપૂર્ણ સમિતિ સમક્ષ રજૂ થશે. આ સુનાવણી એવા સમયે થઈ રહી છે, જ્યારે ટ્રમ્પ સરકાર ઈરાન સામે ચાલુ યુદ્ધ માટે સંસદ પાસે અબજો ડોલરના વધારાના ફંડિંગની માંગ કરી રહી છે.

સુનાવણી દરમિયાન હેગસેથને એ વાત પર પણ સવાલો પૂછવામાં આવી શકે છે કે પેન્ટાગોને યુદ્ધ દરમિયાન ઘાયલ થયેલા અમેરિકી સૈનિકોની માહિતી સાર્વજનિક કરવામાં મોડું કેમ કર્યું.

જોર્ડનની સેનાએ જણાવ્યું છે કે તેની એર ડિફેન્સ સિસ્ટમે મંગળવારે ઈરાનની ત્રણ મિસાઈલોને તોડી પાડી હતી. સેનાના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં કોઈ જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું નથી.

ઈરાનના ગૃહમંત્રી એસ્કંદર મોમેની મંગળવારે પાકિસ્તાન પહોંચ્યા. તેમનો આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે, જ્યારે પાકિસ્તાન બંને દેશો વચ્ચે તૂટી ગયેલી વચગાળાની સમજૂતી ફરીથી લાગુ કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

મોમેનીએ પાકિસ્તાનના સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ આસિમ મુનીર સાથે મુલાકાત કરી. બાદમાં તેમની વડાપ્રધાન શહબાઝ શરીફ સાથે પણ મુલાકાત થવાની શક્યતા છે. જોકે, બેઠકમાં શું ચર્ચા થઈ તેની માહિતી આપવામાં આવી નથી.

ગયા મહિને અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી વચગાળાની સમજૂતી હવે લગભગ પૂરી રીતે તૂટી ચૂકી છે. પાકિસ્તાન બંને દેશોને ફરીથી વાટાઘાટોના ટેબલ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ અત્યાર સુધી એ સ્પષ્ટ નથી કે નવી સમજૂતી કેવી રીતે થશે.

ઈરાને સોમવાર સાંજે સતત ચોથા દિવસે કુવૈતના વીજ ઉત્પાદન અને દરિયાઈ પાણીને મીઠું




બનાવતા પ્લાન્ટ પર હુમલો કર્યો.

કુવૈતના વીજળી, જળ અને રિન્યુએબલ એનર્જી મંત્રાલયના જણાવ્યા અનુસાર, હુમલાઓ બાદ અનેક પ્લાન્ટ્સમાં આગ લાગી ગઈ હતી. જેને પાછળથી ફાયર બ્રિગેડ અને સુરક્ષા એજન્સીઓની મદદથી ઓલવી દેવામાં આવી હતી.

સાથે જ, વીજળી અને જળ પુરવઠા પ્રણાલીની સુરક્ષા માટે સાવચેતીના ભાગરૂપે કેટલીક વીજ ઉત્પાદન યુનિટોને કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવી છે.

કતારે ઈરાન પાસે પોતાના ત્યાં થયેલા તમામ નુકસાનની ભરપાઈ કરવાની માંગ કરી છે. કતારે UN અને UNSCને મોકલેલા પત્રમાં કહ્યું કે ઈરાન તેના વિસ્તાર પર થયેલા હુમલાઓ અને તેનાથી થયેલા નુકસાન માટે સંપૂર્ણપણે જવાબદાર છે અને તેણે દરેક નુકસાનનું વળતર આપવું જોઈએ.

કતારે 7 જુલાઈએ હોર્મુઝ સ્ટ્રેટ પાસે કતારના તેલ ટેન્કર અલ-રૂકય્યાત પર થયેલા હુમલા અને 12 તથા 17 જુલાઈએ કતાર પર થયેલા મિસાઈલ હુમલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

કતારે એ પણ કહ્યું કે તે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના અનુચ્છેદ 51 હેઠળ પોતાની સાર્વભૌમત્વ, સુરક્ષા અને નાગરિકોની રક્ષા માટે જરૂરી પગલાં લેવા અને જવાબી કાર્યવાહી કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

અમેરિકામાં ગાઝા અને ઈરાન યુદ્ધને લઈને ઇઝરાયલની છબી સતત ખરાબ થઈ રહી છે. આને બદલવા માટે જ ઇઝરાયલે કરોડો ડોલરનું મોટું પ્રચાર અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનમાં AI, સોશિયલ મીડિયા, ટેક્સ્ટ મેસેજ અને દક્ષિણપંથી મીડિયાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

વોલ સ્ટ્રીટના અહેવાલ મુજબ, ઇઝરાયલ સરકારે ડોનાલ્ડ ટ્રમ્પના ભૂતપૂર્વ સહયોગી બ્રેડ પાર્સકેલની કંપની સાથે 5 કરોડ ડોલરનો કરાર કર્યો છે. આ સિવાય ઇઝરાયલે 2026 માટે વિશ્વભરમાં પોતાની છબી સુધારવા અને પોતાના પક્ષમાં માહોલ બનાવવા માટે 70 કરોડ ડોલરનું બજેટ નક્કી કર્યું છે.

માર્ચમાં આવેલા પ્યુ રિસર્ચના એક સર્વે રિપોર્ટ અનુસાર, લગભગ 60% અમેરિકન લોકોનો ઇઝરાયલ પ્રત્યે નકારાત્મક અભિપ્રાય છે. આનું મોટું કારણ ગાઝા અને ઈરાન યુદ્ધને સંભાળવાની રીત માનવામાં આવી રહી છે. આ જ કારણે ઇઝરાયલ અમેરિકામાં લોકોનો અભિપ્રાય બદલવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચી પોતાના એક ઈન્ટરવ્યૂના કારણે પોતાના જ દેશમાં વિવાદોમાં ઘેરાયા છે. અરાગચીએ તાજેતરમાં એક યુટ્યુબ ઈન્ટરવ્યૂમાં ઈરાન-અમેરિકા અને ઈરાન-ઇઝરાયલ યુદ્ધ, સરકારના નિર્ણયો અને દેશની સુરક્ષા વ્યવસ્થા પર ખુલીને વાત કરી હતી.

ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે જે સુરક્ષા ખામીઓના કારણે ઇઝરાયલ ઈરાનના અનેક વરિષ્ઠ અધિકારીઓ અને મહત્વના સ્થળો પર હુમલો કરી શક્યું હતું, તે ખામીઓ કદાચ હજુ પણ પૂરેપૂરી દૂર થઈ નથી.

ઈરાનના કટ્ટરપંથી નેતાઓ અને રૂઢિચુસ્ત મીડિયાનું કહેવું છે કે અરાગચીએ ટીવી પર એવી બાબતો જણાવી દીધી, જેને ગોપનીય રાખવી જોઈતી હતી. તેમનો આરોપ છે કે વિદેશ પ્રધાને દેશની સુરક્ષા વ્યવસ્થા અને યુદ્ધ દરમિયાન લેવાયેલા નિર્ણયો સાથે જોડાયેલી સંવેદનશીલ માહિતી જાહેર કરી દીધી.

ઈરાનના સરકારી ટીવી પર રાજકીય વિશ્લેષક મુસ્તફા ખુશચશ્મે અરાગચીની ટીકા કરતા કહ્યું, "જો તમારો હેતુ પોતાની છબી સુધારવાનો હતો, તો આ ઈન્ટરવ્યૂથી તમે તમારી સ્થિતિ વધુ ખરાબ કરી લીધી."

અલ જઝીરાના અહેવાલ મુજબ, 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન યુદ્ધમાં અત્યાર સુધીમાં 17 અમેરિકી સૈનિકો માર્યા ગયા છે, જ્યારે 430થી વધુ ઘાયલ થયા છે.

બીજી તરફ, ઈરાની અધિકારીઓનું કહેવું છે કે આ મહિને શરૂ થયેલા અમેરિકી હુમલાઓમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 50 લોકોના મોત થયા છે અને 517 લોકો ઘાયલ થયા છે.

ઈરાને અમેરિકી હુમલાઓથી થયેલા કુલ સૈન્ય અને માળખાકીય સુવિધાઓના નુકસાનના કોઈ સત્તાવાર આંકડા જાહેર કર્યા નથી. ઈરાનના સંસદ અધ્યક્ષ મોહમ્મદ બાગેર ગાલિબાફે મંગળવારે એક નવા કાયદાને ઔપચારિક મંજૂરી આપી છે. આ હેઠળ કટોકટી કે સંકટની સ્થિતિમાં સંસદની કાર્યવાહી ઓનલાઈન યોજી શકાશે.

કાયદા મુજબ, જો સંસદની સંચાલન સમિતિ એ નક્કી કરે છે કે સાંસદો સંસદ ભવનમાં એકઠા થઈ શકે તેમ નથી, તો સંસદનું પૂર્ણ સત્ર, સંસદીય સમિતિઓની બેઠકો અને સંચાલન સમિતિની બેઠકો કોઈ અન્ય સ્થળે અથવા ઓનલાઈન યોજી શકાશે.

# એન્ડી બર્નહામ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા: 10 વર્ષમાં સાતમા PM, બે ભારતીય મૂળના લોકોને મહત્વની જવાબદારી સોંપાઈ

**લંડન, તા.02**

બ્રિટનમાં સોમવારે એન્ડી બર્નહામે નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો. તેઓ છેલ્લા 10 વર્ષમાં બ્રિટનના સાતમા વડાપ્રધાન બન્યા છે.

પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરે 10 ડાઉનિંગ સ્ટ્રીટની બહાર વિદાય ભાષણ આપ્યા બાદ કિંગ ચાર્લ્સને પોતાનું રાજીનામું સુપરત કર્યું. ત્યારબાદ ગ્રેટર માન્ચેસ્ટરના પૂર્વ મેયર એન્ડી બર્નહામે કિંગ સાથે મુલાકાત કરી અને ઔપચારિક રીતે વડાપ્રધાન પદની જવાબદારી સંભાળી.

બ્રિટનના નવા વડાપ્રધાન એન્ડી બર્નહામે સોમવારે પદ સંભાળતા જ પોતાની નવી કેબિનેટની રચના કરી. BBC અનુસાર બર્નહામે પોતાની નવી ટીમમાં ઘણા જૂના મંત્રીઓને જાળવી રાખ્યા છે, જેમાં કનિષ્ક નારાયણ અને લીઝા નંદી પણ સામેલ છે.

કનિષ્ક નારાયણને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) મંત્રી બનાવવામાં આવ્યા છે, જ્યારે લીઝા નંદીને સંસ્કૃતિ મંત્રીના પદ પર યથાવત રાખવામાં આવ્યા છે.

લેબર પાર્ટીના વરિષ્ઠ નેતા જ્હોન હીલીને નાણા મંત્રી બનાવવામાં આવ્યા છે. આ પહેલા તેઓ ટોની બ્લેર અને ગોર્ડન બ્રાઉનની સરકારોમાં મંત્રી રહી ચૂક્યા છે. તાજેતરમાં સંરક્ષણ બજેટને લઈને મતભેદના કારણે તેમણે સ્ટારમર સરકાર છોડી દીધી હતી.

પૂર્વ ઉર્જા મંત્રી એડ મિલિબેન્ડને વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમને આંતરરાષ્ટ્રીય બાબતોના અનુભવી નેતા માનવામાં આવે છે અને જળવાયુ પરિવર્તન પર તેમની નીતિઓ ઘણી ચર્ચિત રહી છે.

શબાના મહેમૂદ ગૃહમંત્રી બની રહેશે. તેઓ અગાઉ પણ કડક ઈમિગ્રેશન નીતિ લાગુ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી ચૂક્યા છે. 2010માં સાંસદ તરીકે ચૂંટાયેલા શબાના બ્રિટિશ સંસદમાં પહોંચનાર શરૂઆતની મુસ્લિમ મહિલા સાંસદોમાંના એક છે.

તેમને ડચી ઓફ લેન્કેસ્ટરના ચાન્સેલર અને પ્રથમ રાજ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. સરકારની પ્રાથમિક યોજનાઓ લાગુ કરવા અને સત્તાના વિકેન્દ્રીકરણ પર તેમની મહત્વની ભૂમિકા રહેશે.

પહેલાં ગૃહ અને વિદેશ મંત્રી રહી ચૂકેલાં યુવેટ કૂપર હવે સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળશે. તેમને સામાજિક સંભાળ (સોશિયલ કેર) વ્યવસ્થામાં સુધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

બર્નહામ સરકારના શરૂઆતી નિર્ણયો પર પણ સૌની નજર રહેશે. સરકારે પહેલાં જ એક મહત્વપૂર્ણ પગલું ભરતાં તમામ કર્મચારીઓ માટે ડિજિટલ ઓળખપત્ર લાગુ કરવાની યોજના રદ કરી દીધી છે. આની શરૂઆત પૂર્વ વડાપ્રધાન કીર



સ્ટાર્મર સરકારે સપ્ટેમ્બર 2025માં કરી હતી.

આનો હેતુ એ હતો કે દેશમાં કામ કરતા દરેક કર્મચારીની ઓળખ અને તેના કામ કરવાના કાનૂની અધિકારની ડિજિટલ રીતે પુષ્ટિ કરી શકાય. સરકારનું માનવું હતું કે આનાથી નકલી દસ્તાવેજોનો ઉપયોગ ઓછો થશે અને ગેરકાયદેસર સ્થળાંતર પર રોક લગાવવામાં મદદ મળશે.

જોકે, આ યોજનાનો શરૂઆતથી જ વિરોધ થવા લાગ્યો. ટીકાકારોનું કહેવું હતું કે આનાથી સરકાર નાગરિકોની ખાનગી માહિતી પર જરૂરિયાત કરતાં વધુ નિયંત્રણ મેળવી શકે છે. ડેટા સુરક્ષા અને ગોપનીયતાને લઈને પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા.

બ્રિટનનું અર્થતંત્ર છેલ્લા ઘણા વર્ષોથી નબળું રહ્યું છે. 2008ની વૈશ્વિક આર્થિક મંદી, બ્રેક્ઝિટ અને કોવિડ-19 મહામારીને કારણે લોકોનું જીવનધોરણ સતત પ્રભાવિત થયું છે. બર્નહામે વચન આપ્યું છે કે તેઓ સામાન્ય લોકોના જીવનમાં વાસ્તવિક સુધારો લાવશે. તેમણે ટેક્સ ન વધારવાનું પણ વચન આપ્યું છે.

બર્નહામ ઘરેલું મુદ્દાઓ પર વધુ ધ્યાન આપવા માગે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ તેમને તેમ કરવાની સંપૂર્ણ છૂટ આપશે નહીં. યુક્રેન યુદ્ધ હજુ ચાલુ છે અને મધ્ય પૂર્વમાં પણ તણાવ વધેલો છે. એવું માનવામાં આવે છે કે આ બંને મુદ્દાઓ પર બ્રિટનની વિદેશ નીતિમાં બહુ મોટો ફેરફાર થશે નહીં, કારણ કે NSA જોનાથન પોવેલ પોતાના પદ પર બની રહી શકે છે.

સાથે જ અમેરિકા સાથે બ્રિટનના સંબંધો પણ નવી સરકાર માટે મહત્વના રહેશે. પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે સારા સંબંધો બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓનું ખુલ્લેઆમ સમર્થન ન કરવાને કારણે બંને નેતાઓ વચ્ચે તણાવ પેદા થયો હતો.

સંરક્ષણ ખર્ચ વધારવા અંગેના મતભેદને કારણે ગયા મહિને કીર સ્ટાર્મર સરકારના સંરક્ષણ મંત્રી જોન હીલીએ રાજીનામું આપી દીધું હતું. તેમનું કહેવું હતું કે સેના માટે પ્રસ્તાવિત બજેટ વધારો પૂરતો નથી.

તેના કેટલાક અઠવાડિયા પછી સ્ટાર્મરે આગામી ચાર વર્ષમાં સંરક્ષણ બજેટમાં 15 અબજ પાઉન્ડ (લગભગ 1.9 લાખ કરોડ રૂપિયા)ના વધારાની જાહેરાત કરી. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે વધારાના પૈસા ક્યાંથી આવશે અને કયા સરકારી વિભાગોના બજેટમાં કાપ મૂકીને તેની ભરપાઈ કરવામાં આવશે.

તાજેતરના વર્ષોમાં બ્રિટનમાં ચોખ્ખા સ્થળાંતર (નેટ માઈગ્રેશન)માં નોંધપાત્ર ઘટાડો થયો છે. આનું કારણ અગાઉની કન્ઝર્વેટિવ સરકાર દ્વારા લાગુ કરાયેલી કડક ઈમિગ્રેશન નીતિઓ છે. જેને લેબર સરકારે પણ ચાલુ રાખી છે.

મે મહિનામાં એન્ડી બર્નહમે સ્વીકાર્યું હતું કે ઈમિગ્રેશનમાં ઘટાડો થયો છે, પરંતુ તેમણે કહ્યું કે તેને વધુ ઘટાડવાની જરૂર છે. તેમણે એ પણ સંકેત આપ્યો કે તેઓ ભૂતપૂર્વ ગૃહમંત્રી શબાના મહમૂદની કડક ઈમિગ્રેશન નીતિને મોટા પાયે ચાલુ રાખશે. જોકે, લેબર પાર્ટીના ઘણા સાંસદો અને ઉદારવાદી સમર્થકો તેનો વિરોધ કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં, બર્નહમ સામે સૌથી મોટો પડકાર પોતાની પાર્ટીની અંદરના વિરોધ વચ્ચે સંતુલન જાળવવાનો રહેશે.

બ્રિટનમાં સરકારનો સામાજિક કલ્યાણ (વેલફેર) પરનો ખર્ચ સતત વધી રહ્યો છે. આનું એક મોટું કારણ કાર્યકારી વયના એવા લોકોની વધતી સંખ્યા છે, જેઓ માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના આધારે સરકારી સહાય લઈ રહ્યા છે. આમાં મોટી સંખ્યામાં યુવાનો છે, જેઓ બેરોજગાર છે.

## મધદરિયે સળગી બોટ, જીવ બચાવવા લોકો તરફડિયાં મારીને કૂદ્યા

# 5નાં મોત, 41 લોકો હજુ પણ ગુમ; 271 પેસેન્જર-ક્રૂ સવાર હતા; ઈન્ડોનેશિયામાં માદુરા ટાપુ નજીક ભયંકર દુર્ઘટના

**જકાર્તા, તા.02**

ઈન્ડોનેશિયાના માદુરા ટાપુ નજીક રવિવારે સવારે એક પેસેન્જર ફેરી બોટમાં આગ લાગી હતી. રોઈટર્સ અનુસાર, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે 41 લોકો હજુ પણ ગુમ છે.

ઈન્ડોનેશિયાની રાષ્ટ્રીય સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી અનુસાર ફેરીમાં કુલ 271 મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. બપોર સુધીમાં 225 લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના લોકોની શોધખોળ ચાલુ છે.

ફેરી પૂર્વ જાવાના સુરાબાયાથી દક્ષિણ સુલાવેસીના મકાસાર જઈ રહી હતી. આ દરમિયાન માદુરા ટાપુ નજીક તેમાં આગ લાગી હતી. આગ લાગવાનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. હાલમાં ગુમ થયેલા લોકોની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે.

**આગ લાગતા જ ફેરીમાં અફરાતફરી મચી ગઈ**

ઘટનાના સામે આવેલા વીડિયો અને તસવીરોમાં જોઈ શકાય છે કે ફેરીમાંથી કાળો ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા. આગ ફેલાયા પછી મુસાફરો જીવ બચાવવા માટે ફેરીના આગળના ભાગ તરફ ભાગતા જોવા મળ્યા. ઘણા લોકો ગભરાયેલા હતા. બચાવ ટુકડી આસપાસના દરિયાઈ વિસ્તારમાં ગુમ થયેલા લોકોની શોધ કરી રહી છે.

**ઘણી બોટોની મદદથી ચાલી રહ્યું છે રેસ્ક્યુ ઓપરેશન**

સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી અનુસાર દુર્ઘટના પછી ઘણી બચાવ બોટો અને અન્ય સંસાધનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા. રાહત ટુકડી સમુદ્રમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે જેથી ગુમ થયેલા લોકોનો પત્તો લગાવી શકાય. અધિકારીઓએ જણાવ્યું કે ઓપરેશન હજુ ચાલુ છે અને મૃતકો કે ગુમ થયેલા લોકોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે.

**આગ કેવી રીતે લાગી, હજુ માહિતી નથી**

અધિકારીઓએ જણાવ્યું કે ફેરીમાં આગ કયા કારણે લાગી, તેની માહિતી હજુ સામે આવી નથી. દુર્ઘટનાની તપાસ કરવામાં આવશે. એજન્સીએ હાલમાં આગ લાગવાના કારણ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી.

**ગયા વર્ષે પણ આવી જ મોટી દુર્ઘટના થઈ હતી**

આ ઘટના એવા સમયે બની છે જ્યારે લગભગ એક વર્ષ પહેલા પણ ઈન્ડોનેશિયામાં ફેરીમાં આગ લાગવાની મોટી દુર્ઘટના થઈ હતી. જુલાઈ 2025માં નોર્થ સુલાવેસી પ્રાંત પાસે KM Barcelona 5 નામની યાત્રી ફેરીમાં આગ લાગી હતી. તે દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા, જ્યારે લગભગ 150 લોકોને બચાવવામાં આવ્યા હતા. ફેરીમાં લગભગ 280 લોકો સવાર હતા.

**2021માં પણ સમુદ્રમાં ફેરીમાં આગ લાગી હતી**

આ પહેલા મે 2021માં KM કાર્ય ઈન્દહ નામની ફેરી ટરનેટેથી રવાના થયાના થોડા સમય બાદ મોલુક્કા સાગરમાં આગની ઝપેટમાં આવી ગઈ હતી. તે દરમિયાન મુસાફરો અને ક્રૂને જીવ બચાવવા માટે સમુદ્રમાં છલાંગ લગાવવી પડી હતી. સ્થાનિક માછીમારો અને બચાવ એજન્સીઓની મદદથી 181 મુસાફરો, જેમાં 22 બાળકો પણ સામેલ હતા, અને 14 ક્રૂ મેમ્બરને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. તે દુર્ઘટનામાં કોઈ મૃત્યુ થયું ન હતું.

**ઈન્ડોનેશિયામાં અવારનવાર ફેરી અકસ્માતો થાય છે**

ઈન્ડોનેશિયા દુનિયાનો સૌથી મોટો દ્વીપીય દેશ છે, જ્યાં 17 હજારથી વધુ ટાપુઓ છે. એક ટાપુથી બીજા ટાપુ સુધી જવા માટે મોટી સંખ્યામાં લોકો ફેરી સેવાઓ પર નિર્ભર રહે છે. આવા સંજોગોમાં દરિયાઈ અકસ્માતો અહીં સામાન્ય માનવામાં આવે છે.

# અમેરિકામાં બર્ગર રેસ્ટોરાં બહાર અંધાધૂંધ ગોળીબાર, 3નાં મોત : અનેક ઘાયલ, પાર્કિંગ એરિયામાં રાઈફલ લઈને યુવક ભાગતો જોવા મળ્યો

**ઈડાહો, તા.02**

અમેરિકાના ઈડાહો રાજ્યના ટ્વિન ફોલ્સ શહેરમાં શનિવારે ઈન-એન-આઉટ બર્ગર રેસ્ટોરન્ટમાં અંધાધૂંધ ગોળીબાર થયો. શહેરના અધિકારીઓ અનુસાર ઘટનામાં 3 લોકોના મોત થયા છે, જ્યારે 7 લોકો ઘાયલ થયા છે. ઘણા ઘાયલોની હાલત ગંભીર છે.

પોલીસને રેસ્ટોરન્ટ નજીક જ શંકાસ્પદ હુમલાખોરનો મૃતદેહ મળ્યો. જોકે, અધિકારીઓએ હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે મૃતકોની સંખ્યામાં હુમલાખોરનો સમાવેશ થાય છે કે નહીં. પોલીસ પ્રમુખ મેથ્યુ હિક્સે જણાવ્યું કે હાલમાં વિસ્તારમાં કોઈ જોખમ નથી. હુમલાખોરની ઓળખ અને હુમલાના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. નજરેજોનાર મુજબ, હુમલાખોર AR-સ્ટાઈલ રાઈફલ લઈને આવ્યો હતો. ગોળીબાર શરૂ થતાં જ રેસ્ટોરન્ટમાં અફરાતફરી મચી ગઈ અને ગ્રાહકો તથા કર્મચારીઓ જીવ બચાવીને ભાગવા લાગ્યા. ઘણા લોકોએ ઘાયલ કર્મચારીઓને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરી.

આ રેસ્ટોરન્ટ 24 જુલાઈએ જ ખુલ્યું હતું અને ઈડાહોમાં કંપનીના



વિસ્તરણનો ભાગ હતું. ઘટના બાદ વિસ્તારને ઘેરીને તપાસ શરૂ કરવામાં આવી છે.

સીએનએન સાથે વાત કરતા એક સ્થાનિક શહેર અધિકારીએ જણાવ્યું કે આ ઘટના શનિવારે સ્થાનિક સમય અનુસાર બપોરે લગભગ 2:30 વાગ્યે બની હતી. ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને હુમલાખોરને ઠાર માર્યો. ઘટનાની જાણ થતા જ પોલીસ દળે તરત જ વિસ્તારને ઘેરી લીધો. હુમલાખોરને આત્મસમર્પણ કરવા માટે કહેવામાં આવ્યું, પરંતુ તેણે ગોળીબાર ચાલુ રાખ્યો. આ પછી, પોલીસ દ્વારા કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં હુમલાખોર ગોળી વાગવાથી માર્યો ગયો.

**લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગ્યા**

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં એક વ્યક્તિ 'ઈન-એન-આઉટ બર્ગર' રેસ્ટોરન્ટ સામે AR-સ્ટાઈલની અત્યાધુનિક રાઈફલ લહેરાવતો જોવા મળી રહ્યો છે. અન્ય એક વીડિયોમાં તે જ વ્યક્તિ પાર્કિંગમાં ગોળીઓ વરસાવતો જોવા મળ્યો. ઘટનાના તરત જ બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા.

**હુમલાખોરને ઠાર કરવામાં આવ્યો**

ઘટનાની જાણ થતાં જ ટ્વિન ફોલ્સ પોલીસ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી. લગભગ એક કલાકની અંદર અધિકારીઓએ જાહેરાત કરી કે 'હવે હુમલાખોરથી કોઈ ખતરો નથી.' ટ્વિન ફોલ્સના પોલીસ પ્રમુખ મેથ્યુ હિક્સે એક પ્રેસ કોન્ફરન્સ કરતા કહ્યું, 'શંકાસ્પદ હુમલાખોર ઘટના સ્થળ નજીક જ હાજર હતો, જેને ઠાર કરવામાં આવ્યો છે. અમે હુમલાખોરની ઓળખ કરવા અને આ હુમલા પાછળના હેતુઓ (Motivations)ની તપાસ કરી રહ્યા છીએ.'

પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને હુમલાખોરને ઠાર માર્યો. અમેરિકામાં ગન કલ્ચરના કાયદાઓ અને નાગરિકોની સુરક્ષા પર ફરી સવાલો ઊભા થયા.

# પેરુમાં ટૂરિસ્ટ પ્લેન ક્રેશ, ક્રૂ સહિત 13ના મોત : 2000 વર્ષ જૂની નાઝકા લાઈન્સ જોવા ગયા હતા; મૃતકોની ઓળખ થઈ શકી નથી

**વોશિંગ્ટન, તા.02**

પેરુના નાઝકા શહેરની બહાર શનિવારે પ્રવાસીઓને લઈ જતું એક નાનું પ્લેન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં 13 લોકોના મોત થયા છે. એજન્સીના અહેવાલો અનુસાર, પ્લેને નજીકના ઈકા શહેરથી ઉડાન ભરી હતી.

નાઝકા લાઈન્સ પાસે પહોંચ્યા બાદ પ્લેન ખેતરમાં પડ્યું હતું. તેમાં આગ લાગી હતી. પ્લેનમાં 2 પાઈલટ ઉપરાંત 11 પ્રવાસીઓ હતા. દુર્ઘટના બાદ પ્લેનના કાટમાળ પાસે સળગેલા મૃતદેહો વિખરાયેલા પડ્યા હતા.

ખરેખરમાં, 2000 વર્ષ જૂની નાઝકા લાઈન્સને સંપૂર્ણપણે ફક્ત પ્લેન અથવા વ્યુઈંગ ટાવરથી જ જોઈ શકાય છે. તેથી પ્લેન પ્રવાસીઓને લઈને નીકળ્યું હતું. મૃત્યુ પામેલા લોકો ક્યાંના હતા, તેની માહિતી સામે આવી નથી.

**પેરુ પ્લેન દુર્ઘટના બાદ ખેતરમાં વિખરાયેલા મૃતદેહો**

**14 વર્ષથી સિનિક ફ્લાઈટ્સ આયોજિત કરી રહી હતી કંપની**



જે પ્લેન અકસ્માતનો ભોગ બન્યું, તેને પેરુની કંપની 'એરોડિયાના' ઓપરેટ કરી રહી હતી. એરલાઈનની વેબસાઈટ અનુસાર, તેઓ છેલ્લા 14 વર્ષથી સેસના ગ્રાન્ડ કારવાં પ્લેનનો ઉપયોગ કરીને નાઝકા લાઈન્સ ઉપર સિનિક ફ્લાઈટ્સ (નજારા બતાવતી ઉડાન)ની સુવિધા આપી રહ્યા છે. અકસ્માતની તપાસ કરવામાં આવી રહી છે. એરોડિયાનાએ કોઈ ટિપ્પણી કરી નથી.

**પેરુના મૂળ નિવાસીઓએ નાઝકા લાઈન્સ બનાવી હતી**

પેરુની રાજધાની લીમાથી લગભગ 400 કિમી દક્ષિણમાં પેરુના નાઝકા અને પાલ્પા રણમાં કેટલીક આકૃતિઓ બનેલી છે. એવું માનવામાં આવે છે કે તે 200 ઈસા પૂર્વથી 600 ઈસવીસન વચ્ચે નાઝકા સંસ્કૃતિના લોકો દ્વારા બનાવવામાં આવી હતી. રણની ઘેરા રંગની પથ્થરીલી સપાટી હટાવીને નીચેની હળવી માટીને દર્શાવવામાં આવી હતી, જેનાથી આ આકૃતિઓ બની ગઈ.

ઘણી આકૃતિઓ 100 થી 300 મીટર અને તેનાથી પણ મોટી છે. કેટલીક સીધી રેખાઓ ઘણા કિલોમીટર સુધી જાય છે. તે શા માટે બનાવવામાં આવી, તે આજે પણ રહસ્ય છે. વૈજ્ઞાનિકોના મતે, તે ધાર્મિક વિધિઓ, પાણીના સ્ત્રોત, અવકાશની ગણતરીઓ અથવા સંસ્કૃતિ સાથે સંબંધિત હોઈ શકે છે.

અહીં ખૂબ ઓછો વરસાદ અને શુષ્ક આબોહવા હોવાને કારણે, આ આકૃતિઓ લગભગ 2,000 વર્ષથી સુરક્ષિત રહી છે.

આમાં વાંદરા, હમિંગબર્ડ (નાની ચકલી), કરોળિયા, કોન્ડોર, વ્હેલ, વૃક્ષો, હાથ બનેલા છે.

તેમનો પૂરો આકાર પ્લેન, હેલિકોપ્ટર, આસપાસની ઊંચી ટેકરીઓ પરથી જ સ્પષ્ટ દેખાય છે.

તેમનો પૂરો આકાર પ્લેન, હેલિકોપ્ટર, આસપાસની ઊંચી ટેકરીઓ પરથી જ સ્પષ્ટ દેખાય છે. 1994માં UNESCOએ નાઝકા લાઈન્સને વિશ્વ વારસો જાહેર કર્યો.

**નાઝકામાં પહેલાં પણ થઈ ચૂક્યા છે અકસ્માતો**

છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પ્રખ્યાત હેરિટેજ સાઈટ પર વિમાન દુર્ઘટનાનો આ પહેલો કેસ નથી. 2022માં એક બીજું નાનું પ્રવાસી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું, જેમાં સવાર સાત લોકોના મોત થયા હતા. 2010માં પણ એક પ્રવાસી વિમાન આ જ જગ્યા ઉપર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું, જેમાં વિમાનમાં સવાર છ લોકો મૃત્યુ પામ્યા હતા.

## તંત્રી લેખ

# પીએસયુ બેંકોનો તગડો નફો પણ ગ્રાહકોને સંતોષ આપી શકી નથી

દેશની લગભગ તમામ પીએસયુ બેંકોએ તાજેતરમાં તગડો નફો બતાવ્યો છે. દરેક બેંકો બેડ લોન્સ, પ્રધાનોની ચિઠ્ઠીથી અપાતી લોન, અધૂરા ડોક્યુમેન્ટથી અપાતી લોન વગેરથી દુર રહી છે. નોન પરફોર્મિંગ એસેટ(એનપીએ)ને પણ કાબુમાં રાખી શકી હોવાથી જાહેર ક્ષેત્રની બેંકો નફો રળી શકે છે. પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક જેવી બહુ જાણીતી બેંકોના નફામાં વધારો થયો છે તેમજ શેરમાર્કેટમાં પણ નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં પણ વધારો નોંધાયો છે. સામાન્ય રીતે લોકો માનતા હતા કે ખાનગી બેંકો અને જાહેર ક્ષેત્રની બેંકો વચ્ચે ગ્રાહકોને સારી સર્વિસ આપવામાં સ્પર્ધા ચાલે છે પરંતુ ગ્રાહકો બહુ સારી રીતે જાણે છેકે બંનેનો આશય વધુ નફો રળવાનો છે અને તે માટે બંને ગ્રાહકો પર વિવિધ ચાર્જીસ લગાવે છે. સરકાર બેંકોની કામગીરીમાં સુધારણાની જાહેરાતો બહુ મોટા પાયે કરે છે પરંતુ તેના અમલીકરણની સિસ્ટમ ઉભી કરી શકતી નથી. ઉદાહરણ તરીકે બે મહિના અગાઉ એવી જાહેરાત કરાઈ હતી કે આજે ડિપોઝિટ કરાવેલો ચેક સાંજેજ પાસ થઈને તે રકમ ખાતામાં આવી જશે. સિસ્ટમ બહુ સારી હતી. લોકો જે દિવસે ચેક ભરે તેજ દિવસે તે પાસ થઇ જાય તેને ભારતના આર્થિક તંત્રમાં એક બહુ ઉપયોગી પગલાં તરીકે આવકારાયું હતું. અત્યાર સુધી એવું હતું કે લોકો ચેક ભરે એટલે બીજી દિવસે તે ક્લીયરીંગ જાય અને ત્રીજા દિવસે ખાતામાં પૈસા જમા થતા હતા. સત્તાવાળાઓએ જ્યારે એકજ દિવસમાં ક્લિયરીંગની વાત કરી ત્યારે સામે છેડે બેંકાએ મનમાની શરૂ કરી હતી અને સવારે અગિયાર વાગ્યા સુધીમાં ચેક ભરાય તોજ તે કિલ્યરીંગમાં મોકલાશે એમ નક્કી કર્યું હતું. રિઝર્વ બેંક અને નાણા મંત્રાલય બંનેને બેંકોની મનમાનીની ખબર છે પરંતુ તે પગલાં લઈ શક્યા નથી.કેટલીક બેંકોમાં ગુજરાતી નહીં જાણતો સ્ટાફ હોય છે જેના કારણે ગુજરાતી લોકોની રજૂઆતો તે લોકો સમજી શકતા નથી જેના કારણે બેંકોની કે સરકારની યોજનાનો લાભ પણ મેળવી શકતા નથી કે પોતાની અન્ય આર્થિક સમસ્યાનો ઉકેલ પણ લાવી શકતા નથી. બેંકના ગ્રાહકો ખરેખર બેંકો મારફતે લેવાતી દંડની રકમ સમાન હીડન કોસ્ટ, નબળી સર્વિસ અને ડિજીટલ ઘાંધિયાથી ત્રસ્ત છે. કેટલાક ચાર્જીસ તો સાવજ ખોટા લેવાય છે. જ્યારે બેંકો તે બાબતે બેંકના વહિવટકારોને સવાલ કરે છે ત્યારે એવો જવાબ મળે છેકે રિઝર્વ બેંકની સૂચના છે. હજારો લોકોના ખાતામાંથી મિનિમમ બેલેન્સ ના હોવાના કારણે દંડ પેટે ચોક્કસ રકમ કપાઈ છે. ગ્રાહકના ખાતાનું બેલેન્સ ખાલી થાય ત્યાં સુધી તે રકમ કપાય છે. ગ્રાહક જેવો પૈસા ડિપોઝિટ કરેકે તરતજ બાકી કપાત તેમાંથી કાપી લેવાય છે. બેંકો ક્યારેય ગ્રાહકને સમજાવતી નથી કે મિનિમમ બેલેન્સ રાખવું જરૂરી છે. નાનો બિઝનેસ કરતા યુવાનો બિઝનેસના નામે કરંટ ખાતું ખોલાવે છે. તે બેલેન્સ ના રાખી શકે તે સ્વભાવિક છે. તેના ખાતામાંથી પૈસા કાપી લેવાય છે. સરકાર એક તરફ સ્ટડાર્ટઅપને પ્રોત્સાહન આપે છે તો બીજી તરફ બેંકો ઉદ્યોગ સાહસિકોના ખાતામાંથી પૈસા કાપી નાખે છે. કેટલીક બેંકો મનમાની રીતે પેનલ્ટી લગાવે છે અને ગ્રાહકને જાણ કર્યા વગેર તેના ખાતામાંથી પૈસા કાપી નાખે છે. કેવાયસી બાબતે પણ બેંકોનું વલણ જડભરત સમાન હોય છે. કેવાયસી નહીં આપનારનું ખાતું અચાનકજ ફ્રીઝ કરી દેવામાં આવે છે. ખાતેદારને એસએમએસ કરીને જણાવવાની તસ્દી પણ નથી લેવાતી. ગ્રાહક બિચારો દોડતો પૂછવા જાય છે કે મારું ખાતું બંધ કેમ છે ત્યારે તેની પાસે કેવાયસી માંગવામાં આવે છે. એટીએમ સર્વિસના ધાંધિયાથી પણ લોકો પરેશાન છે. એટીએમમાં પૈસા લેવાનું નિષ્ફળ થાય તો અથવા ડિજીટલ એપમાં મુશ્કેલી આવે તો પણ ખાતામાં પૈસા પાછા આવતા લાંબી રાહ જોવી પડે છે. બેંકોની તમામ સેવાઓ મફત હોય છે એમ માનવાની જરૂર નથી. ગ્રાહકોના પૈસાનો વહિવટ કરતી બેંકો એક સમયે નોન પર્ફોર્મીંગ એસેટના મુદ્દે બદનામ હતી. તેના કરોડા રૂપિયા ડૂબ્યા હતા. મોબાઈલ ટેકનોલોજી વિકસી છે. દરેક ટેલિકોમ કંપની એસએમએસ સર્વિસ ફ્રી આપે છે પરંતુ બેંકો તેના પર ચાર્જ વસુલ કરીને પોતાનો નફો વધારે છે.

**સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે : આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા**

# ગેર વહિવટનો વરસાદ : તંત્ર ભ્રષ્ટાચારમાં અને શહેરો પાણીમાં ડૂબેલા છે

## વિકાસના નામે જે હદે પ્રિ મોન્સુન ભ્રષ્ટાચાર કરવામાં આવે છે કે, વરસાદ પડે કે ન પડે પણ શહેરોમાં ભુવા ચોક્કસ પડે છે

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે : આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા. તળાવો અને વાવો અદ્રશ્ય થતી ગઈ. સિમેન્ટ અને ડામરે ધરતીના શ્વાસ રુંધી નાખ્યા. પાણીને જમીનમાં ઊતરવાના રસ્તા બંધ થતા ગયા : દુર્ભાગ્ય એ છે કે આપણા દેશમાં જવાબદારી નક્કી કરવાની સંસ્કૃતિ હજુ પણ નબળી છે. વરસાદ પૂરો થતાં જ ફાઈલો પણ સુકાઈ જાય છે અને આગામી ચોમાસા સુધી બધું ભુલાવી દેવાય છે. બીજી તરફ સમાજ પણ આ નિષ્ફળતામાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. નાળાઓમાં પ્લાસ્ટિક ફેંકવું, જળ નિકાલના માર્ગો પર અતિક્રમણ કરવું, જાહેર સ્થળોને કચરાપેટીમાં ફેરવી દેવા પણ જળભરાવને આમંત્રણ આપે છે

ભારતમાં વરસાદ પડવો અને ન પડવો બંને વ્યવસ્થા અને વ્યથાનો ભાગ છે. ચામાસું સારું જાય તો ખેડૂતો માટે સારી વ્યવસ્થા થાય છે પણ બીજી તરફ શહેરોમાં વ્યથા ભોગવવાની આવે છે. વરસાદ ઓછો પડે તો શહેરોમાં સારી વ્યવસ્થા જળવાઈ રહે છે પણ ખેતી માટે વ્યથા ઊભી થાય છે. આ બંને પાસા વચ્ચે એક ત્રીજી વ્યવસ્થા ઊભી થયેલી છે. તે છે ગેરવહિવટના વરસાદની વ્યવસ્થા. દેશના દરેક મોટા શહેરો અને નગરોની પાલિકાઓ અને તેની સાથે સંકળાયેલી એજન્સીઓ દ્વારા એવી અદ્વિતિય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો આત્મનિર્ભર થઈ ગયા છે. તેમણે પ્રજાના અભાવ અને આફતને પોતાની કમાણીના અવસર બનાવી દીધા છે.

આપણા દેશમાં ગેરવહિવટનો વરસાદ જ એવો પડે છે કે, તંત્ર આખું ભ્રષ્ટાચારમાં અને શહેરો પાણીમાં ડૂબી જાય છે. પ્રજા માત્ર લાચારીથી પોતાની જ વ્યથાને જોતી રહે છે. વરસાદ આજે શહેરોમાં ભયનું પર્યાય બનતો જઈ રહ્યો છે. વાદળો વરસે છે, ત્યારે મહાનગરોથી લઈને નાના શહેરો સુધીના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ જાય છે. ક્યાંક વાહનો તણાઈ જાય છે, ક્યાંક હોસ્પિટલોમાં પાણી ભરાઈ જાય છે, તો ક્યાંક એરપોર્ટ ઠપ થઈ જાય છે. ઘણીવાર તો લોકો પોતાના ઘરોમાં કેદ થઈને રહી જાય છે. આ દ્રશ્ય હવે અપવાદ નથી રહ્યું, લગભગ દરેક ચોમાસામાં આ લાચારી જોવા મળે છે. દેશના દરેક મોટા શહેરમાં પાણી ભરાવાની, તેના કારણે વીજળી ગુલ થવાની, ટ્રાફિક જામ થવાની અને બીજી ઘણી સમસ્યાઓ સતત વધી રહી છે પણ તંત્રને તેમાં રસ જ નથી. સ્પેસ ટેક્નોલોજીથી રસ્તા બનાવતી સરકારને ખરેખર રસ્તા ઉપર ભરાતા પાણી અને તેમાં અટવાતો સામાન્ય માણસ દેખાતો નથી.

જાણકારોના મતે સૌથી પહેલાં તો કેટલાક સવાલોના જવાબો શોધવાની તાતી જરૂર છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે. જે તળાવોમાં પાણી રોકાવું જોઈતું હતું, ત્યાં બહુમાળી ઈમારતો ખડી કરી દેવામાં આવી. જે નાળાઓમાંથી વરસાદનું પાણી નીકળતું હતું, ત્યાં મકાનો બનાવી દેવાયા. જે વેટલેન્ડ્સને શહેરની 'કુદરતી કિડની' કહેવામાં આવે છે, તેમને સિમેન્ટ-કંક્રિટથી ઢાંકી દેવામાં આવી. હવે પાણી પોતાના જૂના રસ્તા શોધે છે, તો આપણે તેને 'આપત્તિ' કહી દઈએ છીએ.

પર્વતીય રાજ્યોમાં પણ એક જ



વરસાદમાં જે પૂર આવે છે, વાદળ ફાટે છે અને ફ્લેશ ફ્લડ આવે છે તેમાં પણ આ અવિચારી અને અયોગ્ય વિકાસ જ જવાબદાર છે. આકાશમાંથી આવતું પાણી નદીમાં ભળીને આગળ વધે છે અને તે પોતાના કુદરતી રસ્તે જ આગળ જાય છે. જો તેમાં કોઈ વિઘ્ન આવે છે તો તે રસ્તો બદલે છે. આપણે નદીઓ કાપીને શહેરો વિકસાવી દીધા છે. તળાવો પૂરીને મકાનો અને હોટેલો બનાવી દીધા છે. તેના કારણે હવે પાણી પોતાના આગળ વધવાના રસ્તા શોધે છે અને દર વર્ષે ચોમાસામાં શહેરોમાં અફરાતફરી સર્જાય છે.

આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા. તળાવો અને વાવો અદ્રશ્ય થતી ગઈ. સિમેન્ટ અને ડામરે ધરતીના શ્વાસ રુંધી નાખ્યા. પાણીને જમીનમાં ઊતરવાના રસ્તા બંધ થતા ગયા. પરિણામ એ આવ્યું કે થોડાક કલાકનો વરસાદ પૂરા શહેરની ગતિ રોકી દે છે. ચારે તરફ માત્ર પાણીનું સામ્રાજ્ય હોય છે.

ઉલ્લેખનીય છે કે, ક્લાઈમેટ ચેન્જે અનેક પડકારોને વધુ કઠિન બનાવી દીધા છે. હવે વરસાદનું સ્વરૂપ બદલાઈ ગયું છે. પહેલાં જે પાણી કેટલાય દિવસોમાં પડતું હતું, તે હવે થોડાક કલાકોમાં જ પડી જાય છે. એવામાં પચાસ-સાઠ વર્ષ જૂના ધોરણો પર બનેલી સીવર વ્યવસ્થા ધ્વસ્ત થઈ જાય છે. નાળાઓ છલકાવા લાગે છે. રસ્તાઓ નદી બનવા લાગે છે. એવામાં વ્યવસ્થા પાસેથી અપેક્ષા રાખવી એ પોતાની જાતને છેતરવા સમાન છે. તેમાંય હાલમાં તો મોટાભાગે ફરિયાદો આવે છે કે, સ્થાનિક તંત્ર અને મળતીયાઓ અને કોન્ક્ટ્રાક્ટરો ભ્રષ્ટાચારમાં એવા ડૂબેલા હોય છે કે, પાણી અને વરસાદના નામે શહેર આખું ડૂબી જાય તો પણ તેમને કોઈ ફરક પડતો નથી.

નવાઈની વાત એ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા જૂની યોજનાને નવા વાઘા પહેરાવીને અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત ૨.૦ / છસ્રૂઈ ૨.૦), રેઈન વોટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણીનો સંચય), અર્બન ફ્લડ મેનેજમેન્ટ અને 'સ્પોન્જ સિટી' જેવી વિભાવનાઓને આગળ વધારવામાં આવી હતી. જો આ યોજનાઓનું પ્રામાણિકતાથી અમલીકરણ થાય, તો ભારતીય શહેરોનું ચિત્ર બદલાઈ શકે છે. ભારતમાં એ ક્રમ રહ્યો છે કે, સરકારી યોજનાઓ પહેલાં સરકારી જાહેરાતોમાં જોવા મળે છે અને ત્યારબાદ તેના પરિણામો પણ સરકારની વાહવાહી કરતી જાહેરાતો અને પોસ્ટરોમાં જ જોવા મળે છે. તેનું અમલીકરણ અને તેની અસરો જમીની સ્તરે તો જોવા જ મળતા નથી. જાણકારોના મતે 'સ્પોન્જ સિટી' શબ્દ સાંભળવામાં આધુનિક લાગે છે, પરંતુ તેની મૂળ વિભાવના ભારતીય પરંપરાથી બહુ દૂર નથી. ગામડાઓમાં ખાબોચિયા તળાવ હતા, વાવ હતી, તળાવો હતા, ખુલ્લા મેદાનો હતા અને ખેતરોની પાળ હતી. આજથી દાયકાઓ પહેલાં વરસાદનું પાણી જમીનમાં સમાઈ જતું હતું. ગામડાઓમાં આજે પણ વરસાદી પાણી જમીનમાં ઉતરી જાય છે પણ શહેરોમાં તેમ થતું નથી. શહેરોમાં વિકાસના નામે ભ્રષ્ટાચાર વધ્યો અને તળાવો, મેદાનો અને ખુલ્લી જગ્યાનો ભોગ લેવાયો. ત્યારબાદ ત્યાં બેફામ રીતે બાંધકામો થયો અને પછી જમીનમાં ઉતરતું પાણી અટકી ગયું. ચારે તરફ ડામર અને સિમેન્ટ-કોંક્રિટના રસ્તા થઈ ગયા અને જમીનમાં ઉતરતું પાણી અટકી ગયું. વાવા, કુવા બધું જ બંજર થઈ ગયું અને પાણી જમા થવાના બદલે ભરાવા લાગ્યું. ભ્રષ્ટાચારીઓનું તેનાથી પણ પેટ ભરાયું નહીં. પ્રજાને સુવિધાના નામે લુંટયા બાદ ફરી એક સુવિધા આપવાનું કહીને લોકોના પરસેવાની ટેક્સની કમાણી ફરી પાછા વહિવટોમાં વાપરવાનું નક્કી કરવામાં આવ્યું. શહેરોમાં કરોડો રૂપિયા ખર્ચીને કૃત્રિમ જળાશયો બનાવવામાં આવ્યા, રેઈન ગાર્ડન અને વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમો બનાવવામાં અને લગાવવામાં આવી જેથી પાણી જમીનમાં ઉતરે. બોરવેલ રિચાર્જ થાય અને ભૂગર્ભજળનું સ્તર વધે. આ ખરેખર પ્રજાનો કે વ્યવસ્થાનો વિકાસ નથી પણ ભ્રષ્ટ તંત્ર, તેમના મળતીયાઓ અને કૌભાંડી કોન્ટ્રાક્ટરોનો વિકાસ છે. નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓની જવાબદારી નક્કી કર્યા વિના આ સંકટનો ઉકેલ શક્ય નથી. જો કોઈ શહેરમાં દર વર્ષે એ જ રસ્તાઓ ડૂબે છે, એ જ અંડરપાસ જળમગ્ન થાય છે અને એ જ વિસ્તારો જળભરાવનો ભોગ બને છે, તો આને કુદરતી આપત્તિ ન કહી શકાય. આ વહીવટી નિષ્ફળતા છે. દુર્ભાગ્ય એ છે કે આપણા દેશમાં જવાબદારી નક્કી કરવાની સંસ્કૃતિ હજુ પણ નબળી છે. વરસાદ પૂરો થતાં જ ફાઈલો પણ સુકાઈ જાય છે અને આગામી ચોમાસા સુધી બધું ભુલાવી દેવાય છે. બીજી તરફ સમાજ પણ આ નિષ્ફળતામાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. નાળાઓમાં પ્લાસ્ટિક ફેંકવું, જળ નિકાલના માર્ગો પર અતિક્રમણ કરવું, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા ન કરવી અને જાહેર સ્થળોને કચરાપેટીમાં ફેરવી દેવા પણ જળભરાવને આમંત્રણ આપે છે. શહેરોની દેખરેખ સરકાર કરે છે, પરંતુ નાગરિકોની પણ જવાબદારી બને છે. દરેકની પોતાની ફરજ છે.

અમદાવાદની જ વાત કરીએ તો અહીંયા તંત્ર એવું નઘરોળ અને નિંભર થઈ ગયું છે કે, પ્રજાના કામમાં કોઈ રસ જ નથી. તેમાંય ચોમાસું આવે એટલે પ્રિ મોન્સુન પ્લાનના નામે પ્રિ-ભ્રષ્ટાચારની કામગીરીઓ શરૂ થઈ જાય છે. અમદાવાદમાં એવા અનેક વિસ્તારો છે જ્યાં દાયકાઓથી પાણી ભરાય છે ત્યાં તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ અને મળતીયાઓ દ્વારા ઘણો સ્વવિકાસ કરાયો પણ આજની તારીખે પાણી ભરાય છે, ભુવા પડે છે. ઘણા વિસ્તારોમાં વિકાસ એટલો વધી ગયો છે કે, વગર વરસાદે પણ ભુવા પડી જાય છે. તેમાંય ચોમાસું શરૂ થાય એટલે અમદાવાદી તંત્ર પોતાનું ભ્રષ્ટાચારનું ઋતુકાવ્યા લખે છે. તે મનપાના મેઘદૂતમમાં મેઘને ચેતવવામાં આવે છે. હે મેઘ તું સૌથી પહેલાં ખમાસાથી નીકળીને પૂર્વ ઝોનમાં જોજે ત્યાં ૩૮ જગ્યાએ વર્ષોથી પાણી ભરાય છે. ત્યાં ન જવાય તો દક્ષિણ ઝોનમાં જજે ત્યાં મણિનગરમાં તને અચૂક પાણી ભરાયેલા મળશે અને તારું નસીબ હશે તો એકાદ ભુવામાં પણ પડવાનો તને લાહવો મળશે. જો તારું પુણ્ય તપતું હશે તો નારોલ-નરોડા રોડ ઉપર તને ભરાયેલા પાણી અને ટ્રાફિકમાં કલાકો સુધી ફસાઈ રહેવાનો અવસર પણ મળશે. તારામાં હિંમત વધે તો મધ્ય ઝોનમાં આંટો મારી આવજે ત્યાં પણ આઠ-દસ વિસ્તાર તને જળમગ્ન દેખાશે. ત્યાંથી નીકળ્યા બાદ તું ઉત્તર ઝોનમાં જજે ત્યાં ત્રીસેક વિસ્તારો છે જેમાં તને રસ્તા ઉપર બોટ લઈને ફરવાનો આનંદ માણવાનો અવસર મળશે. ત્યાંથી આગળ વધીને તું ઉત્તર પશ્ચિમ ઝોન અને ત્યાંથી આગળ શીલજ, શેલા રોડ સુધી જઈ આવજે ત્યાં તને ત્રણ-ત્રણ દિવસ સુધી રસ્તા ઉપર પાણી ભરાયેલા જોવાનો લાહવો મળશે.

# ઈશ્વર સાથેનો સંબંધ અને માણસ માટેનો સદભાવ જ જ્યારે જીવનની સૌથી મોટી મૂડી બની જાય છે ત્યારે જીવનમાં કોઈ અંધકાર રહેતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવન એક મોટું ખાતું છે. દરરોજ આપણે તેમાં કંઈક જમા કરીએ છીએ અને કંઈક ઉપાડીએ છીએ. કેટલીકવાર આપણે રૂપિયાનો હિસાબ રાખીએ છીએ,તો કેટલીક વાર કર્મનો.પણ સૌથી મોટોહિસાબ તો એ છે કે આપણો સંબંધ કોની સાથે છે.

જેનો સંબંધ પૃથ્વીના રાજા સાથે હોય તેની નાની-મોટી અટકેલી બાબતો પણ એક પળમાં ઉકેલાઈ જાય છે.અને જેનો સંબંધ બ્રહ્માંડ ના રાજા,દયાળુ પરમાત્મા સાથે જોડાઈ જાય,તેના માટે તો જીવન માં કોઈ સમસ્યા જ રહેતી નથી કારણ કે સમસ્યા આવે તે પહેલાં જ તેનો ઉકેલ આવી જાય છે.

આપણે એ જ સત્યને સમજવાનો પ્રયાસ કરીશું. એક કથા આપણને શીખવે છે 'સંબંધની શક્તિ' અને બીજી કથા શીખવે છે 'સમય અને વિચારની પવિત્રતા'. બંને ભેગી થાય ત્યારે જીવનનું સાચું આધ્યાત્મિક સૂત્ર બને છે:સારા સંબંધ અને સારા વિચારએ જ ઈશ્વરની સૌથી મોટી પૂજા છે.

રાજા સાથેનો સંબંધ:ડરને પ્રેમમાં બદલી નાખે છે.એકવાર એક પંડિતે પોતાની પુત્રીના ભવિષ્ય માટે એક દુકાનદારને પાંચ સો રૂપિયા આપ્યા હતા.સમય વીત્યો, પુત્રી મોટી થઈ, અને જ્યારે પૈસા પાછા માંગવાનો વારો આવ્યો ત્યારે દુકાનદારે સ્પષ્ટ ના પાડી દીધી.ન કોઈ લેખિત પુરાવો ન કોઈ સાક્ષી. પંડિત લાચાર બની ગયો.અંતે તે રાજા પાસે ગયો. રાજાએ કોઈ લાંબુ ભાષણ ન આપ્યું. બસ એટલું જ કહ્યું, 'કાલે મારી સવારી નીકળશે, તું તે દુકાન પાસે ઊભો રહેજે.'

બીજા દિવસે જે થયું તે ચમત્કારથી ઓછું નહોતું. રાજાએ જાહેર રસ્તા પર સૌની સામે પંડિતને પ્રણામ કર્યા, તેને પોતાની શાહી ગાડીમાં બેસાડ્યો અને 'ગુરુજી' કહીને સન્માન આપ્યું. થોડી વાર પછી રાજા બોલ્યો, 'પંડિતજી, મેં મારો ભાગ ભજવી દીધો. હવે આગળ તમારા ભાગ્ય પર છે.'અને ખરેખર, ભાગ્ય પલટાઈ ગયું. દુકાનદારેજ્યારે આ દ્રશ્ય જોયું તો તેના પગ નીચેથી જમીન સરકી ગઈ. જેને તે સામાન્ય પંડિત સમજતો હતો તે રાજાનો ગુરુ નીકળ્યો. ડરના કારણે જ નહીં, પણ આદરના કારણે તેણે તરત હિસાબ તપાસ્યો. પાંચસોના બદલે વ્યાજ સાથે બાર હજાર થઈ ગયા હતા. અને ઉપરથી પુત્રીના લગ્ન માટે એક હજાર રૂપિયા ભેટમાં પણ આપ્યા. કુલ તેર હજાર પાંચસો સાથે પંડિત ઘરે પાછો ફર્યો.

અહીં પ્રશ્ન પૈસાનો નહોતો. પ્રશ્ન હતો ઓળખનો.જ્યાં સુધી પંડિતએકલો હતો, ત્યાં સુધી તેની કોઈ કિંમત નહોતી.પણ જેવો તેનો સંબંધ રાજા સાથે દુનિયાની સામે આવ્યો, એવી જ ક્ષણે દુકાનદારનું વલણ બદલાઈ ગયું.

આપણે પણ જીવનમાં ઘણીવાર એવા 'દુકાનદારો'ને મળીએ છીએ અહંકાર, લોભ,અન્યાય,સંજોગો. તેઓ આપણું હકનું પણ આપતા નથી.આપણે ફરિયાદ કરીએ,રડી એ, પણ પરિણામ શૂન્ય.પણ જે ક્ષણે આપણે 'રાજા' એટલે કે પરમાત્માને આપણા જીવનની સવારીમાં બેસાડીએ છીએ,તે જ ક્ષણે દુનિયાનો દ્રષ્ટિ કોણ બદલાઈ જાય છે. જે લોકો આપણને નહોતા ઓળખતા તેઓ આદર આપવા લાગે છે. જે દરવાજા બંધ હતા તે ખુલી જાય છે. કારણ કે જ્યારે ઈશ્વર આપણા પક્ષમાં હોય, ત્યારે વિરોધી પણ મિત્ર બની જાય છે.

શાસ્ત્રોમાં પણ કહ્યું છે: 'યસ્ય દેવે પરા ભક્તિ, યથા દેવે તથા ગુરૌ' જેની ભગવાનમાં પરમ ભક્તિ છે, તેના માટે બધું સરળ થઈ જાય છે. પૃથ્વીના રાજાનો એક ઈશારો આખી દુનિયા બદલી શકે છે, તો વિચારો બ્રહ્માંડના રાજાનો એક આશીર્વાદ શું ન કરી શકે?પાંચ મિનિટનો સમય:બીજાનું ભલું કે પોતાનું ભવિષ્ય?બીજી કથા વધુ કઠોર છે,પણ વધુ સત્યની નજીક છે. એક માણસને રસ્તામાં યમરાજ મળ્યા. તરસ્યા યમરાજને તેણે પાણી પીવડાવ્યું. પ્રસન્ન થઈને યમરાજે તેને એક તક આપી: 'આ ડાયરીમાં તું પાંચ મિનિટમાં જે લખીશ તે સત્ય થશે.'માણસે ડાયરી ખોલી.પહેલા પાને લખ્યું હતું કે પાડોશી લોટરી જીતવાનો છે. તેણે તરત લખી નાખ્યું: 'પાડોશીએ ન જીતવું જોઈએ.' બીજા પાને મિત્ર મંત્રી બનવાનો હતો. તેણે લખ્યું: 'મિત્ર હારી જવો જોઈએ.' આમ તે પાના ફેરવતો રહ્યો અને બીજાઓનું અહિત ઈચ્છવામાં પોતાનો બધો સમય વેડફી નાખ્યો.

જ્યારે પોતાના પાના પર પહોંચ્યો ત્યારે સમય પૂરો થઈ ગયો હતો. યમરાજે ડાયરી બંધ કરી અને કહ્યું, 'તેં તારો આખો સમય બીજાનું ખરાબ ઈચ્છવામાં વિતાવ્યો. હવે તારા માટે કંઈ બચ્યું નથી.'માણસ પસ્તાયો,પણ તીર છૂટી ગયું હતું.

*ઈશ્વર આપણને રોજ એક 'પાંચ મિનિટની ડાયરી' આપે છે. તેનું નામ છે આજનો દિવસ, આજનો શ્વાસ, આજની તક.

કોઈની પ્રગતિથી બળીએ છીએ? કોઈના પતનની રાહ જોઈએ છીએ? સોશિયલ મીડિયા પર બીજાની ટીકા કરવામાં સમય કાઢીએ છીએ?કે પછી પોતાનું જીવન સુધારવા, કોઈની મદ કરવા, કોઈના માટે પ્રાર્થના કરવામાં સમય વાપરીએ છીએ?

યમરાજની ડાયરીની જેમ,આપણો સમય પણ મર્યાદિત છે. અને સૌથી મોટી કરુણતા એ છે કે આપણે ઘણીવાર પોતાનું ભવિષ્ય સુધારવાને બદલે બીજાનું ભવિષ્ય બગાડવામાં શક્તિ વાપરીએ છીએ.

સંતો કહે છે:'પર નિંદા,પર દોષ દર્શનએ યમના દૂતોનું કામ છે.'જે બીજાનું ભલું ઈચ્છે છે, તેના માટે ભગવાન સ્વયં રસ્તા ખોલે છે. અને જે બીજાનું બૂરું ઈચ્છે છે, તે સૌથી પહેલા પોતાનું જ બૂરું કરી બેસે છે. બંને કથાઓનું મિલન:સંબંધ+સેવા = મુક્તિ જો ધ્યાનથી જોઈએ તો બંને વાર્તાઓ એક જ સિક્કાની બે બાજુ છે.

પહેલી વાર્તા કહે છે:ઉપર સાથે સંબંધ રાખો.બીજી વાર્તા કહે છે: બાજુવાળા સાથે સદભાવ રાખો.

પંડિતે રાજા સાથેનો સંબંધ સાચવ્યો,એટલે તેનું કામ થયું.તે માણસે યમરાજ પાસેથી તક મળી, પણ તેણે તેનો ઉપયોગ સ્વાર્થ અને ઈર્ષ્યામાં કર્યો, એટલે તેનું કામ બગડ્યું.જીવનમાં સફળતાનું સૂત્ર આટલું જ છે: *ઊર્ધ્વ સંબંધ ભગવાન સાથે પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણનો સંબંધ. રોજ થોડીવાર મૌન, પ્રાર્થના, સ્મરણ. જેમ રાજાએ પંડિતને ઓળખ આપી, તેમ ભગવાન આપણને સંકટમાં ઓળખ આપે છે. *સમક્ષ સંબંધ માણસ સાથે કરુણા, સહાય અને શુભેચ્છાનો સંબંધ. પાણી માંગનારને પાણી આપવું, ભલે સામે યમરાજ જ કેમ ન હોય. જેની પાસે આ બંને છે, તેને કોઈ દુકાનદાર છેતરી શકતો નથી અને કોઈ યમરાજ પણ અકાળે લઈ જઈ શકતો નથી. વ્યવહારમાં આપણે શું કરીએ? આ કથાઓ માત્ર સાંભળવા માટે નથી. તેને જીવવા માટે છે. *પ્રથમ દરરોજ સવારે પાંચ મિનિટ ભગવાનને આપો. ફરિયાદ માટે નહીં, ફક્ત કૃતજ્ઞતા માટે. કહો: 'પ્રભુ, તું મારો રાજા છે.મારી નાની- મોટી બધી જવાબદારી તને સોંપું છું.

# કર્ણ અર્જુન જેવો જ ધનુર્ધર હતો, એટલે જ એને છળથી મારવામાં આવ્યો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુ સનાતન સંસ્કૃતિ મુજબ ધર્મ રુપી બળદનાં ચાર ચરણો, એટલે કે તપ, શૌચ,( પવિત્રતા) દયા અને સત્ય બતાવ્યાં છે, પણ કળિયુગમાં પ્રથમ ત્રણ બહું અનુસરી શકાતાં નથી! અને સત્ય એટલે કે સદાચાર પણ એટલું આચરી શકાય નહીં, એટલે ભાગવત અનુસાર કળિયુગમાં દાનને જ મુખ્ય ધર્મ કહ્યો છે. સતયુગ, ત્રેતા, અને દ્વાપરમાં પણ દાનનો મહિમા હતો જ, પણ કળિયુગમાં વિશેષ મહત્વ છે! અને આપણે જાણીએ છીએ કે અધર્મે જ્યારે માઝા મુકી છે, ત્યારે બીજું કંઈ થાય કે ન થાય, પણ દાન ખૂબ થાય છે! ભલે એનાં કારણો કદાચ જુદાં જુદાં હોઈ શકે! એટલે કે દરેક દાન પાછળ સંવેદના હોતી નથી, ક્યારેક સ્વર્ગ નર્ક અને પાપનો ડર પણ હોય છે, તો ક્યારેક ટેક્સથી બચવા પણ દાન કરે છે, પરંતુ વધતી જતી વસ્તી અને ગરીબી દૂર કરવાં કોઈ ને કોઈ રીતે સામાજિક દાયિત્વ નિભાવવા દાન કરવું એ મહત્વપૂર્ણ છે. સમાજમાં આજે કેટલી કેટલીય એનજીઓ સામાજિક દાયિત્વ માટે ચાલે છે, અને જો એને દાન મળે નહીં તો એ કેમ ચાલે? હાં એક વાત જુદી છે કે, પોતાનાને રાખે કે ન રાખે, પણ ક્યારેક સ્ટેટ્સ માટે પણ દાન કરતાં હોય છે! આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ અને મહાભારતનું એક મહત્વનું પાત્ર એટલે કર્ણ, કે જેની આગળ દાનેશ્વરીનું વિશેષણ લાગે છે ! એનાં વિશે આપણે વાત કરીશું.

મહાભારતમાં કર્ણ એક એવું પાત્ર છે, જેને જોતાં આપણને લાગે કે અર્જુન જેવો જ ધનુર્ધર હોવા છતાં, એને ખૂબ અન્યાય થયો છે! કર્ણ અધિરથ અને રાધાનાં પાલક પુત્ર તરીકે ઓળખાય છે, આ ઉપરાંત દાસીપુત્ર, રાધેય કે અંગરાજનાં નામથી ઓળખાય છે. પરંતુ એ કુંતીનો પુત્ર છે, કુંતી જ્યારે કુંવારી હતી, ત્યારે એમણે સૂર્ય દેવને પુત્ર માટે આહવાન કર્યું અને એનો જન્મ થયો, પરંતુ કુંવારી માતાને હંમેશાં સમાજમાં બદનામીનો ડર લાગે છે, એમ કુંતીને પણ લાગ્યો! અને એમણે નવજાત શિશુને એક પેટીમાં મુકી નદીમાં વહાવી દીધો! અને એ પુત્રને અધિરથ અને રાધાએ ઉછેર્યો! એટલે કે રાજ મહેલમાં જેનો ઉછેર થવો જોઈએ, એ સામાન્ય ઘરમાં ઉછર્યો! કર્ણનાં દેખાવ વિશે કહેવું હોય, તો એ સુવર્ણના તાડ જેવો ઊંચો, સિંહ જેવો પ્રતિભાશાળી, દાનવીર, પરાક્રમી અને તેજસ્વી હતો. તે મહાન દાતા તરીકે જાણીતો હતો, અને તે દરરોજ સવારે દાન આપતો.

કર્ણ અને પરશુરામ વચ્ચે ગુરુ અને શિષ્યનો સંબંધ હતો. કર્ણ મહાન યોદ્ધા બનવાં માંગતો હતો, પરંતુ પરશુરામ માત્ર બ્રાહ્મણોને જ શસ્ત્ર વિદ્યા શીખવતા હતા, તેથી કર્ણે પોતાની સાચી ઓળખ છુપાવી બ્રાહ્મણ હોવાનું જૂઠું બોલીને પ્રવેશ મેળવ્યો હતો. પરશુરામજીએ કર્ણને તમામ દિવ્ય અસ્ત્ર-શસ્ત્રનું જ્ઞાન આપ્યું. પરંતુ એક દિવસ પરશુરામજી જંગલમાં કર્ણનાં ખોળામાં માથું રાખીને સૂતાં હતાં, ત્યારે એક ભ્રમર જેવા કીડાએ કર્ણનાં સાથળમાં ડંખ મારવાનું અને લોહી ચૂસવાનું શરૂ કર્યું, પણ ગુરુની ઊંઘ બગડે નહીં, તે માટે કર્ણે આ અસહ્ય પીડા ચૂપચાપ સહન કરી લીધી, અને જરાય હલ્યો નહીં. પરશુરામજી જ્યારે જાગ્યાં અને જોયું કે કર્ણનો સાથળ લોહીલુહાણ છે. તેઓ સમજી ગયાં કે આટલી ભયંકર પીડા કોઈ બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય જ સહન કરી શકે. સત્ય બહાર આવતાં ગુસ્સે ભરાયેલાં પરશુરામે કર્ણને શાપ આપ્યો, કે જ્યારે તને સૌથી વધુ જરૂર હશે, ત્યારે તું આ બધી વિદ્યા ભૂલી જઈશ, પરંતુ વિજયી નામનું ધનુષ્ય ભેટ આપ્યું, અને કહ્યું કે આ ધનુષ તારાં હાથમાં હશે ત્યાં સુધી તને કોઈ હરાવી નહીં શકે. મૂળ વ્યાસ મહાભારતમાં કર્ણની પત્નીઓના નામનો સીધો ઉલ્લેખ નથી, પરંતુ સ્ત્રી પર્વમાં તેની એક પત્નીનો ઉલ્લેખ છે, જે યુદ્ધ ભૂમિ પર પોતાનાં પુત્રો માટે વિલાપ કરે છે. પ્રાદેશિક ગ્રંથો અને આધુનિક સાહિત્ય જેમ કે શિવાજી સાવંતની પ્રખ્યાત નવલકથા મૃત્યુંજય મુજબ કર્ણની મુખ્યત્વે બે પત્નીઓ હતી.કેટલાંક દક્ષિણ ભારતીય નાટકો અને પુસ્તકોમાં કર્ણની પત્ની તરીકે ઉરુવી અથવા પદ્માવતી નામની ક્ષત્રિય રાજકુમારીનો પણ ઉલ્લેખ જોવા મળે છે.વૃષાલીકર્ણની પ્રથમ પત્ની કે જે દુર્યોધનનાં સારથિ સત્યસેનની પુત્રી હતી. વૃષાલી સુશીલ અને ધૈર્યવાન હતી, તે પતિનાં સદ્ગુણને ઓળખતી હતી, પરંતુ દુર્યોધન પ્રત્યેની તેની વફાદારી સામે તેણે કર્ણને ચેતવ્યો હતો. કર્ણનાં મૃત્યુ પછી તે સતી થઈ હોવાનું માનવામાં આવે છે.સુપ્રિયા કર્ણની બીજી પત્ની હતી, અને એ દુર્યોધનની પત્ની ભાનુમતીની દાસી હતી. જ્યારે દુર્યોધને કલિંગની રાજકુમારી ભાનુમતીનું હરણ કર્યું, ત્યારે કર્ણે તેને મદદ કરી હતી. ત્યારબાદ, ભાનુમતીનાં લગ્ન દુર્યોધન સાથે અનેસુપ્રિયાનાં લગ્ન કર્ણ સાથે થયાં હતાં. મહાભારતમાં કર્ણનાં નવ પુત્રનો ઉલ્લેખ મળે છે જેમાં વૃષસેન, શુષેણ, સત્યકામ, વૃષકેતુ,ચિત્રસેન,બાનસેન દ્વિપત, પ્રસેન,શત્રુંજય નામ છે.

ઓગષ્ટના પ્રથમ રવિવારે આપણે ફ્રેન્ડશિપ ડે એટલે મિત્રતા દિવસ ઉજવીએ છીએ! મહાભારતમાં કર્ણ અને દુર્યોધનની મિત્રતા ઈતિહાસમાં અતૂટ માનવામાં આવે છે. આ મિત્રતાની શરૂઆત હસ્તિનાપુરમાં આચાર્ય દ્રોણે રાખેલીરંગભૂમિની સ્પર્ધા દરમિયાન થઈ હતી. ગુરુ દ્રોણાચાર્યે જ્યારે અર્જુનને વિશ્વનો સર્વશ્રેષ્ઠ ધનુર્ધર જાહેર કર્યો, ત્યારે કર્ણએ અણધારી રીતે રંગભૂમિમાં પ્રવેશ કર્યો, અને અર્જુન જેવાં જ પરાક્રમો કરી બતાવ્યાં. ત્યાર બાદ તેણે અર્જુનને દ્વંદ્વયુદ્ધ યુદ્ધનો સામનો કરવા માટે પડકાર્યો.પરંતુ જ્યારે અર્જુન કર્ણ સાથે લડવા તૈયાર થયો, ત્યારે કૃપાચાર્ય અને ભીષ્મએ નિયમ જણાવ્યો કે રાજકુમાર માત્ર રાજકુમાર અથવા રાજા સાથે જ દ્વંદ્વયુદ્ધ રમી શકે. તેમણે કર્ણને તેના કુળ અને પિતાનું નામ પૂછ્યું. કર્ણ સૂતપુત્ર હોવાથી રંગભૂમિમાં તેનું ભારે અપમાન થયું,અને પાંડવોએ તેની મજાક ઉડાવી.દુર્યોધન પાંડવો અને ખાસ કરીને અર્જુનની તાકાતથી ઈર્ષ્યા કરતો હતો. તેણે જોયું કે કર્ણ એકમાત્ર એવો યોદ્ધા છે ,જે અર્જુનને હરાવી શકે છે. કર્ણનું અપમાન થતું જોઈ દુર્યોધને તુરંત જ સભા વચ્ચે જાહેરાત કરી કે, 'જો નિયમ મુજબ રાજા હોવું જરૂરી છે, તો હું હમણાં જ કર્ણને અંગ દેશનો રાજા જાહેર કરું છું. દુર્યોધને ત્યાં જ બ્રાહ્મણોને બોલાવી કર્ણનો રાજ્યાભિષેક કર્યો અને તેને'અંગરાજ'બનાવ્યો. આ સન્માનથી ભાવુક થઈને કર્ણએ દુર્યોધનને પૂછ્યું આ સન્માનનાં બદલામાં શું જોઈએ છે ત્યારે દુર્યોધને સાચી મિત્રતા માંગી. બસ આ ક્ષણથી બંને વચ્ચે એવી મિત્રતા શરૂ થઈ જે જીવનના અંત સુધી ચાલી. કર્ણએ પણ હંમેશાં દુર્યોધનનો પક્ષ ન્યાયી છે કે અન્યાયી તે જોયા વગર પોતાની વફાદારી નિભાવી.

### સામાખ્યાલી-ભચાઉ રેલખંડના ડબલિંગ અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ

# અમદાવાદ મંડળે સામાખ્યાલી જંક્શન ખાતે 46 કલાકનું નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું

**અમદાવાદ રેલ્વે, તા.02**

બ્લોક દરમિયાન 162 ટ્રેનોનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું. બ્લોક પહેલાં એક જ દિવસમાં રેકોર્ડ 30 લોંગ-હોલ ટ્રેનોનું સંચાલન કરીને અવિરત માલવહન સુનિશ્ચિત કરવામાં આવ્યું, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં સામાખ્યાલી જંક્શન ખાતે 46 કલાકનું નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય સામાખ્યાલી-વોંધ-ભચાઉ સ્ટેશનો વચ્ચેના બે બ્લોક સેક્શનમાં ચૌહરીકરણ (Quadrupling) અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટના કમિશનિંગ માટે કરવામાં આવ્યું છે. આ પડકારજનક અને અત્યંત મહત્વપૂર્ણ કાર્ય અમદાવાદ મંડળ તથા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC)ની ટીમો દ્વારા



ઉત્તમ સંકલન, સચોટ આયોજન અને અથાગ પ્રયાસોથી નિર્ધારિત સમયમર્યાદામાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

અવરોધ છતાં માલગાડીઓનું સરળ અને રેકોર્ડ સંચાલન

નોન-ઈન્ટરલોકિંગ બ્લોકની અસરને ન્યૂનતમ કરવા અને નેટવર્કની ગતિશીલતા જાળવી રાખવા માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી:

અવરોધ દરમિયાન સંચાલન: 46 કલાકના NI કાર્ય દરમિયાન અવિરત માલવહન સુનિશ્ચિત કરતાં કુલ 162 ટ્રેનોનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું.

રેકોર્ડ લોંગ-હોલ ટ્રેન સંચાલન: NI કાર્ય શરૂ થવાના તુરંત પહેલાંના 04 દિવસમાં અમદાવાદ મંડળ દ્વારા કુલ 103 લોંગ-હોલ ટ્રેનો દોડાવવામાં આવી, જેમાં એક જ દિવસમાં 30 લોંગ-હોલ ટ્રેનોના સંચાલનનો નવો રેકોર્ડ પણ સામેલ છે.

નવી લાઈનનું કમિશનિંગ: નવી લાઈનનું સંચાલન રેલવે સંરક્ષા આયુક્ત (CRS)ના નિરીક્ષણ બાદ જ શરૂ કરવામાં આવશે.

ઓટોમેટિક સિગ્નલિંગ: વોંધ અને સામાખ્યાલી સ્ટેશનો વચ્ચેની ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ વોંધ સ્ટેશનનું નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય પૂર્ણ થયા બાદ કાર્યરત કરવામાં આવશે.

નોન-ઈન્ટરલોકિંગ કાર્યની વિગતો

NI કાર્યની શરૂઆત: 31 જુલાઈ 2026, સવારે 11:00 વાગ્યે

રી-કનેક્શન પ્રાપ્ત: 02 ઓગસ્ટ 2026, સવારે 09:15 વાગ્યે

કુલ કાર્ય અવધિ: 45 કલાક 15 મિનિટ

પરીક્ષણ કરવામાં આવેલા સિગ્નલિંગ ગિયર્સ

રૂટ્સ (Routes): 167

સિગ્નલ અને ટ્રેક: 82

ક્રોસઓવર: 21

લેવલ ક્રોસિંગ ગેટ: 03

ફિટનેસની વર્તમાન સ્થિતિ

પોઈન્ટ નંબર 142 (રિવર્સ પોઝિશન) સિવાય તમામ ગિયર્સને સુરક્ષિત અને સંચાલન માટે ફિટ જાહેર કરવામાં આવ્યા છે. લાઈન નંબર 06 અને 07 હાલ ઈલેક્ટ્રિક ટ્રેનના સંચાલન માટે અનફિટ છે.

નવનિર્મિત રેલ લાઈનનું નિયમિત સંચાલન રેલવે સંરક્ષા આયુક્ત (CRS)ના નિરીક્ષણ અને મંજૂરી બાદ શરૂ કરવામાં આવશે.

સામાખ્યાલી-ભચાઉ રેલખંડના ચૌહરીકરણ (Quadrupling) તથા આધુનિક સિગ્નલિંગ સિસ્ટમના અમલીકરણથી આ મહત્વપૂર્ણ માલવહન કોરિડોરની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. તેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ બનશે તેમજ ભવિષ્યમાં વધતા ટ્રાફિકને સુચારુ રીતે સંચાલિત કરવામાં મદદ મળશે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ જટિલ તકનીકી કાર્યને નિર્ધારિત સમયમર્યાદામાં સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અમદાવાદ મંડળ તથા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC)ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમને અભિનંદન પાઠવ્યા.

# નિયમોને નેવે મુકનાર જૂનમાં 2,646 વાહનચાલકો દંડાયા: રૂ.1.06 કરોડથી વધુનો દંડ વસૂલાયો

## ડ્રાઈવિંગ લાયસન્સ વિનાના 344 ઝડપાયા, વડોદરા RTOની કાર્યવાહી

**વડોદરા, તા.02**

વાહન વ્યવહારના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે આર.ટી.ઓ. (RTO) વડોદરા કચેરી દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વર્ષ 2026 ના જૂન માસ દરમિયાન હાથ ધરવામાં આવેલા ખાસ ચેકિંગ અભિયાન હેઠળ કુલ 2,646 ગુનાહિત વાહનો સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર ઝુંબેશ દરમિયાન વડોદરા RTO દ્વારા વાહનચાલકો પાસેથી ટ્રાફિક નિયમભંગ બદલ કુલ રૂ.1,06,38,204 જેટલો જંગી દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

દંડની રકમની દ્રષ્ટિએ ઓવરલોડ વાહનો અને પરમિટ વિના દોડતા વાહનો સામે સૌથી મોટી કાર્યવાહી જોવા મળી હતી. જેમાં ઓવરલોડિંગના 247 કેસ નોંધાઈને રૂ. 31,00,583 અને પરમિટ વિના વાહન ચલાવવાના 339 કેસમાં રૂ. 11,62,500 નો દંડ વસૂલાયો હતો. આ ઉપરાંત, ડ્રાઈવિંગ લાયસન્સ વિના વાહન ચલાવતા 344 ચાલકો પાસેથી રૂ. 9,25,000, ફિટનેસ સર્ટિફિકેટ વિનાના 227 વાહનો પાસેથી રૂ. 6,76,000 તેમજ ટેક્સ ભર્યા વિના રોડ પર દોડતા 59 વાહનો




સામે કાર્યવાહી કરીને રૂ. 4,93,004 નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

રોડ સેફ્ટી અને ટેકનિકલ નિયમોના ભંગ બદલ પી.યુ.સી (PUC) ન હોવાના સૌથી વધુ 514 કેસમાં રૂ. 2,57,000 અને નો-પાર્કિંગના 749 કેસમાં રૂ. 3,74,500 નો દંડ કરાયો હતો. તેમજ થર્ડ પાર્ટી વીમા વગર વાહન ચલાવતા 343 કિસ્સામાં રૂ. 6,86,000, ગેરકાયદેસર સફેદ LED લાઈટના 312 કેસમાં રૂ. 3,12,000 અને બુલ બાર (Bull bar) લગાવવા બદલ 245 કેસ કરીને રૂ. 2,45,000 દંડ પેટે વસૂલાયા હતા. આ ઉપરાંત ઓવર ડાઈમેન્શનના 80 કેસમાં રૂ.8,67,000 અને ભયજનક રીતે વાહન હંકારવાના 143 કેસમાં રૂ. 2,40,000 નો દંડ ફટકારવામાં આવ્યો છે.

અન્ય નિયમભંગોમાં સીટબેલ્ટ અને હેલ્મેટ વગરના 144 કેસ (રૂ. 72,000), Rupd & Supdના 103 કેસ (રૂ. 1,03,000), કલેન્ડેસ્ટાઈન ઓપરેશનના 21 કેસ (રૂ. 2,10,000), બેફામ ઝડપે વાહન ચલાવવાના 46 કેસ (રૂ. 91,500), રેડિયમ રિફ્લેક્ટરના 54 કેસ (રૂ. 54,000) અને નંબર પ્લેટ વિનાના 43 કેસ (રૂ. 36,600) નોંધાયા હતા. આ સિવાય વાહનમાં વધારાના મુસાફરો, ગેરવર્તણૂક અને અન્ય નાના-મોટા ગુનાઓ સામે પણ કાર્યવાહી કરાઈ હતી. RTO તંત્ર દ્વારા તમામ વાહનચાલકોને પોતાની અને અન્યની સુરક્ષા માટે ટ્રાફિકના નિયમોનું કડકપણે પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થિની રડતા રડતા બોલી - ઘરમાં લોટ લાવવાના પણ પૈસા નથી

## જમીન વેચીને ભણવા મોકલ્યા; અહીં વર્ક પરમિટના પણ ઠેકાણા નથી

**જલંધર, તા.02**

કેનેડાની પોર્ટેજ કોલેજમાં અભ્યાસ કરતા પંજાબી વિદ્યાર્થીઓનું આંદોલનમાં દર્દ છલકાયું છે. પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) નકારવામાં આવતા વિદ્યાર્થીઓ 3 અઠવાડિયાથી રસ્તાઓ પર પ્રદર્શન કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓએ આંકડા શેર કરતા જણાવ્યું કે, હાલના સર્વે મુજબ, 485 રિજેક્શનની સામે 50થી પણ ઓછા એપ્રુવલ મળ્યા છે. જ્યારે, પોર્ટેજ કોલેજે એડમિશન સમયે વચન આપ્યું હતું કે તેમને PGWP મળશે અને તેમની ડિગ્રી માન્ય રહેશે. હવે જ્યારે તેમના લાખો રૂપિયા કોર્સ પર બરબાદ થઈ ગયા છે, ત્યારે તેમને ઘરે પાછા જવાનું કહેવામાં આવી રહ્યું છે.

પંજાબની એક વિદ્યાર્થિનીએ જણાવ્યું- પરિસ્થિતિ એવી છે કે ભાડું માંગીને ભરવું પડે છે. 3 દિવસ ભૂખી રહી. અઠવાડિયાઓથી લોટ લાવી શકી નથી. મને મોકલવા માટે સાસરિયાઓએ જમીન પણ વેચી દીધી. 22 થી 25 લાખ રૂપિયા બરબાદ થઈ ગયા. હવે સાસરિયાઓને શું કહું, કેવી રીતે ઘરે જાઉં? જે લોકો વિચારે છે કે કેનેડામાં મજા છે, તેઓ જોઈ લે,



આ અહીંની કડવી વાસ્તવિકતા છે.

અન્ય એક વિદ્યાર્થીએ જણાવ્યું કે કેનેડામાં વર્ક પરમિટના કારણે તે દાદાના મૃત્યુ પર જઈ શકી નહીં. હવે પૈસા બરબાદ થઈ ગયા છે. ઘરવાળાઓને શું કહીએ? આ કહેતા જ તે રડવા લાગી. પિતાના મૃત્યુ પર 1 વર્ષ પહેલા ઘરે ગયેલી વિદ્યાર્થિનીને કેનેડા ઈમિગ્રેશન વિભાગે એમ કહીને વર્ક પરમિટ આપવાનો ઈનકાર કરી દીધો કે તેની એન્ટ્રી 2024માં થઈ નથી.

ધરણા પર બેઠેલા વિદ્યાર્થીઓની આવી જ દર્દભરી કહાનીઓ છે. કેટલાક પર દેવાનો બોજ છે તો ઘણા માતા-પિતાને ન કહી શકવાના કારણે ડિપ્રેશનમાં છે. ચાલો જાણીએ, તેમની કહાણી તેમના જ શબ્દોમાં, સાસરિયાઓએ જમીન વેચીને મોકલી, અહીં ભૂખી રહી છું

પોતાનું નામ ન જણાવતા એક પરણિત વિદ્યાર્થિનીએ જણાવ્યું કે તે 2 વર્ષથી વધુ સમયથી કેનેડાની પોર્ટેજ કોલેજમાં અભ્યાસ કરી રહી છે. સાસરિયાઓએ પોતાની જમીન વેચીને તેને અહીં મોકલી હતી. હવે ઈમિગ્રેશન વિભાગે કહ્યું કે તેની ડિગ્રી માન્ય નથી.

વિદ્યાર્થિનીએ જણાવ્યું - પરિસ્થિતિ એવી છે કે ભાડાના પણ પૈસા નથી. ગેસ સ્ટેશન પર કામ પણ નથી મળી રહ્યું. હું 3 દિવસ ભૂખી રહી. 7-7 દિવસથી ઘરમાં લોટ નથી આવી રહ્યો. હવે હું મારા સાસરિયાઓને શું કહું અને તેમનું 22 લાખ રૂપિયાનું દેવું કેવી રીતે પાછું ચૂકવું? જ્યારે અહીં કોઈ કામ જ નથી મળી રહ્યું.

# ભારતીય રેલવેએ ફરી નિભાવી જીવનરક્ષકની ભૂમિકા: વંદે ભારત એક્સપ્રેસ દ્વારા અંકલેશ્વરથી અમદાવાદ પહોંચાડવામાં આવ્યું જીવંત હૃદય

**અમદાવાદ રેલ્વે, તા.02**

અમદાવાદ: ભારતીય રેલવેએ ફરી એકવાર માનવતાની સેવા અને જીવન બચાવવાની પોતાની પ્રતિબદ્ધતાને સાકાર કરતાં વંદે ભારત એક્સપ્રેસ દ્વારા જીવંત હૃદયના ઝડપી પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજે, 02 ઓગસ્ટ 2026ના રોજ ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ દ્વારા અંકલેશ્વરથી અમદાવાદ સુધી જીવંત હૃદયનું સફળતાપૂર્વક પરિવહન કરવામાં આવ્યું.

આ અવસરે પ્રથમ વખત અંકલેશ્વર રેલવે સ્ટેશન પર મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને વિશેષ સ્ટોપેજ આપવામાં આવ્યું, જેના કારણે જીવંત હૃદયને સમયસર કોચ નંબર E-01માં સુરક્ષિત રીતે ચઢાવવામાં આવ્યું. આ જીવંત હૃદય અંકલેશ્વર સ્થિત શ્રીમતી જયાબેન મોદી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી અમદાવાદ લાવવામાં આવ્યું.

અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નં. 1 પરથી રેલવેના



વાણિજ્ય વિભાગના કર્મચારીઓ તેમજ આરપીએફ અને રાજ્ય પોલીસના સહયોગથી ગ્રીન કોરિડોર બનાવીને જીવંત હૃદયને અત્યંત ઓછા સમયમાં યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવ્યું.

આ હૃદયનું પ્રત્યારોપણ અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરની નિષ્ણાત તબીબી ટીમ દ્વારા કરવામાં આવશે.

નોંધનીય છે કે છેલ્લા ત્રણ દિવસમાં આ બીજો પ્રસંગ છે, જ્યારે જીવંત હૃદયના ઝડપી અને સુરક્ષિત પરિવહન માટે વંદે ભારત એક્સપ્રેસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ દર્શાવે છે કે ભારતીય રેલવેની આધુનિક, ઝડપી અને સમયપાલક સેવાઓ હવે માત્ર મુસાફરોની સુવિધા પૂરતી સીમિત રહી નથી, પરંતુ કટોકટીની તબીબી સેવાઓમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.હૃદય પ્રત્યારોપણની પ્રક્રિયામાં અંગદાનથી લઈને પ્રત્યારોપણ સુધીનો સમય અત્યંત મહત્વપૂર્ણ હોય છે. તબીબી દૃષ્ટિએ, ડોનરનું હૃદય નિર્ધારિત સમયમર્યાદામાં પ્રત્યારોપિત કરવું જરૂરી હોય છે. આવી સ્થિતિમાં, વંદે ભારત એક્સપ્રેસ જેવી હાઈ-સ્પીડ અને સમયબદ્ધ રેલ સેવા ડોનર અંગોના ઝડપી પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીને દર્દીઓને નવું જીવન આપવાનું માધ્યમ બની રહી છે.હૃદય પ્રત્યારોપણની પ્રક્રિયામાં અંગદાનથી લઈને પ્રત્યારોપણ સુધીનો સમય અત્યંત મહત્વપૂર્ણ હોય છે. તબીબી દૃષ્ટિએ, ડોનરનું હૃદય નિર્ધારિત સમયમર્યાદામાં પ્રત્યારોપિત કરવું જરૂરી હોય છે. આવી સ્થિતિમાં, વંદે ભારત એક્સપ્રેસ જેવી હાઈ-સ્પીડ અને સમયબદ્ધ રેલ સેવા ડોનર અંગોના ઝડપી પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીને દર્દીઓને નવું જીવન આપવાનું માધ્યમ બની રહી છે.

પશ્ચિમ રેલવેએ આ સંવેદનશીલ અભિયાનને સફળ બનાવવા માટે સંબંધિત હોસ્પિટલો, રાજ્ય પોલીસ, તબીબી ટીમો તેમજ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે ઉત્તમ સંકલન સુનિશ્ચિત કર્યું. ભારતીય રેલવે ભવિષ્યમાં પણ આવા માનવતાવાદી અને જીવનરક્ષક અભિયાનોમાં શક્ય તમામ સહયોગ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. પશ્ચિમ રેલવેએ આ સંવેદનશીલ અભિયાનને સફળ બનાવવા માટે સંબંધિત હોસ્પિટલો, રાજ્ય પોલીસ, તબીબી ટીમો તેમજ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે ઉત્તમ સંકલન સુનિશ્ચિત કર્યું. ભારતીય રેલવે ભવિષ્યમાં પણ આવા માનવતાવાદી અને જીવનરક્ષક અભિયાનોમાં શક્ય તમામ સહયોગ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# DGP જી. એસ. મલિક વડોદરાની મુલાકાતે, કાયદો-વ્યવસ્થાની સમીક્ષા બેઠક યોજી: સુરક્ષા

- ટ્રાફિક અને ગુનાખોરી નિયંત્રણ રાખવા અંગે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું



**વડોદરા, તા.02**

રાજ્યના નવા નિયુક્ત થયેલા ડીજીપી જી. એસ. મલિકે આજે 21 જુલાઈ વડોદરાની પ્રથમ મુલાકાત લીધી હતી. પોલીસ ભવન ખાતે પહોંચતા જ તેમનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ડીજીપીનું સ્વાગત કર્યું હતું. પોલીસ ભવન ખાતે ડીજીપીએ વડોદરા અને આસપાસના જિલ્લાઓની કાયદો-વ્યવસ્થાની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં વરિષ્ટ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન ડીજીપી મલિકે શહેરની સુરક્ષા વ્યવસ્થા, ગુનાખોરી નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે આંતરિક સુરક્ષા વધુ મજબૂત બનાવવા, સ્ટ્રીટ ક્રાઈમ અને સાયબર ક્રાઈમ પર કડક કાર્યવાહી કરવા તેમજ પોલીસ-જનતા વચ્ચે સમન્વય વધારવા માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ડીજીપીએ ટ્રાફિકના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને ટ્રાફિક જામ અને અકસ્માતો ઘટાડવા માટે ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. આ સાથે જ શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પેટ્રોલિંગ અને નાઈટ વિજિલન્સ વધારવા પર ભાર મૂક્યો હતો. ડીજીપીની આ પ્રથમ મુલાકાત અને માર્ગદર્શનથી વડોદરા પોલીસમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# વરસાદમાં રોંગ સાઈડની આફત: BRTS રૂટમાં રોંગ સાઈડ આવેલી ST બસે એમ્બ્યુલન્સનો રસ્તો રોક્યો, રિવર્સ લેવાની ફરજ પડી

**સુરત, તા.02**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુસળધાર વરસાદને કારણે સમગ્ર શહેરના જનજીવન પર માઠી અસર પડી છે. ધોધમાર વરસાદ અને રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે વાહનોની વિઝિબિલિટી અત્યંત ઘટી ગઈ છે અને સમગ્ર વાહનવ્યવહાર ખૂબ જ મંથર ગતિએ ચાલી રહ્યો છે. વરસાદી માહોલ વચ્ચે રસ્તાઓ પર અકસ્માતની સંભાવનાઓ વધી જતી હોય છે, ત્યારે સુરતના ભેસ્તાન વિસ્તારમાંથી જાહેર માર્ગો પર વાહનચાલકોની ભારે બેદરકારી દર્શાવતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. BRTS બસના અનામત રૂટમાં એક સરકારી એસ.ટી. (ST) બસ નિયમોનો સરેઆમ ભંગ કરીને સામેથી રોંગ સાઈડમાં ઘૂસી આવતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વરસાદી ધુંધળા વાતાવરણમાં રોંગ સાઈડમાં આવી રહેલી આ બસના કારણે સૌથી મોટો ફટકો એક ઈમરજન્સી સેવાને પડ્યો



હતો. પોતાના નિયત રૂટ પર ગંભીર દર્દીને લઈને ઝડપથી હોસ્પિટલ જઈ રહેલી એક એમ્બ્યુલન્સ આ એસ.ટી. બસના કારણે રસ્તા વચ્ચે જ ફસાઈ ગઈ હતી. ઈમરજન્સી અને અત્યંત સંવેદનશીલ પરિસ્થિતિ હોવાને કારણે એમ્બ્યુલન્સ ચાલક સતત લાઉડ સાયરન વગાડીને આગળ વધવા માટે રસ્તો માગી રહ્યો હતો, જેથી દર્દીને સમયસર સારવાર મળી રહે. પરંતુ ધોધમાર વરસાદ વચ્ચે BRTS નો સાંકડો ટ્રેક હોવાથી અને સામેથી એસ.ટી. બસનો ડ્રાઈવર રોંગ સાઈડમાં અડીંગો જમાવીને બસ ઊભી રાખીને બેસી રહ્યો હોવાથી એમ્બ્યુલન્સને આગળ વધવા માટે સહેજ પણ જગ્યા મળી નહોતી.

સ્થિતિ વધુ ગંભીર ત્યારે બની જ્યારે સામેથી સાયરન વગાડતી એમ્બ્યુલન્સ હોવા છતાં એસ.ટી. બસના ચાલકે માનવતા દાખવીને પોતાની ગાડી પાછળ લેવાની કે રસ્તો આપવાની કોઈ તંદુરસ્ત સજ્જતા દાખવી નહોતી. પરિણામે, મુસળધાર વરસતા વરસાદ અને રસ્તા પર ભરાયેલા પાણી વચ્ચે એમ્બ્યુલન્સ ચાલકે મજબૂરીમાં અને દર્દીનો જીવ બચાવવાના હેતુથી પોતાની ગાડીને દૂર સુધી રિવર્સમાં ચલાવવી પડી હતી. એસ.ટી. બસ ચાલકની આ જિદ્દી અને બેદરકાર નીતિના કારણે એમ્બ્યુલન્સને લાંબો રૂટ લેવો પડ્યો હતો અને દર્દીને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં ભારે વિલંબ થયો હતો, જે દર્દીના જીવ માટે અત્યંત જોખમી સાબિત થઈ શક્યો હોત.

ચોમાસાના આ દિવસોમાં જ્યારે રસ્તાઓ ભીના હોય અને દ્રશ્યતા ઓછી હોય ત્યારે સામાન્ય રીતે પણ રોંગ સાઈડમાં વાહનો ચલાવવું એ કોઈપણ વાહનચાલક માટે ગંભીર અકસ્માત નોતરે તેવું સાબિત થતું હોય છે. તેવામાં જ્યારે જવાબદાર ગણાતી સરકારી એસ.ટી. બસના ડ્રાઈવરે જ વરસાદી કટોકટીની સ્થિતિમાં BRTS જેવા ટ્રેકમાં આવી ગંભીર ભૂલ કરી, ત્યારે ટ્રાફિક શિસ્ત અને સરકારી ડ્રાઈવરોની જવાબદારી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યા બાદ ભેસ્તાન વિસ્તારમાં અને સોશિયલ મીડિયા પર લોકો આ બેદરકાર એસ.ટી. બસ ચાલક સામે કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# ભેસ્તાનમાં રોડ પર ઈંટો ભરેલી ટ્રકના ટાયર ખૂંપી ગયા: ગટરના કામ માટે ખોદકામ બાદ યોગ્ય પૂરાણ ન કરાયું

**સુરત, તા.02**

ધોધમાર વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે ફરી એક વાર સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી પ્રિમોન્સૂન કામગીરી તથા રોડ-રસ્તાના સમારકામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે. સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરના ભેસ્તાન આવાસ સામે આવેલા રોડ પર ઈંટોથી ભરેલી એક ભારેખમ ટ્રક અચાનક જ રોડ બેસી જવાને કારણે ફસાઈ ગઈ હતી. સદનસીબે આ બનાવમાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ ભ્રષ્ટ વહીવટ અને નબળા બાંધકામના લીધે સમગ્ર વિસ્તારમાં લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ભેસ્તાન આવાસ સામેના રસ્તા પરથી આજે સવારે ઈંટો ભરેલી એક ટ્રક પસાર થઈ રહી હતી. આ દરમિયાન, રસ્તાની સપાટી અચાનક ધસી પડી હતી અને જોતજોતામાં ટ્રકના પૈડાં આ રોડની અંદર ખૂંપી ગયા હતા. ટ્રકના પાછળના ટાયર અડધી સુધી અંદર ઘૂસી ગયા હોવાથી ટ્રક આગળ ચાલી શક્યો નહીં અને ફસાયો હતો. મળતી માહિતી મુજબ, મહાનગરપાલિકા દ્વારા ભૂતકાળમાં



ડ્રેનેજ કે ભૂગર્ભ પાઈપલાઈન માટે અહીં ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે, કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું પૂરાણ અને પેચવર્ક માત્ર નામ પૂરતું જ કરવામાં આવ્યું હતું. વરસાદનું પાણી જમીનમાં ઉતરતાની સાથે જ નીચેની માટી બેસી ગઈ હતી અને ઉપરથી રોડ પોલો થઈ જતાં આ ઘટના બની હતી. શહેરમાં ચોમાસું શરૂ થતાંની સાથે જ ઠેર-ઠેર ભુવા પડવાનો અને નવા બનેલા રસ્તાઓ ધોવાઈ જવાનો સિલસિલો યથાવત રહ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે કોન્ટ્રાક્ટરો દ્વારા હલકી ગુણવત્તાનું કામ કરવામાં આવે છે. રોડનું પેચવર્ક યોગ્ય રોલર ફેરવીને કે યોગ્ય તકનીકથી કરવાને બદલે માત્ર ઉપરછલ્લો ડામર-કાંકરી પાથરીને પતાવી દેવામાં આવે છે, જેના કારણે આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ પામે છે.

# ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો! : જસપ્રીત બુમરાહ શ્રીલંકા ટેસ્ટ સિરીઝમાંથી બહાર, ઘૂંટણની ઈજામાંથી સાજા થઈ શક્યા નથી

નવી દિલ્હી, તા.02



ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહ શ્રીલંકા સામે રમાનારી બે મેચની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. શ્રેણીની પ્રથમ મેચ 15 ઓગસ્ટથી ગોલમાં રમાશે.

બુમરાહ ડાબા ઘૂંટણની ઈજામાંથી સાજા થઈ રહ્યા હતા. બેંગલુરુમાં આવેલા BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં તેમનું રિહેબિલિટેશન ચાલી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, બોર્ડની મેડિકલ ટીમે તેમને હાલમાં વાપસી ન કરવાની સલાહ આપી છે. તેમને સંપૂર્ણપણે સ્વસ્થ ન થાય ત્યાં સુધી આરામ કરવા જણાવાયું છે.

જોકે, BCCI તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. બુમરાહ ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. તેઓ શ્રેણીની છેલ્લી વનડેમાં રમી શક્યા ન હતા.

15 સભ્યોની ટીમમાં સામેલ હતા

32 વર્ષીય બુમરાહને મંગળવારે ભારતની 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમનું રમવું ફિટનેસ પર નિર્ભર હતું. PTIના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે બુમરાહ શ્રીલંકા સિરીઝ માટે ફિટ થઈ જશે.

સિરાજ-પ્રસિદ્ધ પણ ટીમમાં સામેલ

શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટીમમાં મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાને પણ સ્થાન મળ્યું છે. બુમરાહની ગેરહાજરીમાં સિરાજના ખભા પર ઝડપી બોલિંગની જવાબદારી રહેશે. ગુરનૂર બરાર પણ ટીમનો ભાગ છે. તેમણે અત્યાર સુધી ટેસ્ટ ડેબ્યૂ કર્યું નથી.

બુમરાહે શ્રીલંકા સામે 2 ટેસ્ટ રમ્યા

બુમરાહે શ્રીલંકા સામે 2 ટેસ્ટ રમ્યા છે, જેમાં 9.00ની સરેરાશ સાથે તેમણે કુલ 10 વિકેટ લીધી છે. એક ઈનિંગ્સમાં 5 વિકેટ હોલ પણ લઈ ચૂક્યા છે. તેમણે શ્રીલંકાની ધરતી પર અત્યાર સુધી કોઈ ટેસ્ટ રમ્યો નથી. બુમરાહે પોતાની ટેસ્ટ કારકિર્દીમાં 234 વિકેટ લીધી છે.

શ્રીલંકા ભારતને 18 વર્ષથી હરાવી શક્યું નથી

ભારત અને શ્રીલંકા વચ્ચે અત્યાર સુધીમાં 17 ટેસ્ટ શ્રેણી રમાઈ છે. તેમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે રહ્યું છે. ભારતે 10 શ્રેણી જીતી છે, જ્યારે શ્રીલંકાને 3માં જીત મળી છે. બંને ટીમો વચ્ચે 4 શ્રેણી ડ્રો રહી છે.

શ્રીલંકા છેલ્લા છ શ્રેણીથી ભારતને હરાવી શક્યું નથી. તેણે ભારત સામે છેલ્લી ટેસ્ટ શ્રેણી જીત 2008માં નોંધાવી હતી, એટલે કે તેને લગભગ 18 વર્ષથી ભારત સામે શ્રેણી જીતની રાહ છે.

કોમનવેલ્થમાં 7 ભારતીય બોક્સરોને ગોલ્ડ, 3 ને સિલ્વર:સોમને પેરા શોટપુટમાં ગોલ્ડ અપાવ્યો; ગુલવીરને 5000 મીટર દોડમાં બ્રોન્ઝ

# તન્વી શર્મા સૌથી નાની ઉંમરની તાઈપે ઓપન ચેમ્પિયન બની : ફાઈનલમાં વિયેતનામની ખેલાડીને હરાવી, 2-0થી મુકાબલો પોતાના નામે કર્યો

નવી દિલ્હી, તા.02



ભારતીય યુવા શટલર તન્વી શર્માએ રવિવારે ઈતિહાસ રચ્યો. 17 વર્ષ 222 દિવસની ઉંમરે તન્વીએ તાઈપે ઓપન સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટનો મહિલા સિંગલ્સ ખિતાબ પોતાના નામે કર્યો. આ સાથે તે આ ટુર્નામેન્ટનો ખિતાબ જીતનારી સૌથી યુવા ખેલાડી બની ગઈ.

આ પહેલા આ રેકોર્ડ તાઈવાનની દિગ્ગજ ખેલાડી તાઈ ત્ઝુ-યિંગના નામે હતો, જેમણે 18 વર્ષ 85 દિવસની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

2-0 થી ફાઈનલ મુકાબલો પોતાના નામે કર્યો

તન્વીએ ફાઈનલ મુકાબલામાં વિયેતનામની છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી થુય લિન્હ ગુયેનને સીધા ગેમમાં 21-16, 21-16 થી હરાવી. આ તન્વીનો પ્રથમ BWF વર્લ્ડ ટૂર ખિતાબ છે.

પંજાબની રહેવાસી તન્વીએ આ મુકાબલો માત્ર 36 મિનિટમાં પોતાના નામે કર્યો. ગયા વર્ષે US ઓપન સુપર 300માં રનરઅપ રહેલી તન્વીએ આ જીત સાથે ઈતિહાસ રચ્યો છે. તે 2008 માં સાયના નેહવાલ પછી તાઈપે ઓપનમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.

શરૂઆતમાં મોટી લીડ બનાવી, પછી મેચ પર નિયંત્રણ રાખ્યું

તન્વીએ પ્રથમ ગેમની શરૂઆત શાનદાર કરી અને 10-2ની લીડ બનાવી લીધી. વચ્ચે તેનાથી કેટલીક ભૂલો થઈ, પરંતુ તેણે વાપસી કરતા પ્રથમ ગેમ 21-16થી જીતી લીધી.

બીજી ગેમમાં થુય લિન્હે 3-0ની લીડ બનાવી, પરંતુ તન્વીએ સતત પોઈન્ટ લઈને સ્કોર 3-3 કરી દીધો. ત્યારબાદ તેણે મેચ પર સંપૂર્ણ પકડ જાળવી રાખી અને 21-16થી ગેમ જીતીને ખિતાબ પોતાના નામે કરી લીધો.

# કોમનવેલ્થમાં 7 ભારતીય બોક્સરોને ગોલ્ડ, 3 ને સિલ્વર : સોમને પેરા શોટપુટમાં ગોલ્ડ અપાવ્યો

નવી દિલ્હી, તા.02

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સરોએ ઈતિહાસ રચ્યો છે. ભારતે પહેલીવાર એક જ ગેમ્સમાં 7 બોક્સિંગ ગોલ્ડ જીત્યા છે.

શનિવારે પ્રીતિ પવાર, જાસ્મિન લાંબોરિયા, સાક્ષી ચૌધરી, પ્રિયા ઘંઘાસ અને અરુંધતિ ચૌધરી મહિલાઓમાં ચેમ્પિયન બની. સચિન સિવાચ અને અંકુશ પંઘાલે પુરુષોમાં ગોલ્ડ જીત્યો. લવલીના બોરગોહેન અને જાદુમણિ અને નરેન્દ્ર બેરવાલને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો.

પેરા એથ્લેટિક્સમાં સોમન રાણાએ પણ ગોલ્ડ જીત્યો. ત્યાં જ, પુરુષોની 5000 મીટર દોડમાં ગુલવીર સિંહે 13:24.95 મિનિટની ટાઈમિંગ સાથે બ્રોન્ઝ જીત્યો. તેઓ 5 હજાર અને 10 હજાર મીટરમાં મેડલ જીતનારા પહેલા ખેલાડી બન્યા.



મેડલ ટેલીમાં ભારત 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ સાથે ચોથા સ્થાને પહોંચી ગયું છે.

1. પંઘાલે ઈંગ્લિશ બોક્સરને 4-1થી હરાવ્યો

અંકુશ પંઘાલે પુરુષોના 80 કિલોગ્રામ ભાર વર્ગની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડના બોક્સર ડિમેજી શિટ્ટુને 4-1 થી હરાવ્યો. અંકુશે ફાઈનલની શરૂઆતથી જ પોતાનો દબદબો બનાવ્યો અને અંતમાં જીત પોતાના નામે કરી.

2. સચિન સિવાચના છેલ્લા પંચથી સોનું આવ્યું

સચિન સિવાચે પુરુષોના 60 કિલોગ્રામ ભાર વર્ગના ફાઈનલમાં નામિબિયાના બોક્સર ટ્રાઈગેન મોર્નિંગ નડેવેલોને 3-2 થી હરાવ્યો.

બીજા રાઉન્ડમાં રેફરીએ સચિન પર એક અંકની પેનલ્ટી લગાવી હતી. એવામાં છેલ્લા રાઉન્ડમાં તેમનું 4-1 થી જીતવું જરૂરી થઈ ગયું હતું. છેલ્લો રાઉન્ડ પણ બરાબરી પર હતો, પરંતુ સચિને ક્ષણોમાં દમદાર પંચ લગાવ્યો, જેનાથી નડેવેલો લથડાઈ ગયા. આ જ પંચે સચિનની જીત નક્કી કરી દીધી.

3. અરુંધતી ચૌધરીને પણ ગોલ્ડ મેડલ

અરુંધતી ચૌધરીએ 70kgમાં ઈંગ્લેન્ડની કેન્થલે રીડને 5-0થી હરાવી. અંતિમ રાઉન્ડના શરૂઆતના 30 સેકન્ડમાં રેફરીએ બંને બોક્સરને રમતની ગતિ વધારવા કહ્યું.

# કોમનવેલ્થ ગેમ્સનો છેલ્લો દિવસ : જુડોમાં યશ-અવતાર હાર્યા, સાયક્લિંગમાં પણ ભારતને ઝટકો; ટ્રેક સાયક્લિંગમાં લિશા અને રોનાલ્ડો ઉતરશે

નવી દિલ્હી, તા.02

કોમનવેલ્થ ગેમ્સ 2026ના છેલ્લા દિવસે ભારતને જુડોમાં આંચકો લાગ્યો. યશ-અવતાર સિંહ હારીને મેડલની રેસમાંથી બહાર થઈ ગયા. સાયક્લિંગમાં પણ ભારતને નિરાશા મળી. હવે ટ્રેક સાયક્લિંગમાં લિશા દાસ અને રોનાલ્ડો સિંહ લૈતોંજામ પાસેથી મેડલની આશા છે. ભારત અત્યાર સુધીમાં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત 39 મેડલ જીતીને મેડલ ટેલીમાં ચોથા સ્થાને છે.

જુડોમાં યશ-અવતાર હાર્યા

જુડોના મેન્સ +100 કિગ્રા વર્ગના રાઉન્ડ ઓફ-16 મુકાબલામાં ભારતીય ખેલાડી યશ ઘંઘાસને વેલ્સના જોશુઆ



વ્હાઈટહાઉસ સામે હારનો સામનો કરવો પડ્યો. મુકાબલા દરમિયાન વ્હાઈટહાઉસે વચ્ચે જ નિર્ણાયક યુકો મેળવીને લીડ બનાવી. ત્યારબાદ તેણે આખા મુકાબલામાં લીડ જાળવી રાખીને યશને વાપસીનો મોકો આપ્યો નહીં અને આગલા રાઉન્ડમાં સ્થાન બનાવી લીધું. યશ ઘંઘાસ બહાર થાય તે પહેલાં ભારતના અવતાર સિંહ પણ સ્પર્ધામાંથી બહાર થઈ ચૂક્યો છે. હવે જુડોમાં ભારતની મેડલની આશાઓ ફક્ત ઈશરૂપ નારંગ પર ટકેલી છે, જેમણે મહિલાઓના 78 કિગ્રા વર્ગના ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવીને મેડલની દોડ જાળવી રાખી છે.

સાયક્લિંગમાં ભારતને ઝટકો

સાયક્લિંગની મેન્સ 40 કિમી પોઈન્ટ્સ રેસમાં ભારતનું અભિયાન નિરાશાજનક રહ્યું. ભારતીય સાયક્લિસ્ટ દિનેશ કુમાર હીટ-2માં 4 પોઈન્ટ સાથે 11મા સ્થાને રહ્યા અને ફાઈનલ માટે ક્વોલિફાય કરી શક્યા નહીં. આ પહેલા ભારતના હર્ષવીર સિંહ સેખોં પણ રેસ પૂરી કરી શક્યા નહીં. સાયક્લિંગની મેન્સ 40 કિમી પોઈન્ટ્સ રેસમાં ભારતનું અભિયાન નિરાશાજનક રહ્યું. ભારતીય સાયક્લિસ્ટ દિનેશ કુમાર હીટ-2માં 4 પોઈન્ટ સાથે 11મા સ્થાને રહ્યા અને ફાઈનલ માટે ક્વોલિફાય કરી શક્યા નહીં. આ પહેલા ભારતના હર્ષવીર સિંહ સેખોં પણ રેસ પૂરી કરી શક્યા નહીં.

રોનાલ્ડો સિંહ પાસેથી મેડલની અપેક્ષા

ટ્રેક સાયક્લિંગમાં ભારતના સ્ટાર સાયક્લિસ્ટ રોનાલ્ડો સિંહ લૈતોંજામ મેન્સ 1000 મીટર ટાઈમ ટ્રાયલ ફાઈનલમાં ઉતરશે. આ સીધી મેડલ ઈવેન્ટ હશે.

લિશા દાસ પણ મેડલ રેસમાં

પેરા સાયક્લિંગમાં લિશા દાસ વુમન્સ C4-C5 1000 મીટર ટાઈમ ટ્રાયલ ફાઈનલમાં ભાગ લેશે. આ પણ સીધી મેડલ ઈવેન્ટ છે.

# PM મોદીને ગાળો આપવા પર ભૂમિ પેડનેકર નારાજ થઈ : કહ્યું- આપણી સંસ્કૃતિ નથી

મુંબઈ, તા.02

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ઉપયોગમાં લેવાયેલી અપમાનજનક ભાષા પર એક્ટ્રેસ ભૂમિ પેડનેકરે સખત વાંધો ઉઠાવ્યો છે. ભૂમિએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કરીને કહ્યું કે દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલા વ્યક્તિ વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ બિલકુલ ખોટો છે.

NEET પેપર લીક વિવાદને લઈને ચાલી રહેલા આ પ્રદર્શનમાં સૂત્રોચ્ચારનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ભૂમિ પેડનેકર, અભિનેતા મુકેશ ખન્ના અને સાંસદ કંગના રનૌત સહિત અનેક મોટી હસ્તીઓની પ્રતિક્રિયા સામે આવી છે.

આપણી સંસ્કૃતિ નથી, યુવાનોને સંયમ રાખવાની જરૂર છે



ભૂમિ પેડનેકરે પોતાના વીડિયો સંદેશમાં કહ્યું કે શિક્ષણ અને વ્યવસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓ પર સવાલ ઉઠાવવાનો હક બધાને છે, પરંતુ પોતાની વાત રજૂ કરવાની રીત સાચી હોવી જોઈએ. તેમણે કહ્યું, 'સોશિયલ મીડિયા પર સામે આવી રહેલા વીડિયોમાં જે પ્રકારની ભાષાનો ઉપયોગ આપણા દેશના યુવાનો કરી રહ્યા છે, તે ખૂબ જ ચિંતાજનક છે. આપણે આપણા દેશના સૌથી ઊંચા પદ પર બેઠેલા વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છીએ. શું આપણે આપણા ઘરના વડીલો સાથે ક્યારેય આ રીતે વાત કરીએ છીએ?'

ભૂમિએ જનરલ-ઝેડ (Gen Z) ને દેશની સંસ્કૃતિ અને સંવાદની પરંપરાનું સન્માન કરવા અપીલ કરી.

મુકેશ ખન્નાએ પ્રદર્શનકારીઓને 'કોકરોચ' ગણાવ્યા

એક્ટર મુકેશ ખન્નાએ પણ આ મુદ્દે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને પ્રદર્શનકારીઓ પર આકરો હુમલો કર્યો હતો. તેમણે પ્રદર્શનનું સમર્થન કરનારાઓને 'કોકરોચ' ગણાવીને દેશમાંથી બહાર ફેંકી દેવાની વાત કરી હતી. મુકેશ ખન્નાએ આરોપ લગાવ્યો હતો કે આ પ્રદર્શન અસલી વિદ્યાર્થીઓનું નથી, પરંતુ સરકારને અસ્થિર કરવાના એજન્ડા હેઠળ વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

તેમણે વિદ્યાર્થીઓને ચેતવણી આપતા કહ્યું કે આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવાથી ભવિષ્યમાં નોકરી અને વિઝા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે, તેથી તેઓ સમયસર તેનાથી દૂર રહે.

NEET પેપર લીકથી શરૂ થયેલો વિવાદ

આખો મામલો NEET-UG 2026 પરીક્ષાના પેપર લીક થવાની ઘટના બાદ શરૂ થયો. તેના વિરોધમાં વિદ્યાર્થીઓ અને રાજકીય સંગઠનોએ પ્રદર્શનો શરૂ કર્યા હતા.

# આસામમાં પૂર પીડિતો વચ્ચે પહોંચ્યા રણદીપ હુડ્ડા : લંગરમાં વિસ્થાપિત લોકોને ભોજન કરાવ્યું

મુંબઈ, તા.02

બોલિવૂડ એક્ટર રણદીપ હુડ્ડાએ શનિવારે આસામના શિવસાગરમાં ગ્લોબલ શીખ્સ દ્વારા આયોજિત પૂર રાહત વિતરણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે પૂર પીડિતોને રાશન અને અન્ય જરૂરી સામાનનું વિતરણ કર્યું હતું.



રણદીપ હુડ્ડાએ શિવસાગરમાં ગુરુદ્વારા સાહિબમાં માથું ટેકવ્યું અને પૂર પ્રભાવિત આસામના લોકોની ભલાઈ માટે પ્રાર્થના કરી. તેમણે રાહત કાર્યમાં પણ ભાગ લીધો હતો.

લંગર સેવામાં પૂર પીડિતોને ભોજન પીરસતા રણદીપ હુડ્ડા.

લંગર સેવા દરમિયાન રણદીપ હુડ્ડાએ ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા જણાવ્યું કે શિવસાગર રેલવે સ્ટેશન પર આસપાસના વિસ્તારોમાંથી પ્રભાવિત પરિવારો પહોંચ્યા છે. તેમણે જણાવ્યું કે છેલ્લા સાત દિવસથી દરરોજ ભોજન તૈયાર કરીને લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે તેઓ ઘણા વર્ષોથી ગ્લોબલ શીખ્સ સાથે જોડાયેલા છે.

રણદીપ હુડ્ડાએ લોકોને અપીલ કરી કે તેઓ સીધા રાહત કાર્યોમાં ભાગ લઈને, પ્રાર્થના કરીને અથવા રાહત સંગઠનોને આર્થિક સહાય આપીને જરૂરિયાતમંદોની મદદ કરે.

ગુરુદ્વારામાં લોકોની સલામતી માટે દુઆ કરતા રણદીપ હુડ્ડા.

આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ (એએસડીએમએ) ના રિપોર્ટ અનુસાર, રાજ્યમાં અત્યાર સુધી પૂરના કારણે 82 લોકોના મોત થયા છે.

રણદીપ હુડ્ડા ઉપરાંત આસામમાં આવેલા વિનાશકારી પૂરના પીડિતોની સહાયતા માટે કાર્તિક આર્યન અને સલમાન ખાન જેવા બોલિવૂડ સેલેબ્સ પણ મદદ માટે આગળ આવ્યા છે. સલમાન ખાને પોતાની ચેરિટેબલ સંસ્થા 'બીઈંગ હ્યુમન' દ્વારા પૂર પ્રભાવિત વિસ્તારોમાં અનેક સ્તરના રાહત અભિયાન શરૂ કર્યા હતા. મિડ ડે અનુસાર, બીઈંગ હ્યુમને આસામમાં જમીની સ્તરે કામ કરવા માટે તેના સ્થાનિક ફેન ક્લબ સાથે ભાગીદારી કરી હતી. અભિયાનના પ્રથમ તબક્કામાં, પૂરગ્રસ્ત વિસ્તારોમાં તૈયાર ભોજનના પેકેટ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. કાર્તિક આર્યને આસામના મુખ્યમંત્રી રાહત ફંડ (CM Relief Fund) માં 1 કરોડ રૂપિયાની રકમ આપી હતી. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર આ સમયે કરવામાં આવેલી આ મોટી મદદ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કંગનાને પૂર્વ પ્રેમીનું માઠું લાગ્યું! : હૃતિક રોશનની પોસ્ટ પર ખીજાઈ ગઈ, કહ્યું- 'ગર્લફ્રેન્ડને શરમાવાનું ને આગમાં ઘી હોમવાનું કામ બંધ કર'

મુંબઈ, તા.02

કંગના રનૌતે હૃતિક રોશનને તેમના નામનો ઉપયોગ કરીને તેમને ટ્રોલ કરનારાઓની ટીકા કરવા અપીલ કરી અને કહ્યું કે આગમાં ઘી નાખવાનું ટાળવું જોઈએ. તાજેતરમાં સોશિયલ મીડિયા પર 'ધ વર્લ્ડ ઓઝ એન અપૉલોજી ટુ હૃતિક રોશન (દુનિયાએ હૃતિક રોશનની માફી માંગવી જોઈએ.)' ટ્રેન્ડ સામે આવ્યો. આ ટ્રેન્ડ તે નિવેદન પછી ચર્ચામાં આવ્યો, જેમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) ના પ્રવક્તા સૌરભ દાસે બરખા દત્ત સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, 'મારા મિત્રો પણ મને મેસેજ કરી રહ્યા હતા કે હવે તે તારી પાછળ કેમ પડી છે? તેમાંથી એકે કહ્યું કે હું



થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું.' આ ટ્રેન્ડ વચ્ચે ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કંગના રનૌતને ટ્રોલ કરી. એક પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા હૃતિક રોશને કહ્યું હતું,

મારા મિત્ર, માત્ર એટલા માટે કોઈ 'A' નો પક્ષ લેવો કારણ કે હવે તમે 'B' ને પસંદ નથી કરતા, તે આપણા સમાજને નુકસાન પહોંચાડતી એક મોટી પ્રણાલીગત સમસ્યાનો એક નાનો ભાગ છે. હું ત્યાં સુધી રાહ જોઈશ, જ્યાં સુધી તેની પાછળનો સંદર્ભ સાચો ન હોય અને તે તથ્યોથી પ્રેરિત ન હોય. તે સાચું હશે, પરંતુ ફરીથી, હવે કોને પરવા છે, ખરું ને? કંગના રનૌતે હૃતિક રોશન પર નિશાન સાધ્યુંહૃતિકના આ રિએક્શન બાદ કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, 'પ્રિય હૃતિક, મને ખુશી છે કે તમને તમારો પરફેક્ટ પાર્ટનર મળી ગયો છે. સબા આઝાદ સાથે તમારી જોડી ખૂબ સારી લાગે છે અને તમે બંને એક સિરિયસ રિલેશનશિપમાં છો.'કંગનાએ આગળ કહ્યું કે આવા સમયે કોઈ મહિલાને આ રીતે ચીડવવી કે તેની મજાક ઉડાવવી તમને શોભતું નથી. તેના બદલે, તમારે તે લોકોની નિંદા કરવી જોઈએ,

# 'રાત્રે હોટેલના રૂમમાં એકલા આવો...': તારક મહેતા ફેમ એક્ટ્રેસ સાથે કાસ્ટિંગ કાઉચનો ચોંકાવનારો અનુભવ!

મુંબઈ, તા.02

મનોરંજન જગતની ઝગમગાટ પાછળ એક કાળો ચહેરો પણ છુપાયેલો છે, જેને અવારનવાર 'કાસ્ટિંગ કાઉચ' તરીકે ઓળખવામાં આવે છે. ટીવી ઈન્ડસ્ટ્રીના સુપરહિટ કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં મહત્ત્વની ભૂમિકા ભજવી ચૂકેલી જાણીતી અભિનેત્રી સિમ્પલ કૌલે પોતાના કરિયરના શરૂઆતના દિવસોનો એક અત્યંત ચોંકાવનારો અને ડરામણો અનુભવ શેર કર્યો છે. સિમ્પલ કૌલે ખુલાસો કર્યો છે કે કેવી રીતે એક જાણીતા પ્રોડ્યુસરે તેને કામ આપવાના બહાને રૂમમાં એકલી બોલાવી હતી અને તેની સાથે ગેરવર્તણૂક કરવાનો પ્રયાસ કર્યો હતો.

સિમ્પલ કૌલે એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના સંઘર્ષના દિવસોને યાદ કરતા જણાવ્યું કે, જ્યારે તે આ ગ્લેમર વર્લ્ડમાં નવી હતી અને કામની શોધમાં હતી, ત્યારે તેને એક ઓડિશન માટે બોલાવવામાં આવી હતી. ત્યાં હાજર એક પ્રભાવશાળી વ્યક્તિએ તેને લાલચ આપતા ડાયરેક્ટ રૂમની અંદર એકલી મળવા માટે કહ્યું હતું. સિમ્પલે જણાવ્યું, 'ત્યાં જે પ્રકારે વાતચીત થઈ રહી હતી અને જે રીતે મને જોવામાં આવી



રહી હતી, તેનાથી હું ખૂબ જ અસહજ થઈ ગઈ હતી. મને તરત જ અહેસાસ થઈ ગયો હતો કે અહીં કંઈક ખોટું થઈ રહ્યું છે અને આ વ્યક્તિના ઈરાદા સારા નથી.'

સિમ્પલના જણાવ્યા અનુસાર, તે સમયે ડરવાને બદલે તેણે હિંમતથી કામ લીધું હતું. સામેની વ્યક્તિના ખોટા ઈરાદાઓ ઓળખીને તેણે ત્યાંથી તરત જ નીકળી જવાનો નિર્ણય કર્યો હતો. સિમ્પલે ઉમેર્યું,

'મેં કોઈપણ સમાધાન કરવાનો ઈનકાર કરી દીધો અને હું તરત જ તે રૂમમાંથી બહાર નીકળી ગઈ. તે દિવસ મારા માટે ખૂબ જ ચોંકાવનારો હતો, પરંતુ મેં નક્કી કરી લીધું હતું કે હું ખોટા રસ્તે જઈને ક્યારેય કામ મેળવીશ નહીં.'

સિમ્પલ કૌલ ટીવી જગતનો એક જાણીતો ચહેરો છે. તેણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સિવાય 'શરારત' અને 'કુત્તે ફેલે' જેવા લોકપ્રિય શોમાં પોતાની એક્ટિંગનો જાદુ વિખેર્યો છે. હાલના દિવસોમાં તે અભિનેત્રી હોવાની સાથે એક સફળ બિઝનેસવુમન પણ છે અને મુંબઈમાં તેની રેસ્ટોરન્ટ્સ પણ ચલાવે છે. ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચને લઈને અવારનવાર અભિનેત્રીઓ અવાજ ઉઠાવતી રહે છે, પરંતુ સિમ્પલ કૌલ જેવી સ્થાપિત અભિનેત્રીના આ તાજેતરના ખુલાસાએ સોશિયલ મીડિયા પર ફરી એકવાર સનસનાટી મચાવી દીધી છે અને ફેન્સ તેની આ હિંમતની પ્રશંસા કરી રહ્યા છે.

# ભારતીય શેરબજારમાં 4 મહિના પછી વિદેશી રોકાણકારો પરત ફર્યા : જુલાઈમાં ₹20,200 કરોડની ખરીદી કરી; વધુ સારા વેલ્યુએશન અને કોર્પોરેટ કમાણીથી બદલાયું વાતાવરણ

**મુંબઈ, તા.02**

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ જુલાઈમાં ભારતીય શેરબજારમાં જોરદાર વાપસી કરતા ઈક્વિટીમાં આશરે 20,200 કરોડનું નેટ રોકાણ કર્યું છે. આ સાથે જ છેલ્લા 4 મહિનાથી સતત ચાલુ વેચવાલીનો સિલસિલો અટકી ગયો છે. આકર્ષક વેલ્યુએશન, કોર્પોરેટ કમાણીમાં સુધારો અને વૈશ્વિક દબાણ ઓછું થવાથી ઘરેલુ શેરોમાં વિદેશી મૂડીનો પ્રવાહ ફરી શરૂ થયો છે.

**4 મહિનાની વેચવાલી પર લાગી બ્રેક: જૂનમાં ઉપાડ્યા હતા 49,340 કરોડ**

જુલાઈમાં થયેલું આ રોકાણ બજાર માટે એક મોટો ટર્નઅરાઉન્ડ છે. આ પહેલા સતત 4 મહિના સુધી વિદેશી રોકાણકારોએ ભારતીય શેરોમાં ભારે વેચવાલી કરી હતી.

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડ (CDSL) ના આંકડા મુજબ, FPIs એ:

માર્ચ: 1.17 લાખ કરોડની ભારે વેચવાલી કરી હતી.

એપ્રિલ: 60,847 કરોડ કાઢ્યા હતા.

મે: 32,963 કરોડ ઉપાડ્યા હતા.

જૂન: 49,340 કરોડ શેરબજારમાંથી બહાર કાઢ્યા હતા.

**2026 માં અત્યાર સુધીમાં કુલ 2.54 લાખ કરોડની ઉપાડ: 2025 નો રેકોર્ડ તૂટ્યો**

જુલાઈની તાજી ખરીદીથી બજારને ચોક્કસ રાહત મળી છે, પરંતુ તેનાથી લાંબા સમયથી ચાલી રહેલા વેચાણનું નુકસાન સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી.

વર્ષ 2026 માં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટી બજારમાંથી કુલ 2.54 લાખ કરોડની નેટ ઉપાડ કરી ચૂક્યા છે. આ આંકડો આખા વર્ષ 2025 દરમિયાન થયેલી 1.66 લાખ કરોડની કુલ ઉપાડ કરતાં પણ વધુ છે.

બજાર નિષ્ણાતોનું માનવું છે કે ભારતની તુલનાત્મક સ્થિરતા, લાર્જ-કેપ શેરોમાં વાજબી વેલ્યુએશન અને કોર્પોરેટ અર્નિંગ્સમાં સુધારાના સંકેતોએ વિદેશી રોકાણકારોમાં ભારતનું આકર્ષણ ફરીથી વધાર્યું છે.

**નિષ્ણાતનો મત: 'સાઉથ કોરિયા અને તાઈવાનમાં અસ્થિરતાનો ફાયદો ભારતને મળ્યો'**



જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારે જણાવ્યું હતું કે, દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા બજારોમાં વધેલી અનિશ્ચિતતા અને 'ચિપ ટ્રેડ' માં વધુ એકાગ્રતાના જોખમોએ વિદેશી રોકાણકારોને ભારત જેવા પ્રમાણમાં સ્થિર બજારો તરફ વળવા પ્રેરિત કર્યા છે.

વિજયકુમારના મતે, ભારતીય રૂપિયાની મજબૂતી અને સ્થિરતાની સાથે, ભારતના લાર્જ-કેપ સેગમેન્ટમાં વાજબી વેલ્યુએશને વિદેશી મૂડીની વાપસીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

**IT શેરોમાં તેજી: સારા ત્રિમાસિક પરિણામોએ AIની ચિંતાઓ દૂર કરી**

ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ 'ટ્રેક' (Trackk) ના કો-ફાઉન્ડર અને CEO વેદાંત ગુપ્તેના મતે, જૂન ક્વાર્ટરના પરિણામોએ ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં પ્રારંભિક રિકવરીના સંકેતો આપ્યા છે, જેનાથી રોકાણકારોનો વિશ્વાસ મજબૂત થયો છે.

ખાસ કરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) શેરોમાં મજબૂત રી-રેટિંગ જોવા મળ્યું. અપેક્ષા કરતાં સારા ત્રિમાસિક પરિણામોએ IT ઉદ્યોગના લાંબા ગાળાના વૃદ્ધિના દૃષ્ટિકોણ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની સંભવિત અસર અંગેની ચિંતાઓને શાંત કરવામાં મદદ કરી છે.

આ ઉપરાંત, ગ્લોબલ મેક્રો-ઈકોનોમિક પરિસ્થિતિઓ પણ ઉભરતા બજારો માટે મદદરૂપ સાબિત થઈ રહી છે. ગુપ્તે જણાવ્યું હતું કે યુએસ ડોલર પર દબાણ ઘટવાથી અને યુએસ વ્યાજ દરો તેમના પીકની નજીક પહોંચવાની અપેક્ષાઓએ ભારત જેવા બજારો માટે રોકાણનું વાતાવરણ સુધાર્યું છે.

**ડેટ માર્કેટમાં પણ વધ્યો વિશ્વાસ: જુલાઈમાં આવ્યા 32,245 કરોડ**

વિદેશી રોકાણકારોનો આ નવો ટ્રેન્ડ માત્ર શેરબજાર પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ ડેટ માર્કેટમાં પણ તેમની ખરીદી જોવા મળી.

જનરલ રૂટ: FPIs એ જુલાઈમાં જનરલ રૂટ દ્વારા ભારતીય ડેટ સિક્યોરિટીઝમાં 29,212 કરોડનું રોકાણ કર્યું.

ફુલ્લી એક્સેસિબલ રૂટ (FAR): આના દ્વારા ડેટ માર્કેટમાં 3,033 કરોડનું વધારાનું રોકાણ આવ્યું.

બંને રૂટને ભેગા કરીને જુલાઈમાં ડેટ માર્કેટમાં કુલ 32,245 કરોડનું વિદેશી રોકાણ નોંધાયું.

**આગળ શું: ક્રૂડ ઓઈલના ભાવ, અમેરિકા-ઈરાન તણાવ અને RBI પોલિસી પર નજર**

વિદેશી રોકાણકારોની આ ખરીદી આગળ પણ ચાલુ રહેશે કે નહીં, તે ગ્લોબલ જોખમી પરિબળો અને સ્થાનિક બજારના ઘટનાક્રમોના તાલમેલ પર નિર્ભર કરશે.

# જુલાઈમાં UPIનો નવો રેકોર્ડ, 2366 કરોડ ટ્રાન્ઝેક્શન થયા : કુલ ₹29.88 લાખ કરોડના મૂલ્યનું ટ્રાન્ઝેક્શન થયું

**નવી દિલ્હી, તા.02**

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)એ જુલાઈ 2026માં 2,366 કરોડ ટ્રાન્ઝેક્શન સાથે અત્યાર સુધીનો સૌથી વધુ માસિક વોલ્યુમ નોંધાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન કુલ 29.88 લાખ કરોડનું લેણદેણ થયું. જૂનની સરખામણીમાં જુલાઈમાં ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 4.1% અને વેલ્યુમાં 3.3% નો વધારો નોંધાયો છે.

કેશફ્રી પેમેન્ટ્સના કો-ફાઉન્ડર રીજુ દત્તાએ આ વૃદ્ધિ પર જણાવ્યું કે જુલાઈમાં એવી કોઈ પરિસ્થિતિઓ નહોતી, જેનો અર્થ છે કે આ વૃદ્ધિ કોઈ મોસમી કે માળખાકીય ઘટનાને બદલે સંપૂર્ણપણે ઓર્ગેનિક અને રોજિંદા ટ્રાન્ઝેક્શન બિહેવિયરને કારણે થઈ રહી છે.

**વાર્ષિક ધોરણે વોલ્યુમમાં 22% નો મોટો ઉછાળો**

જો ગયા વર્ષના આ જ સમયગાળા (જુલાઈ 2025) સાથે સરખામણી કરીએ, તો UPI ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 22% નો જોરદાર ઉછાળો આવ્યો છે. તેમજ, ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં પણ વાર્ષિક ધોરણે 19% નો વધારો જોવા મળ્યો છે.



**નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં UPI રોજિંદા જીવનનો ભાગ બન્યું**

પેનિયરબાયના સ્થાપક, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ આનંદ કુમાર બજાજે જણાવ્યું હતું કે સૌથી મોટો બદલાવ મેટ્રો શહેરોથી આગળ થઈ રહ્યો છે. ટિયર 2, ટિયર 3 અને ગ્રામીણ બજારોમાં UPI ક્યારેક-ક્યારેક ઉપયોગમાં લેવાતા વિકલ્પમાંથી રોજિંદા વ્યવહારોનો ભાગ બની રહ્યું છે.

ગ્રાહકો સ્થાનિક ખરીદી, રિચાર્જ, બિલ પેમેન્ટ અને મની ટ્રાન્સફર માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે. તેને વધતી ઓળખ, વ્યાપક સ્વીકૃતિ અને સમુદાયમાં વિશ્વસનીય મદદનો ટેકો મળી રહ્યો છે.

**IMPSમાં 3% નો વધારો, દૈનિક ટ્રાન્ઝેક્શન વેલ્યુ 22,958 કરોડ પહોંચી**

ઈમીડિએટ પેમેન્ટ સર્વિસ (IMPS) નું ટ્રાન્ઝેક્શન વોલ્યુમ જુલાઈમાં 3% વધીને 364 મિલિયન (36.4 કરોડ) પર પહોંચી ગયું, જે જૂનમાં 354 મિલિયન અને મેમાં 358 મિલિયન હતું. મૂલ્યની દ્રષ્ટિએ આ 7.12 ટ્રિલિયન રહ્યું, જેમાં જૂન (6.77 ટ્રિલિયન) અને મે (6.96 ટ્રિલિયન) ની સરખામણીમાં 5% થી વધુનો વધારો થયો.

દૈનિક સરેરાશ મૂલ્ય: IMPS હેઠળ જુલાઈમાં સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શન મૂલ્ય વધીને 22,958 કરોડ થઈ ગયું, જે જૂનમાં 22,551 કરોડ હતું.

દૈનિક સરેરાશ વોલ્યુમ: જોકે, દૈનિક ટ્રાન્ઝેક્શન વોલ્યુમ 11.75 મિલિયન રહ્યું, જે જૂનના 11.8 મિલિયનથી નજીવું ઓછું છે.

વાર્ષિક સરખામણી: ગયા વર્ષના જુલાઈની સરખામણીમાં IMPS ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 24% નો ઘટાડો થયો, પરંતુ મૂલ્ય 13% વધી ગયું.

**ફાસ્ટેગમાં ઘટાડો: જુલાઈમાં વોલ્યુમ 4% ઘટ્યું**

ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શનમાં જુલાઈ મહિના દરમિયાન થોડી સુસ્તી જોવા મળી.

વોલ્યુમ અને વેલ્યુ: જુલાઈમાં FASTag વોલ્યુમ 4% ઘટીને 347 મિલિયન (34.7 કરોડ) રહ્યું, જે જૂનમાં 362 મિલિયન અને મેમાં 375 મિલિયન હતું.

# સેવિંગ ખાતા પર મળવા લાગશે 3 ગણું વ્યાજ! : બસ બેંકમાં જઈને કહી દો આ વાત, દરેક ગ્રાહકને મળે છે એક ખાસ સર્વિસ

**મુંબઈ, તા.02**

જો તમે બેંકમાં સેવિંગ એકાઉન્ટ ખોલાવો છો, તો બેંક કર્મચારી તમને બચત ખાતા પર મળતા વ્યાજ સહિત ATM, ડેબિટ કાર્ડ સંબંધિત તમામ માહિતી પણ આપે છે. સામાન્ય રીતે ખાતામાં જમા રકમ પર ખૂબ ઓછું વ્યાજ મળે છે, પરંતુ એક ખાસ સર્વિસ છે, જે ખાતું ખોલાવનાર દરેક ગ્રાહકને મળે છે, પરંતુ તેમને તેના વિશે ઓછી જાણ હોય છે અથવા તો જાણ જ હોતી નથી.

આ છે બેંક ઓટો સ્વીપ સર્વિસ, જે તમારા ખાતામાં જમા રકમ પર મળતા વ્યાજને ત્રણ ગણું વધારી શકે છે અને બેંક FDની જેમ વધુ વ્યાજ મળી શકે છે. આ માટે તમારે વધુ કંઈ કરવાનું નથી, ફક્ત બેંકમાં જઈને આ સુવિધાને સક્ષમ કરવા માટે કહેવાનું છે. ચાલો સમજીએ કે આ કેવી રીતે કામ કરે છે?

**શું છે ઓટો સ્વીપ સર્વિસ?**

બેંક ઓટો સ્વીપ સર્વિસ એક એવી સુવિધા છે, જે ગ્રાહકોને સરપ્લસ ફંડ પર વધુ વ્યાજ મેળવવામાં મદદરૂપ થાય છે. તમારા ખાતામાં તેને એનેબલ કરાવ્યા પછી, તમારા સેવિંગ એકાઉન્ટમાં જમા રકમ એક નિશ્ચિત મર્યાદાથી વધુ હોય અથવા સરપ્લસ ફંડ હોય તેવી સ્થિતિમાં આપમેળે ફિક્સ્ડ ડિપોઝિટ એટલે કે FD માં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે અને તે પૈસા પર વ્યાજ પણ બેંક FD વ્યાજ દર મુજબ જ મળવા લાગે છે.




**ઓટો સ્વીપથી કેવી રીતે ફાયદો થાય છે?**

દરેક બેંક દ્વારા ખોલવામાં આવેલા ખાતાઓ પર આ વધુ વ્યાજ અપાવતી ઓટો સ્વીપ સર્વિસ આપવામાં આવે છે. સરળ ભાષામાં સમજીએ તો, જો તમે તમારી બેંકમાં જઈને એકાઉન્ટ પર ઓટો સ્વીપ સર્વિસ એનેબલ કરાવી છે, તો તમારા સેવિંગ અથવા કરંટ એકાઉન્ટમાં જમા રકમ પર એક સ્વીપ લિમિટ સેટ કરી દેવામાં આવે છે. જેવી તમારી બેંક ડિપોઝિટ આ લિમિટથી ઉપર જાય છે, તો ઓટો સ્વીપ સર્વિસ આપમેળે એક્ટિવ થઈ જાય છે અને જે પણ પૈસા લિમિટથી ઉપર હોય છે, તે બેંક FD માં જતા રહે છે અને વધુ વ્યાજ મળવા લાગે છે.

તેને એક ઉદાહરણ દ્વારા સરળ ભાષામાં સમજીએ તો, જો તમારા સેવિંગ એકાઉન્ટમાં 30,000 રૂપિયાની ઓટો સ્વીપ લિમિટ સેટ કરવામાં આવી છે અને ખાતામાં તમે 1,00,000 રૂપિયા ડિપોઝિટ કર્યા છે. તો પછી ઓટો સ્વીપ સર્વિસ હેઠળ લિમિટથી ઉપરની 70,000 રૂપિયાની વધારાની રકમ FD માં કન્વર્ટ થઈ જશે અને આ રકમ પર તે બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ પર મળી રહેલા વ્યાજના હિસાબે વ્યાજ આપવામાં આવશે. જ્યારે 30,000 રૂપિયા પર સેવિંગ એકાઉન્ટ પર નક્કી વ્યાજ મળતું રહેશે.

**FDમાં રકમ ટ્રાન્સફર કરવાની ઝંઝટમાંથી છુટકારો**

બેંક ઓટો સ્વીપ સર્વિસમાં બેંક FD ની જેમ વ્યાજનો ફાયદો મળવાથી ગ્રાહકો વધુને વધુ સેવિંગ કરવા માટે પ્રેરિત થાય છે. તેનાથી લોકોની નિયમિત સેવિંગમાં પણ વધારો થતો જાય છે. આ ઉપરાંત આ સુવિધા દ્વારા તમે તમારા ખર્ચાઓને પણ ટ્રેક કરી શકો છો અને બજેટ પણ સેટ કરી શકો છો. ઓટો સ્વીપ સર્વિસમાં તમને મેન્યુઅલી FD માં રકમ ટ્રાન્સફર કરવાની ઝંઝટમાંથી છુટકારો મળી જાય છે, કારણ કે આ એક ઓટોમેટિક પ્રોસેસ છે.

**સેવિંગ ખાતા પર ત્રણ ગણા વ્યાજનો લાભ**

સામાન્ય રીતે જોઈએ તો, બેંક ખાતામાં બચત પર મોટાભાગની બેંકો સરેરાશ 2.5 ટકાની આસપાસ વ્યાજ આપે છે. અલગ-અલગ બેંકોમાં આ વ્યાજ દર અલગ-અલગ હોઈ શકે છે. જ્યારે બેંક FD વ્યાજ દર જોઈએ તો, મોટાભાગની બેંકોમાં સામાન્ય ગ્રાહકો માટે વ્યાજ દર સરેરાશ 6.5 થી 7 ટકા સુધી હોય છે.

# રોટરી ડિસ્ટ્રીક્ટ 3055 દ્વારા આયોજીત શાબાશિયાં એવોર્ડ્સ ફંક્શનમાં રોટરી ક્લબ આદર્શ અમદાવાદ ને 18 પ્રતિષ્ઠિત એવોર્ડ્સ એનાયત

**અમદાવાદ તા.02**

તાજેતરમાં રોટરી ડિસ્ટ્રિક્ટ 3055ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. નિગમ ચૌધરી દ્વારા રાજસ્થાનના આબુ રોડ સ્થિત હોટેલ અમરતારા ખાતે આયોજિત ડિસ્ટ્રિક્ટ ગવર્નર ગ્રેટિટ્યુડ એન્ડ એવોર્ડ્સ સમારોહ 'શાબાશિયાં'માં રોટરી ક્લબ આદર્શ અમદાવાદે શાનદાર સિદ્ધિ હાંસલ કરતાં વિવિધ શ્રેણીઓમાં 18 પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પોતાના નામે કર્યા.

ક્લબને વર્ષ 2025-26 દરમિયાન હાથ ધરાયેલા અનુકરણીય સમાજસેવા કાર્યો, અર્થપૂર્ણ 'અતુલ્ય' પ્રોજેક્ટ્સ, સર્જનાત્મક ક્લબ પ્રવૃત્તિઓ અને રોટરીના મૂલ્યોને અનુરૂપ સેવાકીય કામગીરી બદલ આ સન્માનો એનાયત કરવામાં આવ્યા.



આ પ્રસંગે ક્લબના વર્ષ 2025-26ના પ્રમુખ રો. રચના દવેને 30થી ઓછી સભ્ય સંખ્યા ધરાવતા ક્લબોની શ્રેણીમાં 'શ્રેષ્ઠ પ્રમુખ' તરીકે સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો. આ સન્માન તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ, સમર્પણ અને સમગ્ર વર્ષ દરમિયાન કરેલી ઉત્કૃષ્ટ કામગીરીની નોંધરૂપ છે.

આ તમામ એવોર્ડ્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. નિગમ ચૌધરી તથા ફર્સ્ટ લેડી શ્રીમતી રો. પ્રજ્ઞા ચૌધરીના હસ્તે ક્લબના પ્રમુખ રો. રચના દવે અને ક્લબ સેક્રેટરી રો. સુભોજિત સેન (વર્ષ 2025-26)એ સ્વીકાર્યા. આ પ્રસંગે ક્લબના અધિકારીઓ રો. મનન શાહ અને રો. અભિષેક દવે પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું કે આ તમામ સન્માન માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ રોટરી ક્લબ આદર્શ અમદાવાદના દરેક સભ્યના સમર્પણ, મહેનત, ટીમવર્ક અને સેવાભાવનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે.

આ એવોર્ડ્સ એ વાતનો જીવંત પુરાવો છે કે વર્ષ 2025-26 દરમિયાન *'અતુલ્ય' વર્ષની સમગ્ર કામગીરી રોટરીના આદર્શો, નૈતિક મૂલ્યો અને 'સર્વિસ અબવ સેલ્ફ' (સ્વથી ઉપર સેવા)*ના મંત્રને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન ક્લબે આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ સંરક્ષણ, સમાજ વિકાસ અને માનવતાવાદી સેવાઓ સહિતના અનેક પ્રભાવશાળી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા, જેના કારણે હજારો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું.

આ સન્માન પ્રાપ્ત કર્યા બાદ પ્રમુખ રો. રચના દવેએ જણાવ્યું, 'આ તમામ એવોર્ડ્સ અમારા ક્લબના દરેક સભ્યને સમર્પિત છે. સૌના સહકાર, સેવાભાવ અને નિષ્ઠાના કારણે જ અમે આ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છીએ. આ સન્માન અમને ભવિષ્યમાં પણ સમાજ માટે વધુ અસરકારક અને અર્થપૂર્ણ સેવા કરવા પ્રેરણા આપશે.'

ક્લબ સેક્રેટરી રો. સુભોજિત સેનએ જણાવ્યું, 'અમારા વર્ષ દરમિયાન હાથ ધરાયેલા દરેક પ્રોજેક્ટમાં રોટરીની સાચી ભાવના ઝળકી હતી. આ સન્માનો એ સાબિત કરે છે કે નિઃસ્વાર્થ સેવા, પારદર્શક નેતૃત્વ અને ટીમવર્ક હંમેશા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. અમે આ સિદ્ધિ દરેક સભ્ય, સ્વયંસેવક, પ્રોજેક્ટ ભાગીદાર અને શુભેચ્છકોને સમર્પિત કરીએ છીએ.'

આ ભવ્ય સિદ્ધિ સાથે રોટરી ક્લબ આદર્શ અમદાવાદે ફરી એકવાર રોટરી ડિસ્ટ્રિક્ટ 3055માં સેવા, નેતૃત્વ અને સામાજિક પ્રતિબદ્ધતાના ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. ક્લબ સતત રોટરીના ફેલોશિપ, ઈન્ટિગ્રિટી, વિવિધતા અને નિઃસ્વાર્થ સેવા જેવા મૂલ્યોને જીવંત રાખી સમાજમાં 'સ્થાયી અને સકારાત્મક અસર' સર્જવા માટે કાર્યરત છે.

# પાકિસ્તાનમાં પેટ્રોલ 35 પૈસા સસ્તું, ડીઝલ 5.71 રૂપિયા મોંઘું: પેટ્રોલ 315.80 અને ડીઝલ 360.06 રૂપિયા પ્રતિ લિટર મળી રહ્યું છે

**ઈસ્લામાબાદ, તા.02**

પાકિસ્તાન સરકારે દેશમાં ઈંધણના ભાવ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા પેટ્રોલની કિંમતમાં પ્રતિ લિટર 35 પૈસાનો સાધારણ ઘટાડો કર્યો છે, પરંતુ તેની સામે હાઈ-સ્પીડ ડીઝલ (HSD) ના ભાવમાં પ્રતિ લિટર રૂ. 5.71 નો મોટો વધારો ઝીંકી દીધો છે. પાકિસ્તાન સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આ નવા દરો 21 જુલાઈથી સમગ્ર દેશમાં અમલી બનાવી દેવામાં આવ્યા છે. આ ભાવ ફેરફાર બાદ હવે પાકિસ્તાની બજારમાં પેટ્રોલનો નવો ભાવ પ્રતિ લિટર 315.80 પાકિસ્તાની રૂપિયા થઈ ગયો છે, જ્યારે હાઈ-સ્પીડ ડીઝલની કિંમત વધીને પ્રતિ લિટર 360.06 પાકિસ્તાની રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે.




ભારત અને પાકિસ્તાનમાં ઈંધણના ભાવોની સરખામણી કરવામાં આવે તો બંને દેશો વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. હાલમાં ભારતમાં પેટ્રોલનો સરેરાશ ભાવ રૂ. 102.12 પ્રતિ લિટર અને ડીઝલનો ભાવ રૂ. 95.20 પ્રતિ લિટર છે. તેની સામે પાકિસ્તાનમાં પેટ્રોલનો ભાવ 315.80 પાકિસ્તાની રૂપિયા છે, જે ભારતીય ચલણ મુજબ ગણતરી કરીએ તો લગભગ રૂ. 109.33 પ્રતિ લિટર થાય છે. તેવી જ રીતે પાકિસ્તાનમાં ડીઝલનો ભાવ 360.06 પાકિસ્તાની રૂપિયા છે, જે ભારતીય રૂપિયામાં આશરે રૂ. 124.66 પ્રતિ લિટર જેટલો થાય છે. અહીં નોંધનીય છે કે ભારતીય ચલણની સરખામણીમાં પાકિસ્તાની રૂપિયો ઘણો નબળો છે અને હાલમાં 1 ભારતીય રૂપિયો એ 2.89 પાકિસ્તાની રૂપિયા મૂલ્ય ધરાવે છે.

જોકે, આજના આ વધારા છતાં પાકિસ્તાનમાં ઈંધણની વર્તમાન કિંમતો ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં નોંધાયેલી તેની સર્વકાલીન ઉચ્ચતમ સપાટી (ઓલ ટાઈમ હાઈ) કરતાં હજુ પણ ઘણી નીચે છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં એટલે કે 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાયા બાદ પાકિસ્તાનમાં ડીઝલના ભાવ રૂ. 281 પ્રતિ લિટરથી વધવાના શરૂ થયા હતા અને 3 એપ્રિલે તે વધીને રૂ. 520.35 ના ઓલ ટાઈમ હાઈ લેવલે પહોંચી ગયા હતા. આ જ રીતે માર્ચના પ્રથમ સપ્તાહમાં પેટ્રોલનો ભાવ રૂ. 266 પ્રતિ લિટર હતો, જે 3 એપ્રિલે ભડકે બળીને રૂ. 458.41 પ્રતિ લિટરના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવી રહેલા તીવ્ર ઉતાર-ચઢાવ અને અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સરકારે નીતિગત સ્તરે એક મોટો ફેરફાર પણ કર્યો છે. દેશના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે જાહેરાત કરી છે કે હવેથી દેશમાં ઈંધણના ભાવ અઠવાડિયાના બદલે દૈનિક ધોરણે એટલે કે રોજ નક્કી કરવામાં આવશે. જોકે, સરકારના આ દૈનિક ભાવ નક્કી કરવાના નિર્ણય સામે વિરોધના સૂર પણ ઉઠ્યા છે. ઓલ પાકિસ્તાન ડીલર્સ એસોસિએશને આ નવી વ્યવસ્થાને સંપૂર્ણપણે ફગાવી દઈને તેનો સખત વિરોધ દર્શાવ્યો છે અને આ નિર્ણયના વિરોધમાં ચાલુ અઠવાડિયે જ દેશવ્યાપી આંદોલન કે પ્રદર્શન કરવાની ચીમકી આપી છે. ઈંધણના ભાવમાં થતા આ ફેરફારોની સીધી અસર દેશના સામાન્ય નાગરિકો અને અર્થતંત્ર પર પડી રહી છે. ખાસ કરીને પેટ્રોલની કિંમતો વધવા કે ઘટવાથી દેશના મધ્યમ અને નિમ્ન-મધ્યમ વર્ગ પર સીધી અસર થાય છે, કારણ કે તેનો ઉપયોગ ટુ-વ્હીલર્સ, ઓટો રિક્ષા અને નાની કાર જેવા અંગત વાહનોમાં થાય છે. બીજી તરફ, ડીઝલ મોંઘું થવાથી સમગ્ર દેશમાં મોંઘવારીનો મોટો વિસ્ફોટ થવાનો ખતરો રહે છે, કારણ કે માલસામાનની હેરફેર કરતા ભારે કોમર્શિયલ વાહનો, ટ્રકો, બસો, પાવર પ્લાન્ટ્સ અને મોટા ઔદ્યોગિક જનરેટરોમાં મુખ્યત્વે ડીઝલનો જ ઉપયોગ થાય છે. પાકિસ્તાનમાં દર મહિને આશરે 7 થી 8 લાખ ટન જેટલું પેટ્રોલ અને ડીઝલ વપરાય છે, જેની સરખામણીમાં કેરોસીનની માસિક માંગ માત્ર 10 હજાર ટન જ છે. આટલા મોટા વપરાશને કારણે જ પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ લગાવીને આવક ઉભી કરવી એ પાકિસ્તાન સરકાર માટે કમાણીનો સૌથી મોટો સ્ત્રોત બની રહ્યો છે.

# ટોપ-10 માંથી 9-કંપનીઓનું માર્કેટ-કેપ ₹2.51 લાખ કરોડ વધ્યું : બજાજ ફાઈનાન્સમાં સૌથી વધુ તેજી, ફક્ત HULને નુકસાન

**નવી દિલ્હી, તા.02**

ગયા અઠવાડિયે ભારતીય શેરબજારની શાનદાર રિકવરીને કારણે દેશની ટોચની 10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 9ના માર્કેટ કેપિટલાઈઝેશન (માર્કેટ કેપ)માં કુલ 2,50,961.42 કરોડ રૂપિયા (લગભગ 2.51 લાખ કરોડ રૂપિયા)નો જબરદસ્ત વધારો નોંધાયો. ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ, સુધરેલા વૈશ્વિક સેન્ટિમેન્ટ અને પ્રથમ ક્વાર્ટર (Q1 FY27)ના મજબૂત પરિણામોને કારણે રોકાણકારોના વિશ્વાસને મજબૂતી મળી છે.

બજારની આ તેજીમાં બજાજ ફાઈનાન્સ સૌથી મોટો ગેનર બનીને ઉભરી આવ્યું, જેના માર્કેટ કેપમાં એકલા 80,000 કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો. જ્યારે બીજી તરફ, ટોચની 10ની યાદીમાં હિન્દુસ્તાન યુનિલિવર (HUL) એકમાત્ર એવી કંપની રહી જેના વેલ્યુએશનમાં ઘટાડો નોંધાયો.

**1. બજાજ ફાઈનાન્સ ટોપ ગેનર રહ્યું: માર્કેટ કેપમાં 80,345 કરોડનો ઉછાળો**

અગ્રણી ફાઈનાન્સિયલ સર્વિસિસ કંપની બજાજ ફાઈનાન્સ ટોચની 10 કંપનીઓમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી કંપની રહી. ગયા અઠવાડિયે કંપનીનું માર્કેટ કેપ 80,345.97 કરોડ રૂપિયા વધીને 7,10,817.51 કરોડ રૂપિયા પર પહોંચી ગયું.




નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટર (જૂન ક્વાર્ટર) માં કંપનીના એકીકૃત ચોખ્ખા નફા (Consolidated PAT) માં વાર્ષિક ધોરણે 28% નો વધારો નોંધાયો. ત્રિમાસિક પરિણામોની આ જાહેરાત પછી શુક્રવારે કંપનીના શેર 8% થી વધુના ઉછાળા સાથે બંધ થયા.

**2. ભારતી એરટેલ, TCS અને રિલાયન્સમાં પણ જોરદાર ખરીદી**

વેલ્યુએશનમાં વધારાના મામલે ભારતી એરટેલ બીજા સ્થાને રહી. ભારતી એરટેલનું માર્કેટ કેપ 44,959.50 કરોડ રૂપિયા વધીને 12,30,005.63 કરોડ રૂપિયા થયું. જ્યારે, IT ક્ષેત્રની દિગ્ગજ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) નું માર્કેટ કેપ 40,414.03 કરોડ રૂપિયા વધીને 8,55,894.78 કરોડ રૂપિયા નોંધાયું. દેશની સૌથી વેલ્યુએબલ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પણ તેના માર્કેટ કેપમાં 39,447.35 કરોડ રૂપિયા ઉમેર્યા, જેનાથી તેનું કુલ વેલ્યુએશન 17,69,108.79 કરોડ રૂપિયા પર પહોંચી ગયું.

**3. L&T, SBI, HDFC બેંક અને LICના વેલ્યુએશનમાં સુધારો**

અન્ય મુખ્ય કંપનીઓના પ્રદર્શન પર નજર કરીએ તો:

લાર્સન એન્ડ ટુબ્રો (L&T): માર્કેટ કેપ 21,096.80 કરોડ રૂપિયા વધીને 5,41,844.69 કરોડ રૂપિયા પહોંચ્યો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI): વેલ્યુએશન 10,845.97 કરોડ રૂપિયા વધીને 9,47,799.81 કરોડ રૂપિયા રહ્યું.

એચડીએફસી બેંક (HDFC Bank): વેલ્યુએશનમાં 8,164.73 કરોડ રૂપિયાનો વધારો થયો અને તે 11,52,150.63 કરોડ રૂપિયા પર બંધ થયું.

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (LIC): માર્કેટ કેપમાં 4,427.49 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો.

આઈસીઆઈસીઆઈ બેંક (ICICI Bank): કંપનીના માર્કેટ કેપમાં 1,660.37 કરોડ રૂપિયાનો વધારો થયો.

**4. હિન્દુસ્તાન યુનિલિવરને નુકસાન: 10,326 કરોડ ઘટ્યું માર્કેટ કેપ**

અઠવાડિયા દરમિયાન ટોપ 10 કંપનીઓમાં હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) એકમાત્ર એવી કંપની રહી, જેના માર્કેટ કેપમાં ઘટાડો થયો. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન 10,326.46 કરોડ રૂપિયા ઘટીને 4,93,602.13 કરોડ રૂપિયા રહ્યું.

# કોબા-ભાટમાં 14,000 વૃક્ષોનું વાવેતર : સફાઈકર્મીઓ સહિતના લાભાર્થીઓને 2.55 લાખથી વધુની સહાય અર્પણ

## ગાંધીનગર મનપાના 62મા સ્થાપના દિને CMની ઉપસ્થિતિમાં વિકાસોત્સવ

**ગાંધીનગર, તા.02**

ગાંધીનગર મહાનગરપાલિકાના 62મા સ્થાપના દિવસની આજે 2 ઓગસ્ટે કોબા તળાવ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ખાસ ઉપસ્થિત CM ભૂપેન્દ્ર પટેલે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનો સંદેશ પાઠવ્યો આવ્યો હતો. આજના આ ખાસ દિવસે કોબા - ભાટ ખાતે કુલ 14,000 વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સફાઈકર્મીઓ સહિતના લાભાર્થીઓને 2.55 લાખથી વધુની સહાય અર્પણ કરાઈ હતી.

કેચ ધ રેઈન પ્રોજેક્ટ, રિચાર્જ ક્ષમતા પ્રતિ મિનિટ 20 લિટરની





આજના કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના હેતુથી તૈયાર કરાયેલા કેચ ધ રેઈન પ્રોજેક્ટની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ વિશિષ્ટ સિસ્ટમમાં એકત્ર થતું વરસાદી પાણી લીફ ટ્રેપ સ્ક્રીન, ફિલ્ટર સેન્ડ અને ચારકોલમાંથી પસાર થઈ પ્રાથમિક રીતે શુદ્ધ થયા બાદ વી-વાયર સ્ક્રીન અને બોરવેલ મારફતે જમીનમાં ઉતરે છે. આ સિસ્ટમની અંદાજિત રિચાર્જ ક્ષમતા પ્રતિ મિનિટ 15થી 20 લિટરની છે.

સફાઈકર્મીઓને પ્રોત્સાહનરૂપે રૂ. 10 હજારના ચેક એનાયત

જેના નિરીક્ષણ બાદ મુખ્યમંત્રીના હસ્તે મહાનગરપાલિકાના 5 શ્રેષ્ઠ સફાઈકર્મીઓને પ્રોત્સાહનરૂપે રૂ. 10,000 ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પીએમ સ્વનિધિ યોજના હેઠળ 8 નાના વ્યવસાયકારોને કુલ રૂ. 2,55,000ની લોન સહાય, આયુષ્માન ભારત કાર્ડ તેમજ શહેરની શાળાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

100 ક્ષયરોગના દર્દીઓને વિશેષ પોષણ કિટ અપાઈ

આજે સ્થાપના દિવસ નિમિત્તે સમગ્ર શહેરમાં અન્ય લાભાર્થીઓને પણ સહાય પહોંચાડવામાં આવી હતી. જ્યારે આઈસીડીએસ યોજના અંતર્ગત 1500 જેટલી માતાઓને પોષણ કિટ તથા પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન હેઠળ જુદા-જુદા પીએચસી સેન્ટરો ખાતે 100 જેટલા ક્ષયરોગના દર્દીઓને વિશેષ પોષણ કિટ અપાઈ હતી.

સુખડીનું વિતરણ કરીને મોં મીઠું કરાવાયા

આ શુભ અવસરે મહાનગરપાલિકા દ્વારા ઉપસ્થિત સૌ નગરજનો માટે સુખડીનું વિતરણ કરીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.આ ઉજવણી પ્રસંગે મેયર ,મ્યુનિસિપલ કમિશનર જે. એસ. પ્રજાપતિ, શહેર પ્રમુખ આશિષભાઈ દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# PM મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશના યુવાનોને સંબોધ્યા, રાજપાલે કહ્યું-દેશસેવાનું વ્યસન અપનાવવું જોઈએ

**અમદાવાદ, તા.02**

દેશને વિકાસના નવા શિખરો પર લઈ જવા સાથે યુવાધનને વ્યસનમુક્ત કરવાના સ્પષ્ટ સંકલ્પ સાથે સમગ્ર દેશમાં નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી સમગ્ર દેશના યુવાનોને સંબોધિત કરીને આ દેશવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો.



આ અભિયાનના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે Gen-Z Against Addiction-નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન શીર્ષક હેઠળ રાજ્યકક્ષાના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાજ્યકક્ષાના સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. યુવાનના પ્રશ્નનો જવાબ આપતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, જે વ્યસને મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ભગતસિંહ જેવા મહાપુરુષોને અમર કર્યા છે તેવું દેશસેવાનું વ્યસન યુવાનોએ અપનાવવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે આ દેશવ્યાપી મહાઅભિયાનમાં ગુજરાત સહિત 26 રાજ્યોના રાજ્યપાલ તેમજ 11 રાજ્યોના મુખ્યમંત્રીઓ એકસાથે સહભાગી બન્યા હતા.

'રાષ્ટ્રહિતનો, જળસંચય, પર્યાવરણ જતનનો એક નશો હોવો જોઈએ'

સંવાદ સત્ર દરમિયાન એક યુવાનના પ્રશ્નનો જવાબ આપતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રની સૌથી મોટી સંપત્તિ તેની યુવા પેઢી છે. વડાપ્રધાનના નશા મુક્ત વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોનું સંસ્કારી અને વ્યસનમુક્ત હોવું અનિવાર્ય છે. તેમણે યુવાનોને પ્રેરણા આપતા કહ્યું કે, આપણને પણ એક નશો હોવો જોઈએ, પરંતુ એ નશો જળસંચય, પર્યાવરણ જતન, વડીલોના સત્કાર અને રાષ્ટ્રહિતનો હોવો જોઈએ.

# ફિક્સ પગાર કેસની વહેલી સુનાવણી માટે ઈ-મેઈલ અભિયાન

## ભૂતપૂર્વ અને વર્તમાન કર્મચારીઓએ ઈમેઈલ કરી 14 વર્ષથી પેન્ડીંગ કેસની અંતિમ સુનાવણી હાથ ધરવા માગ કરી

**અમદાવાદ, તા.02**

ગુજરાત સરકારના વર્તમાન અને ભૂતપૂર્વ ફિક્સ પગાર કર્મચારીઓના હજારો લોકોએ આજે સુપ્રીમ કોર્ટમાં લગભગ 14 વર્ષથી પેન્ડિંગ કેસની વહેલી અંતિમ સુનાવણીની માંગ સાથે ઈ-મેઈલ અભિયાન હાથ ધર્યું હતું. કર્મચારીઓએ SLP (Civil) Nos. 14124-14125 of 2012 કેસની સુનાવણી વહેલી તકે હાથ ધરવા માટે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. કર્મચારીઓના જણાવ્યા મુજબ, આ કેસ લાંબા સમયથી પેન્ડિંગ છે ત્યારે તાજેતરમાં લાંબા સમયથી પડતર કેસોની સુનાવણી માટે વિશેષ બેન્ચોની રચના કરવામાં આવી છે. આ સંદર્ભમાં તેમના કેસની પણ વહેલી અંતિમ સુનાવણી થાય તેવી આશા સાથે ઈ-મેઈલ મારફતે રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ, આ કેસ લાંબા સમયથી પેન્ડિંગ છે



ત્યારે તાજેતરમાં લાંબા સમયથી પડતર કેસોની સુનાવણી માટે વિશેષ બેન્ચોની રચના કરવામાં આવી છે. આ સંદર્ભમાં તેમના કેસની પણ વહેલી અંતિમ સુનાવણી થાય તેવી આશા સાથે ઈ-મેઈલ મારફતે રજૂઆત કરવામાં આવી છે.

'કેસના નિર્ણયને પ્રભાવિત કરવાનો હેતુ નથી'

કર્મચારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ ઈ-મેઈલ અભિયાનનો હેતુ કેસના પરિણામને પ્રભાવિત કરવાનો કે ન્યાયિક પ્રક્રિયા પર કોઈ દબાણ લાવવાનો નથી. માત્ર વર્ષોથી પેન્ડિંગ રહેલા કેસની વહેલી અંતિમ સુનાવણી થાય તેવી વિનંતી કરવામાં આવી છે. સાથે જ ન્યાયતંત્ર અને સુપ્રીમ કોર્ટ પ્રત્યે સંપૂર્ણ આસ્થા વ્યક્ત કરવામાં આવી છે.કર્મચારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ ઈ-મેઈલ અભિયાનનો હેતુ કેસના પરિણામને પ્રભાવિત કરવાનો કે ન્યાયિક પ્રક્રિયા પર કોઈ દબાણ લાવવાનો નથી. માત્ર વર્ષોથી પેન્ડિંગ રહેલા કેસની વહેલી અંતિમ સુનાવણી થાય તેવી વિનંતી કરવામાં આવી છે. સાથે જ ન્યાયતંત્ર અને સુપ્રીમ કોર્ટ પ્રત્યે સંપૂર્ણ આસ્થા વ્યક્ત કરવામાં આવી છે.

સ્વૈચ્છિક અને શાંતિપૂર્ણ રીતે અભિયાન

આ અભિયાન સંપૂર્ણપણે સ્વૈચ્છિક, શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે યોજાયું હોવાનું કર્મચારીઓએ જણાવ્યું છે. ઈ-મેઈલ ડ્રાફ્ટ, પોસ્ટર અને જાગૃતિ માટેની સામગ્રી તૈયાર કરવામાં AIનો માત્ર સહાયક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરેક કર્મચારીએ પોતાની રીતે અને સ્વતંત્ર રીતે ઈ-મેઈલ મોકલ્યો હતો. કર્મચારીઓનું કહેવું છે કે વર્ષોથી કેસ પેન્ડિંગ હોવાને કારણે સંબંધિત કર્મચારીઓમાં અનિશ્ચિતતા યથાવત છે. તેથી હવે કેસની વહેલી સુનાવણી થઈ શકે તેવી આશા સાથે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન સંપૂર્ણપણે સ્વૈચ્છિક, શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે યોજાયું હોવાનું કર્મચારીઓએ જણાવ્યું છે. ઈ-મેઈલ ડ્રાફ્ટ, પોસ્ટર અને જાગૃતિ માટેની સામગ્રી તૈયાર કરવામાં AIનો માત્ર સહાયક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરેક કર્મચારીએ પોતાની રીતે અને સ્વતંત્ર રીતે ઈ-મેઈલ મોકલ્યો હતો. કર્મચારીઓનું કહેવું છે કે વર્ષોથી કેસ પેન્ડિંગ હોવાને કારણે સંબંધિત કર્મચારીઓમાં અનિશ્ચિતતા યથાવત છે. તેથી હવે કેસની વહેલી સુનાવણી થઈ શકે તેવી આશા સાથે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# કલોલ-છત્રાલ હાઈવે પર રિક્ષા ગેંગનો તરખાટ : નજર ચૂકવી મહિલાના 2.10 લાખના દાગીના સેરવી ફરાર

**ગાંધીનગર, તા.02**

કલોલના છત્રાલ કડી રોડ પર પશુ પાલક મહિલાને વિશ્વાસમાં લઈ CNG રિક્ષામાં બેસાડી તેમના થેલામાંથી 2.10 લાખની કિંમતના સોનાના દાગીના સેરવી લઈ રિક્ષા ગેંગ ફરાર થઈ જવાની વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે કલોલ તાલુકા પોલીસે રિક્ષા ચાલક સહિત ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાસરીમાં જવા પુત્ર સાથે રિક્ષામાં બેઠા હતા

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના સેંદરડીમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા આશાબેન રબારી પોતાના પિયર ભોયણ ગામથી સાસરી જવા નીકળ્યા હતા. તેઓ ભોયણથી ખાનગી વાહનમાં છત્રાલ ચોકડી પહોંચ્યા હતા. ત્યાંથી કડી જવા માટે પોતાના 10 વર્ષના પુત્ર સાથે CNG રિક્ષામાં બેઠા હતા.

ધનોટ ગામ પાસે મહિલાને ઉતારી રિક્ષા ચાલક જતો રહ્યો

આ સમયે રિક્ષામાં ડ્રાઈવર સિવાય પાછળની સીટ પર અન્ય બે શખસ પણ હતા. રિક્ષામાં મુસાફરી દરમિયાન પાછળ બેસેલા બંને શખસ ડ્રાઈવર સાથે




મિત્રતાની વાતો કરી રહ્યા હતા. દરમિયાન રિક્ષા ચાલકે છત્રાલથી કડી રોડ પર ધાનોટ ગામની સીમમાં ધરતી એપોલો કંપનીના ગેટ આગળ રિક્ષા ઊભી રાખી બહાનું બતાવ્યું હતું કે, પાછળ બેઠેલા બંને મિત્રોને નજીકની કંપનીમાં ઉતારીને હમણાં જ પાછો આવું છું. બાદમાં મહિલા અને તેના પુત્રને નીચે ઉતારી દઈ રિક્ષા ધાનોટ ગામ તરફ ભાગી ગયા હતા.

થેલામાં ચેક કર્યું તો દાગીના ગાયબ હતા

જો કે મહિલાએ લાંબો સમય રાહ જોયા છતાં રિક્ષા ચાલક પરત ન આવતા તેઓ અન્ય પેસેન્જર વાહનમાં કડી પહોંચ્યા હતા. ઘરે પહોંચીને મહિલાએ કપડાનો થેલો તિજોરીમાં મૂકી દીધો હતો. ત્યારબાદ દાગીનાની જરૂરિયાત ઊભી થતાં થેલો ચેક કરતા અંદર મૂકેલું સોનાના દાગીના વાળું પાકીટ ગાયબ હતું. જેમાં 1.25 લાખની કિંમતની સવા તોલાની પેન્ડલવાળી ચેન, 25 હજારની કિંમતની સોનાની વીંટી, 50 હજારની કિંમતની સોનાની બુટ્ટી અને 10 હજારની કિંમતની ચુની તથા વાળો મળી 2.10 લાખના દાગીના હતા. આ અંગે આશાબેને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

